# પ્રારંભિક શિક્ષણમાં ડિપ્લોમા
# (ડી.એલ.એડ.)

## અભ્યાસ- ૫૦૬
## સમાવેશક શિક્ષણ સંદર્ભે બાળકોને સમજવાં

### વિભાગ- ૪
### બાળિકા અને બાળ અધિકારો


**રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલયી શિક્ષા સંસ્થાન**

એ- ૨૪-૨૫, ઈન્સ્ટિટ્યૂશનલ એરિયા, સેક્ટર- ૬૨, નોઈડા

ગૌતમબુદ્ધ નગર, યુપી- ૨૦૧૩૦૯

વેબસાઈટ: www.nios.ac.in

# વિભાગ-૪
# બાલિકા અને બાળ અધિકારો

**વિભાગનાં એકમ**

**યુનિટ ૧૧ :** શિક્ષણમાં લિંગસંબંધી સમસ્યાઓ

**યુનિટ ૧૨ :** કન્યાઓનું સશક્તીકરણ

**યુનિટ ૧૩ :** વિશેષ જરૂરિયાતમંદ બાળકોનું શિક્ષણ **(CWSN)**

# વિષયવસ્તુ


| ક્રમ | યુનિટ | પેજ નં. |
|---|---|---|
| યુનિટ ૧૧ : | શિક્ષણમાં લિંગસંબંધી સમસ્યાઓ | ૧ થી ૩૨ |
| યુનિટ ૧૨ : | કન્યાઓનું સશક્તીકરણ | ૩૩ થી ૫૧ |
| યુનિટ ૧૩ : | વિશેષ જરૂરિયાતમંદ બાળકોનું શિક્ષણ (CWSN) | ૫૨ થી ૭૨ |

નોંધ

# એકમ- ૧૧ શિક્ષણમાં લિંગસંબંધી સમસ્યાઓ

**અનુક્રમ**


૧૧.૦પ્રસ્તાવના

૧૧.૧ અધ્યયન હેતુઓ

૧૧.૨ લિંગની સંકલ્પના

- ૧૧.૨.૧ જાતિ અને લિંગ વચ્ચેનો તફાવત
- ૧૧.૨.૨ વ્યક્તિની જીવશાસ્ત્રીય તથા લિંગલક્ષી લાક્ષણિકતાઓ
- ૧૧.૨.૩ લિંગ એકમ સામાજિક - સાંસ્કૃતિક ઘટક

૧૧.૩લૈંગિક ભેદભાવ

- ૧૧.૩.૧ ભેદભાવનો તથા લૈંગિક ભેદભાવનો અર્થ
- ૧૧.૩.૨ લિંગભેદના સ્વરૂપો અને સ્રોતો
- ૧૧.૩.૩ લિંગભેદનાં કારણો
- ૧૧.૩.૪ લિંગભેદનાં મૂળિયાં તથા તેનો ઈતિહાસ

૧૧.૪લિંગાનુવર્તી દરજ્જાનાં નિર્દેશકો

- ૧૧.૪.૧ જાતિનોગુણોત્તર
- ૧૧.૪.૨ શિક્ષણ
- ૧૧.૪.૩ આરોગ્ય
- ૧૧.૪.૪ કાર્યકરોમાં સહભાગિતા
- ૧૧.૪.૫ અત્યાચારો અને ગુનાઓ
- ૧૧.૪.૬ લિંગલક્ષી ભેદભાવની પેલે પાર
- ૧૧.૪.૭ વર્ગખંડોમાં લિંગભેદ
- ૧૧૪.૮ લિંગ સાનુકૂલ સમાજના સર્જનમાં શિક્ષકોની ભૂમિકા

૧૧.૫ઉપસંહાર

૧૧.૬ 'તમારી પ્રગતિ ચકાસો- ના જવાબો

૧૧.૭પ્રોજેક્ટ કાર્ય અને પ્રશ્નો

૧૧.૮સંદર્ભસૂચિ

૧૧.૯સ્વાધ્યાય

નોંધ

## ૧૧.૦ પ્રસ્તાવના

વિવિધ પ્રકારના લાભોથી વંચિતોના સમૂહો તેમજ તેમની સમસ્યાઓ અંગે તમે આગળનાં પ્રકરણોમાં ભણી ગયા છો. વંચિતોનું અન્ય એક જૂથ -જે શિક્ષકોના ધ્યાનમાં આવવું જોઈએ તે - છે કન્યાઓ તેમજ મહિલાઓનું. કન્યાઓ તેમજ મહિલાઓને અત્યંત સામાજિક પ્રતિકૂળતાઓનો સામનો કરવો પડે છે. કારણ માત્ર એટલું જ કે તે સ્ત્રી છે. યોગ્ય દિશામાં વિચાર કરનારાઓ માટે આ એક બહુ મોટી ચિંતાનો વિષય છે. મોટા પાયે જોઈએ તો પ્રત્યેક સમાજ, રાષ્ટ્ર તથા વિશ્વને માટે પણ આ જ પરિસ્થિતિ છે. જે પ્રતિકૂળતાઓનો સામનો સ્ત્રીઓ કરે છે તે ઘણી બધી રીતે વ્યથાપૂર્ણ છે. એટલે એ બાબતનો વિચાર અલગ રીતે જ કરવો ઘટે. આ સમસ્યાને હાથ પર લેવાનું એટલા માટે મહત્ત્વનું છે કે તેનાથી આપણાં કુટુંબ, સમાજ તથા રાષ્ટ્ર વધુ સારાં, માનવીય તેમજ ન્યાયસંગત બની શકે. આ એકમમાં આપણે સ્ત્રી અને પુરુષ વચ્ચેની અસમાનતા, તેનાં કારણો તથા તેનાં સ્વરૂપો વિશે અભ્યાસ કરીશું. આપણે સ્ત્રીઓ તેમજ પુરુષો માટે વધુ સમાન તથા ન્યાયપૂર્ણ સમાજના સર્જન માટેનાં વિવિધ પગલાંની પણ ચર્ચા કરીશું. આપણે ચર્ચા કરીશું શાળાઓની તેમજ શિક્ષકોની ભૂમિકાની કે જ્યાં તેઓ પુરુષ તેમજ સ્ત્રીને સમાન સન્માન મળે, વિકાસ માટે સમાન તક મળે તેથી બહેતર દુનિયાના સર્જનમાં મદદરૂપ થઈ શકે.

## ૧૧.૧ અધ્યયન હેતુઓ

આ એકમના અભ્યાસ પછી તમે સમજી શકશો

- જાતિ અને લિંગ વચ્ચેનો ભેદ
- જીવશાસ્ત્રીય લાક્ષણિકતાઓ તથા લિંગ સંબંધી લાક્ષણિકતાઓનાં ઉદાહરણો
- જાતિ સંબંધી કે લિંગ સંબંધી વિધાનોનું વર્ગીકરણ
- છોકરાઓ તથા છોકરીઓની સામાજિક તથા સાંસ્કૃતિક મુખ્ય મુખ્ય લાક્ષણિકતાઓ
- લિંગભેદનો અર્થ તેમજ તેનાં કારણોની સમજૂતી
- આપણા સમાજમાં પ્રવર્તમાન લિંગભેદનાં ઉદાહરણો/દલીલો/હકીકતોની પ્રસ્તુતિ
- લિંગ-સમ્યક સમાજના સર્જનમાં શિક્ષકોની ભૂમિકાની સ્પષ્ટતા

## ૧૧.૨ લિંગની સંકલ્પના

### ૧૧.૨.૧ જાતિ અને લિંગ વચ્ચેનો ભેદ

તમે 'લિંગ' શબ્દ સાંભળ્યો છે. લોકો તે શબ્દ 'જાતિ ' ના અર્થમાં વાપરે છે. હકીકતમાં આ બંને શબ્દોમાં ઘણો અર્થ ભેદ છે. તમે કોઈ ફૉર્મ ભરતા હો તો તમને તમારી જાતિ પૂછવામાં આવે છે. તમે તેમાં 'સ્ત્રી' કે 'પુરુષ' એમ લખો છો. એનો અર્થ એવો થયો કે 'જાતિ' એટલે વ્યક્તિ સ્ત્રી છે કે પુરુષ તેનો નિર્ણય કરનાર શબ્દ. આ ભેદનું કારણ છે. વ્યક્તિના શરીરમાં રહેલ પ્રજોત્પાદનનાં અંગોનું અસ્તિત્વ. ઉદાહરણ તરીકે સ્ત્રીનું ગર્ભાશય કે પુરુષની પુરસ્થગ્રંથિ. આવાં સ્ત્રી અને પુરુષના શરીરમાં રહેલાં વિભેદક લક્ષણો જે તે જાતિગત પ્રવૃત્તિ સાથે સંકળાયેલાં છે. આમ, વ્યક્તિની જાતિ તેની જૈવિક લાક્ષણિકતાઓ સાથે સંકળાયેલી બાબત છે.



નોંધ

હવે 'લિંગ'નો વિચાર કરીએ, સમાજ છોકરાઓ અને છોકરીઓ પાસેથી જુદા જુદા પ્રકારની વર્તણૂકની અપેક્ષા રાખે છે. પુરુષો સામાન્ય રીતે બહાદુર અને આક્રમક હોય તેવી અપેક્ષા રાખવામાં આવે છે. પુરુષો બહાર જાય, કામ કરે, કમાય તેવી અપેક્ષા રાખવામાં આવે છે. તે ઘરનો 'કમાઉ' સભ્ય છે. સ્ત્રીઓ નમ્ર અને ધીમી હોય તેવી અપેક્ષા રાખવામાં આવે છે. તેમને 'ઘરરખ્ખુ' માનવામાં આવે છે. આ સમાજ દ્વારા ઊભી કરવામાં આવેલી એક સામાજિક વ્યવસ્થા છે નહીં કે કુદરતી. સમાજ સ્ત્રીઓ તથા પુરુષો માટે જુદી જુદી ભુમિકાઓની ફાળવણી કરે છે. 'આ કામ પુરુષનું', 'આ કામ સ્ત્રીનું' એવા ભાગ પાડે છે.

જાતિથી વ્યક્તિ પુરુષ છે કે સ્ત્રી તેની જાણ થાય છે. આ તફાવતની અભિવ્યક્તિ પુરુષ અને સ્ત્રીના શરીરમાં આવેલાં ભેદ દર્શાવનારાં અંગો દ્વારા થાય છે. આ તફાવતો જીવશાસ્ત્રીય છે અને તેમાં સામાન્યતઃ ફેરફાર થતો નથી.

લિંગ એ આપણે પદાર્થને આપેલો સ્ત્રી કે પુરુષનો ભેદ છે. માનવ સમાજ સ્ત્રી અને પુરુષને તેને વિકાસ માટે આપેલી વિવિધ તકોથી વ્યાખ્યાયિત કરે છે. તેમાં તેમના ઉછેર સામાજિકીકરણ, સંસ્કૃતિ તથા તેમની સમક્ષ રજૂ કરાયેલાં આદર્શ ઉદાહરણ સાથે સીધો સંબંધ છે. આમ, લિંગ એ છોકરા અને છોકરી માટે સમાજે અને સંસ્કૃતિએ પ્રદાન કરેલી ભેદસૂચક બાબત છે.

ઉપરાંત સ્ત્રીનાં અને પુરુષનાં કામોનું મૂલ્યાંકન પણ જુદી જુદી રીતે કરે છે તેમજ બન્નેને વિશેષાધિકારો તથા જવાબદારીઓની ફાળવણી પણ જુદી જુદી રીતે કરે છે. સ્ત્રી તેમજ પુરુષ પર નિયંત્રણો પણ તે જુદા જુદા પ્રકારનાં લાદે છે.

આ સામાજિક સ્થિતિઓમાંથી બહાર આવતી સ્ત્રી તથા પુરુષની વૈયક્તિતાને આપણે 'લિંગ' કહીએ છીએ.

આમ, જે તે સમાજમાં સ્ત્રી તથા પુરુષને માટે અપેક્ષિત લાક્ષણિકતાઓ, ભૂમિકાઓ તથા કાર્યોનું નિદર્શન 'લિંગ' કરે છે. લિંગમાં સમયે સમયે તથા સંસ્કૃતિએ સંસ્કૃતિએ પરિવર્તન જોવા મળે છે.

ચાલો આપણે જાતિ અને લિંગ વચ્ચેના મુખ્ય તફાવતોને નીચે મુજબ સમજીએ

| જાતિ | લિંગ |
|---|---|
| જીવશાસ્ત્રીય રચના | સમાજ - સંસ્કૃતિની નીપજ |
| પ્રકૃતિનું સર્જન | સમાજનું સર્જન |
| સાતત્યપૂર્ણ | પરિવર્તનીય |
| વૈયક્તિક | તંત્રીય |
| અ-સ્તરીકૃત | સ્તરીકૃત |
| બદલીન શકાય. | બદલી શકાય |

## ૧૧.૨.૨ વ્યક્તિની જીવશાસ્ત્રીય તથા લિંગ સંબંધી લાક્ષણિકતાઓ

**વ્યક્તિની જીવશાસ્ત્રીય લાક્ષણિકતાઓ:**

એક માનવબાળનો જન્મ થાય છે એક નરબાળ તરીકે અથવા એક નારીબાળ તરીકે. પ્રકૃતિએ સ્ત્રીને ધર્મ આપ્યો ગર્ભ ધારણ કરવાનો, બાળકને જન્મ આપવાનો અને બાળકને સ્તનપાન કરાવવાનો. આ કાર્યો માટે ખાસ અંગની જરૂર પડે છે. આ જીવશાસ્ત્રીય કાર્યો પુરુષોને ફાળવેલ ન હોવાથી તેવાં અંગો પુરુષોમાં જોવા મળતાં નથી. આમ છતાં પુરુષોને ફાળવાયેલ જીવશાસ્ત્રીય કાર્યો માટે પુરુષોમાં જુદાં અંગો હોય છે. આ તફાવતો કુદરતી છે. આકૃતિ ૧ માં સ્ત્રી અને પુરુષનાં પ્રજોત્પત્તિ માટેનાં કેટલાંક અંગોનું નિદર્શન કર્યું છે. આકૃતિનો કાળજીપૂર્વક અભ્યાસ કરો અને પુરુષ તેમજ સ્ત્રીમાં આવેલાં પ્રજોત્પતિનાં અંગોની યાદી બનાવો.




**આકૃતિ ૧: સ્ત્રી તથા પુરુષનાં શરીરનાં અંગોમાં જોવા મળતો તફાવત**

સ્ત્રી અને પુરુષના જાતીય તફાવતોની સમજને પાકી કરવા થોડા ઉપયોગ અંગનાં ઉદાહરણ લઈએ. એક પુખ્ત પુરુષમાં વીર્યનું ઉત્પાદન થાય છે, જ્યારે એક પુખ્ત સ્ત્રીમાં સ્ત્રીબીજનું ઉત્પાદન થાય છે. આને સમાજ કે સંસ્કૃતિ સાથે કોઈ લેવાદેવા નથી. આ તદ્દન પ્રાકૃતિક છે અને સાંસ્કૃતિક જૂથોમાં દેશેદેશે બદલાય એવી બાબત નથી. જીવશાસ્ત્રના બીજા એક તફાવતની વાત કરીએ. માણસની અંદર રહેલા જનીનોમાં (XX) રંગસૂત્રોની જોડ સ્ત્રીનું સર્જન કરે છે. જ્યારે (XY) ની જોડ પુરુષનું સર્જન કરે છે. સ્ત્રીને ગર્ભાશય હોય છે જ્યારે પુરુષને હોતું નથી, હવે તમે જાણો છો આમ કેમ ? ફરી આ એક જીવશાસ્ત્રીય તફાવત છે. ચાલો આવા જીવશાસ્ત્રીય તફાવતોના થોડા વધુ મુદ્દા ધ્યાનમાં લઈએ.

નોંધ

| પુરુષ | સ્ત્રી |
|---|---|
| ૧. કિશોરાવસ્થામાં અવાજ ઘોઘરો થાય છે. | ૧. કિશોરાવસ્થા દરમિયાન અવાજ વધુ તીણો બને છે. |
| ૨. દાઢી - મૂછના વાળ ઊગવા માડે છે. | ૨. છાતીના ભાગનો વિકાસ થવા માંડે છે. |
| ૩. શરીર સ્નાયુબદ્ધ બને છે. | ૩. શરીર નાજુક બને છે. |
| ૪. માસિકચક્ર હોતું નથી | ૪. કિશોરાવસ્થામાં માસિકચક્ર શરૂ થાય છે. |
| ૫. અન્ય | ૫. અન્ય |
| ૬. ......................... | ૬. .................... |

## વ્યક્તિની લિંગગત લાક્ષણિકતાઓ :-

જીવશાસ્ત્રીય ભેદો - સ્ત્રી કે પુરુષ વ્યક્તિની સામાજિક પ્રવૃત્તિઓમાં સહભાગિતા કે સફળતાનો દાયરો સીમિત થઈ શકતો નથી. આમ છતાં, સમાજના અમુક ક્ષેત્રોમાં આપણને સ્ત્રીઓ વધુ જોવા મળે છે અને અમુક ક્ષેત્રોમાં પુરુષો. આવું કેમ છે ? સમાજ એવું માને છે કે અમુક કામો માત્ર પુરુષો દ્વારા થાય છે તે નિશ્ચિત છે અને અમુક કામો સ્ત્રીઓ દ્વારા થાય તે નિશ્ચિત છે. દાખલા તરીકે, હળ લઈને જમીન ખેડતી સ્ત્રી આપણને ભાગ્યેજ જોવા મળે છે. ઘણા લોકો માને છે. કે જમીન ખેડવી એ ‘પુરૂષનું કામ’ છે. તે જ રીતે આપણે ભાગ્યે જ પુરુષોને બાળકોનાં કે કુટુંબના કોઈ સભ્યોનાં કપડાં ધોતાં જોઈએ છીએ, આને સામાન્ય રીતે લોકો ‘સ્ત્રીઓનું કામ’ સમજે છે. ઘરમાં કામોને સામાન્ય રીતે સ્ત્રીઓનાં કામ ગણી લેવામાં આવે છે. ઘરની બહારનું કોઈ પણ કામ છોકરાઓ અને પુરુષોનું માની લેવામાં આવ્યું છે. આપણામાંના મોટાભાગના લોકો એમ માને છે કે ‘અઘરાં કામો’પુરુષો દ્વારા તથા ‘સરળ કામો’ સ્ત્રીઓ દ્વારા કરાય છે. આપણે એમ પણ માનીએ છીએ કે સ્ત્રીઓને નર્સિંગ કે શિક્ષક તરીકેની નોકરીઓમાં સૌથી વધુ ફાવે. તેજ રીતે કેટલીક નોકરીઓ પુરુષો માટે જ સાનુકૂળ છે તેવું વિચારવામાં આવે છે. આ બાબતે આપનો દષ્ટિકોણ કેવો છે ?

આપણા મનમાં પણ સ્ત્રી અને પુરુષોની લાક્ષણિકતાઓ અંગેની વિભાવનાઓ પડેલી હોય છે. આ વિભાવનાઓને વ્યક્તિની જાતિ સાથે કોઈ લેવાદેવા હોતી નથી. વ્યક્તિની જાતિના સમાજ કેટલીક ભૂમિકાઓ, કાર્યો, લાક્ષણિકતાઓ તથા અપેક્ષાઓ લાદે છે. સંસ્કૃતિ તથા સમાજે લાદેલી આ ભૂમિકા - અપેક્ષા તથા દષ્ટિબિંદુગત તફાવતો લિંગગત તફાવતનું સર્જન કરે છે. આ વાતને આપણે થોડાં ઉદારણોથી આગળ સમજીએ :-

સામાન્ય રીતે સમાજ અપેક્ષા રાકે છે કે છોકરીઓ નરમ હોય, સુસંસ્કૃત હોય, નમ્ર હોય, આજ્ઞાકારી હોય અને એવું ઘણું બધું. સાથે સાથે આપણે એવી અપેક્ષા રાખીએ છીએ કે છોકરાઓ વધુ હિંમતવાન હોય, આક્રમક હોય, મજબૂત હોય વગેરે. છોકરાઓ કરતાં છોકરીઓનું વર્ણન જુદું હોય તેવું આપણે કેમ ઈચ્છીએ છીએ ? આ તફાવતો કંઈ કુદરતી નથી. તે તો સમાજ દ્વારા લદાયેલા છે. આવા સમાજ દ્વારા લદાયેલા અને કુદરતી નહી એવા ભેદો તે લિંગગત ભેદો છે. તેમનાં જનનાંગો સિવાય એવા કોઈ દશ્યમાન તફાવતો છોકરા કે છોકરીના શારીરિક દેખાવમાં જોવા મળતા હોતા જ

નોંધ

*નથી જ નથી. હા, એ વાત સાચી છે કે જ્યારે તેઓ તરુણાવસ્થામાં પ્રવેશે છે ત્યારે શારીરિક ભેદોની તીવ્રતા જોવા મળે છે. વળી ઉંમર વધવા સાથે તેમનાં સામાજિક અને મનોવૈજ્ઞાનિક લક્ષણોમાં પણ ફેરફાર જોવા મળે છે. નીચેના કોષ્ટકમાં કેટલાંક લક્ષણો આપેલ છે.*




**આકૃતિ : ૨ છોકરાઓ માટે બેટ અને રમકડાની જીપ અને**
**છોકરીઓ માટે ઢીંગલીઓ તથા રસોડાની સામગ્રીનો સેટ**

| પરિબળો | પુરુષ | સ્ત્રી |
|---|---|---|
| *જાતિ* | *વધુ મજબૂત* | *નાજુક ને નમણી* |
| *શરીર* | *ખડતલ* | *નબળું* |
| | *ઘા લાગે નહી એવું* | *નરમ અને કોમળ* |
| | *અભેદ્ય* | *ભેદ્ય* |
| | *બુલંદ અવાજ* | *તીણો અવાજ* |
| | .................. | ..................... |
| *સામાજિક* | *મુખ્ય આવકનો સર્જક* | *કુટુંબ વત્સલ વ્યક્તિ* |
| | *ઘરનો મુખ્ય કારભારી* | *આદર્શ મા, પત્ની, બહેન* |
| | *સમાજનો મોભી* | *ત્યાગની મૂર્તિ* |
| | *નેતૃત્વ માટે જ જાણે સર્જાયેલો* | *સેવા માટે જ જાણે સર્જાયેલી* |
| | *નિયંત્રણકર્તા* | *નિયંત્રણોથી લદાયેલી* |
| | *સ્રોતોનો વિતરક* | *સ્રોતોની ઉપભોક્તા* |
| | *ઘેરો અવાજ* | *કોમળ અવાજ* |
| | *વિચાર અને ક્રિયામાં સ્વતંત્ર* | *વિચાર અને ક્રિયામાં પરતંત્ર* |
| | *પારંગતતાઓથી ભરપૂર* | *લાલિત્ય તથા સુંદરતાથી ભરપૂર* |

નોંધ

| | | |
|---|---|---|
| | બુદ્ધિશક્તિથી ભરપૂર પ્રકૃતિ | સાહજિકતાઓથી ભરપૂર પ્રકૃતિ |
| | યાંત્રિક કામાંમાં સમર્થ | યાંત્રિક કામોમાં અસમર્થ |
| | વિજ્ઞાન તથા ગણિતમાં કુશળ | ભાષાઓમાં અત્યંત કુશળ |
| | વ્યવહારકુશળ | દુનિયાથી છેતરાઈ જવાનો સ્વભાવ |
| | સાહસિક | સમજણપૂર્વક ચાલનારી |
| | ...................... | ...................... |
| મનોવૈજ્ઞાનિક | અત્યંત બુદ્ધિજીવી | અત્યંત લાગણીશીલ |
| | સામાજિક બુદ્ધિમત્તામાં અગ્રેસર | સામાજિક બુદ્ધિમત્તામાં નબળી |
| | અધીર તેમજ વિક્ષુબ્ધ | ધીરજવાન તથા શાંત |
| | ચાલાક | ભાવનાત્મક |
| | બેફિકરો તથા અણનમ | પોતાના શરીર વિશેની સભાનતાવાળી |
| | સત્તાને નિયંત્રિત કરે | સત્તાના નિયંત્રણમાં આવે |
| | સારા દેખાવની ચિંતા કરે | પૈસા તથા પદની ચિંતા કરે |

સમાજ છોકરાઓ તથા છોકરીઓનું મૂલ્યાંકન જુદી જુદી રીતે કરે છે. છોકરાનો જન્મ થાય એટલે ઉજવણી થાય અને છોકરીનો જન્મ થાય એટલે મોં ચઢી જાય.

આવું કેમ છે? આપણે છોકરા અને છોકરીનો ઉછેર ભિન્ન ભિન્ન રીતે કરીએ છીએ. આપણે છોકરીઓ અને છોકરીઓને સજા કે પ્રશંસા કરવાના કારણે પણ જુદા જુદા રાખીએ છીએ. છોકરાઓ અને છોકરીઓનાં રમવાનાં સાધનો પણ આપણે ભિન્ન પ્રકારનાં રાખીએ છીએ. લોકોને આવું કરવા પ્રેરે છે કોણ? વળી પાછો એ જ લિંગ સંબંધી ભેદભાવ વચ્ચે આવે છે. છોકરીઓ પણ રમકડાની જીપ સાથે અને ક્રિકેટ બેટ સાથે રમી શકે છે. છોકરાઓ પણ ઢીંગલી સાથે રમી શકે છે અને રસોડાનાં સાધનોની કિટ પણ વાપરી શકે છે. તેમને એ પ્રવૃત્તિમાં મજા પણ આવે છે. આમ છતાં તેમને એમ કરવા દેવાનું પ્રોત્સાહન ભાગ્યે જ આપવામાં આવે છે.

ઘર બહારની પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની તક છોકરીઓ માટે છોકરાઓ કરતાં ઘણી ઓછી છે. છોકરાઓને ઘર બહાર જવા માટે પ્રોત્સાહન મળે છે જ્યારે છોકરીઓને ઘરની અંદર જ રહેવાનું જણાવવામાં આવે છે. આ બધી બાબતો છોકરાઓ અને છોકરીઓના વ્યક્તિત્વ પર અસર પાડી શકે છે.

## ૧૧.૨.૩ લિંગ - એક સામાજિક - સાંસ્કૃતિક ઘટક

લિંગગત ભેદો સાંસ્કૃતિક રીતે અસર પામેલા તથા સામાજિક રીતે ઘડાયેલા હોય છે. આને કારણે આપણને જુદી જુદી સંસ્કૃતિઓમાં લિંગની ભૂમિકા તથા અપેક્ષાઓ બાબતે ઘણો મોટો તફાવત જોવા મળે છે. દાખલા તરીકે આપણા દેશના ઘણા પ્રદેશોમાં સ્ત્રીઓ સાડી પહેરતી, લાંબા વાળા રાખતી જોવા મળે છે. અન્ય એવી પણ સંસ્કૃતિઓ છે જ્યાં સ્ત્રીઓ સ્કર્ટ પહેરે અને વાળ ટૂંકા કપાવે

નોંધ

તો તે સ્વાભાવિક ગણવામાં આવે છે. બાળકો જેમ જેમ મોટાં થાય તેમ તેમ લિંગ સંબંધી ભૂમિકાઓ તથા અપેક્ષિત વર્તનો આત્મસાત્ કરતાં જાય છે. પોતાના જીવનમાં બહુ પહેલેથી જ બાળકો લિંગલક્ષી માન્યતાઓ અનુસાર વિભાજન કરવાનું શીખી લે છે. આવા શિક્ષણનો એક ભાગ એટલે પોતાના 'પૌરુષ' કે 'સ્ત્રૈણ' ગુણોનું પ્રદર્શન કરવું પોતાના શારીરિક કે સામાજિક પર્યાવરણને દક્ષતાપૂર્વક વાપરતાં શીખી જાય છે જ્યારે છોકરીઓ પોતાને એક પ્રદર્શનના ભાજન (પાત્ર) તરીકે જ માત્ર રજૂ કરતી રહે છે. બાળકો પોતાના તથા અન્યોના લિંગલક્ષી વ્યવહારનું સંચાલન કરે છે અને પ્રસ્થાપિત રૂઢિઓની સાથે સાથે પોતાનું એક આદર્શ સ્વરૂપ પ્રદર્શિત કરતા જાય છે. તેમના આદર્શો તેમનાં માબાપ, પાડોશી, શિક્ષકો, ચલચિત્રો કે મિડિયાની રજૂઆતોમાંથી પણ મળ્યા હોય. લિંગ વિભક્ત પ્રવૃત્તિઓથી માન્યતા દૃઢ થાય છે કે લિંગલક્ષી ભેદો સ્ત્રીઓ તથા પુરુષોની અત્યંત મહત્ત્વની પ્રકૃતિ છે. લિંગલક્ષી ભેદો વધુ મજબૂત થાય છે તેમના અમલીકરણથી, આપણી માન્યતાઓથી અને આપણી સંસ્થાઓથી. કારણ કે સમાજ તથા સંસ્કૃતિ સ્ત્રી અને પુરુષ વચ્ચેનાં વિભેદક મુલ્યોને પ્રાધાન્ય આપે છે. સ્ત્રી અને પુરુષને વિરુદ્ધ કોટિમાં જોવાથી લિંગગત ભેદો વધુ મજબૂત થાય છે. છોકરાઓ અને છોકરીઓની વચ્ચેના લિંગલક્ષી ભેદો મોટા ભાગે તેમનું આકલિત વર્તન છે જે સામાજિકીકરણ તથા સંસ્કારિતાનું જ પરિણામ છે અને એટલે જ આપણે લિંગને સામાજિક-સાંસ્કૃતિક ઘટક કહીએ છીએ.

**પ્રવૃત્તિ ૧૧.૧**

૧. નીચેનાં વિધાનો 'ખરાં' છે કે 'ખોટાં' તે કહો. તમારો જવાબ વિધાનની સામે આપેલી ખાલી જગ્યામાં લખો.

ક) લિંગલક્ષી લાક્ષિણિકતાઓ કુદરતી તફાવતો છે ................

ખ) સ્ત્રી કે પુરુષ હોવું તે એક જીવશાસ્ત્રીય લક્ષણ છે..........

ગ) લિંગલક્ષી લાક્ષણિકતાઓ સમાજે સમાજે બદલાય છે. .........

ઘ) વ્યક્તિના લિંગ સામાન્ય રીતે સાતત્યપૂર્ણ હોય છે. જ્યારે જાતિ બદલાતી રહે છે. .......

ચ) લિંગ, સંસ્કૃતિ અને સામાજિકીકરણની નીપજ છે. ...........

છ) સ્ત્રી હોવું જ વ્યક્તિ માટે નકારાત્મક બાબત છે.

૨. નીચેનાં વિધાનોને 'જીવશાસ્ત્રીય લક્ષણ' અને 'લિંગલક્ષી લક્ષણ' તરીકે વિભાજિત કરો.

ક) પુરુષો સ્ત્રીઓ કરતાં વધુ બુદ્ધિશાળી હોય છે.

ખ) સ્ત્રીઓ બાળકોને જન્મ આપી શકે છે.

ગ) સ્ત્રીઓનો અવાજ સામાન્ય રીતે પુરૂષો કરતાં વધુ તીણો હોય છે.

ઘ) સ્ત્રીઓ કરતાં પુરુષોમાં વધુ આત્મવિશ્વાસ હોય છે.

ચ) કેટલાક પ્રકારની સામાજિક પ્રવૃત્તિઓ સ્ત્રીઓ માટે અનુકૂળ નથી.

છ) પુરુષોમાં દર્દ સહન કરવાની તાકાત સ્ત્રીઓ કરતાં વધુ હોય છે.

જ) સ્ત્રીઓમાં XX રંગસૂત્રો હોય છે જ્યારે પુરુષોમાં XY રંગસૂત્રો હોય છે.

નોંધ

ઝ) એક સ્ત્રી માટે દેખાવ અને ચારિત્ર્ય બીજી કોઈ પણ બાબત કરતાં વધુ મહત્ત્વનાં છે.

ટ) કેટલીક નોકરીઓ પુરુષો કરતાં સ્ત્રીઓ માટે વધુ અનુકૂળ હોય છે.

ઠ) મહિલાઓ તથા છોકરીઓ માટે બધું ઘરકામ ફરજિયાત છે.

ડ) હે સ્ત્રી ! તારું નામ ઈર્ષ્યા છે.

## ૧૧.૩ લૈંગિક ભેદભાવ

આપણે છોકરાઓ અને છોકરીઓની સમાન સરભરા કરતા નથી. સ્ત્રીઓ અને પુરુષોને બધી સામાજિક, રાજકીય, આર્થિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સમાન તકો મળતી નથી. કેમ? તમે આ દિશામાં ક્યારેય વિચાર કર્યો છે? શું સ્ત્રીઓ જીવનનાં આ ક્ષેત્રોમાં સમકક્ષ બનવામાં અસમર્થ છે? છોકરીઓ હોવામાત્રથી તેની ક્ષમતાઓમાં કોઈ મર્યાદા બંધાઈ જતી નથી. આમ હોવા છતાં બધા ક્ષેત્રોમાં સંપૂર્ણ રીતે કાર્યરત થવા માટે સ્ત્રીઓને તક આપવામાં આવતી નથી. તકનો ઈનકાર એટલે પૂર્વગ્રહો તથા ભેદભાવની ગંધ. આ પ્રકરણમાં આપણે લૈંગિક પૂર્વગ્રહોનો અર્થ સમજશું અને તેની છોકરાઓ તથા છોકરીઓ પર કેવી અસર થાય છે. તેનો અભ્યાસ કરીશું.

## ૧૧.૩.૧ ભેદભાવનો અર્થ અને લૈંગિક ભેદભાવની વિભાવના

સૌથી પહેલાં તો આપણે એક બે ઉદાહરણ લઈને 'ભેદભાવ'નો અર્થ સમજીએ. એક ગામમાં અનુસૂચિત જાતિના લોકોને ગામના કૂવેથી પાણી લેવાની મનાઈ હતી. હવે પાણી તો સૌ માટેની પ્રાથમિક જરૂરિયાત છે. ગામના કૂવેથી પાણી લઈ જવાના ઈનકાર જેવી મોટી વિપરીત સ્થિતિ કોઈ ન કહેવાય! આ તો નાતજાતના ભેદભાવની પુષ્ટિ જ કહેવાય! ચાલો, બીજું ઉદાહરણ લઈએ. એક ગોરી ચામડીવાળો અને બીજો કાળી ચામડીવાળો માણસ છે. બન્ને સમાન ક્ષમતાવાળા છે. એક કામ માટે બન્નેમાંથી એકનું ચયન કરવાનું છે. શું તમે કાળી ચામડીવાળાની પસંદગી એટલા માટે જ નહી કરો કે તે કાળો છે ? આ થઈ રંગભેદની નીતિ.

અમેરિકાના સંવિધાનમાં ભેદભાવનીતિ અંગેનું એક વિધાન છેઃ ભેદભાવભરી વર્તણૂકોનાં અનેક સ્વરૂપો છે, પણ બધામાં એક વાત સમાન છેઃ કોઈ પણ પ્રકારની નાપસંદગી અથવા તો બહિષ્કૃતિ. આમ, ભેદભાવમાં કોઈ પણ વ્યક્તિ કે સમૂહની સામેલગીરીનો ઈનકાર એટલા માટે છે કે તે વ્યક્તિ અમુકતમુક વર્ગ કે કોટિમાં તેનાં સમાવેશ થાય છે. આવા ભેદભાવો થકી વ્યક્તિને તેની જરૂરિયાતો, ક્ષમતાઓ કે પાત્રતાથી પણ વંચિત રાખવામાં આવે છે. આમ, ભેદભાવમાં નરી નકારાત્મક્તા ભરેલી છે. તેમાં વલણ એવું જ જોવા મળે છે કે 'અમે ઊંચા અને તમે નીચા' કારણ કે તેમાં નરી અમાનુષી પૂર્વગ્રહયુક્ત લાગણીઓ ભરેલી હોય છે. તમે જ્યાં રહો છો ત્યાં આવી ભેદભાવયુક્ત નીતિઓનો અનુભવ કરો છો? એની યાદી બનાવો. એવા પૂર્વગ્રહયુક્ત વલણોનો વિચાર કરો જેના થકી આવા વ્યવહારો અમલમાં આવ્યા હોય.

હવે, આપણે લિંગભેદનીતિની વાત કરીએ. લિંગભેદના મૂળમાં રહેલી છે જાતિ આધારિત ભેદભાવની નીતિ. વ્યક્તિ સાથે જાતિમાત્રના કારણે અસમાન વર્તણૂકની અભિવ્યક્તિમાં લિંગભેદનો પાયો છે. લિંગભેદને જાતિભેદ તરીકે પણ વર્ણવામાં આવે છે. કોઈ પણ એવી સામાજિક પરિસ્થિતિ, જેમાં એવો પૂર્વગ્રહયુક્ત વ્યવહાર થયો હોય જે તેનાથી વિપરીત જાતિની વ્યક્તિ સાથે ન કરવામાં આવ્યો હોય, અન્યાયી એવું કોઈ પણ વર્તન, નીતિ, માન્યતા, જેના થકી સ્ત્રી અને પુરુષ એવા ભેદ

કરીને અસમાન વ્યવહાર થકી જે તે વ્યક્તિની પસંદગીને સીમિત કરવામાં આવે કે બહિષ્કૃત કરવામાં આવે તો તે લિંગભેદનીતિના દાયરામાં આવે છે. આ પૂર્વગ્રહનું જ એક સ્વરૂપ છે અને કેટલાક સંજોગોમાં તે ગેરકાનૂની છે. છોકરાઓ અને છોકરીઓ માટે અલગ શૌચાલયની વ્યવસ્થાનો સમાવેશ આ દાયરામાં થતો નથી. હકીકતમાં તે જાતિગત સંવેદનશીલતાની અભિવ્યક્તિનો એક ભાગ છે.




**આકૃતિ ૩ નોકરીમાં લિંગગત ભેદભાવ**

**આકૃતિ ૩ માં** બતાવ્યા મુજબ ઊડીને આંખે વળગે એવા સ્પષ્ટ આ ભેદભાવો દેખાતા નથી. હોતા. પસંદગી કરવાની હોય ત્યારે એનો ચહેરો સામે આવે.આવા ભેદભાવ માટે એવાં કોઈ કારણો કે તર્કોનો હંમેશાં અભાવ જોવા મળે છે. તમે એવી કોઈ ભેદભાવયુક્ત જાહેરાતો જોઈ છે?

કોઈ કુટુંબમાં એક દીકરીને પોતાનો પ્રોજેક્ટ પૂરો કરવા પોતાની બહેનપણીના ઘરે જવું છે. કાં તો તેને ના પાડી દેવામાં આવે છે અથવા તો સાંજ થાય તે પહેલાં ઘરે પહોંચી જવાનું કહેવામાં આવે છે. આવાં નિયંત્રણો દીકરાને લાગુ નથી પડતાં. બસ, દીકરી આવું કરે તે તેને ના પાડી દેવામાં આવે છે કારણ કે તે છોકરી છે.

સાવ બીજા છેડાનું એક બીજું ઉદાહગણ લઈએ. ઘણાં કુટુંબોના ઉછેરમાં સ્ત્રીઓને ડ્રાઈવિંગની છૂટ નથી હોતી. બહુ નજીકના ન હોય તો પુરુષો સ્ત્રીઓને પાછળ બેસાડી પણ ન શકે. જો પુરુષોને શાળાઓની છોકરીઓના સંપર્કની પણ છુટ ન હોય તો સ્કૂલબસ કોણ ચલાવશે? છોકરીઓના શિક્ષણનું શું થશે ?

જયાં ત્યાં આપણે છોકરાઓને મેદાનમાં રમતાં જોઈ શકીશું પણ છોકરીઓને ઈન્ડોર ગેમનીજ પરવાનગી મળે છે. અરે, ઘણી વખત તો ઈન્ડોર ગેમની પણ છુટ અપાતી નથી. આવું કેમ થાય છે? શું આ વાત ન્યાયસંગત છે?

લિંગના ભેદભાવો તો છોકરાઓ તથા પુરુષોને પણ અસરકર્તા બની શકે છે. દાખલા તરીકે છોકરાને જો વાગ્યું હોય તો તેને રડવા પણ દેવામાં આવતો નથી. કેમ? અનું એકમાત્ર કારણ એ છે કે તે 'છોકરો' છે. તેને કોઈ પણ બાબતમાં હારનો સ્વીકાર ન કરવાનું શીખવવામાં આવે છે. પુરુષ ક્યારેય 'ઘરરખ્ખુ' ન બની શકે. આ પણ એક લિંગનો એક ભેદભાવ છે. ગમે તેમ, પણ બધો પક્ષપાત છોકરીઓ અને મહિલાઓ પ્રત્યે જ કરવામાં આવે છે. તેથી આ વાતના સારાંશરૂપે એટલું કહી શકીએ કે બધો ભેદજનક વ્યવહાર છોકરીઓ અને મહિલાઓની સાથે જ કરવામાં આવે છે.

## ૧૧.૩.૨ લિંગભેદના સ્રોતો અને સ્વરૂપો

ભેદની ભાવના કાં પ્રત્યક્ષ દેખાય તેવી હોય કાં પરોક્ષરૂપે હોય, તેનું સ્વરૂપ ક્યાંક હડહડતું હોય તો ક્યાંક અતિ સુક્ષ્મરૂપે હોય. પ્રત્યક્ષ ભેદભાવના ત્યાં દેખાય જ્યાં લિંગને ભેદભાવનાં એકદમ ખુલ્લા કારણ રૂપે રજૂ કરવામાં આવે. એક ઉદાહરણ જોઈએ તમારા વર્ગ માટે એક વિદ્યાર્થી નેતાનું ચયન કરવાનું છે. શિક્ષક તરીકે તમને એમ લાગે કે છોકરી કરતાં છોકરો એક મોનિટર તરીકે સારો રહેશે આ છે પ્રત્યક્ષ ભેદભાવ. ગર્ભવતી હોવાના કારણે કોઈ કામ કરનાર સ્ત્રીને રુખસદ આપવી તે છે પ્રત્યક્ષ ભેદભાવ.

પરોક્ષ ભેદભાવ આપણને ત્યાં જોવા મળે છે જ્યાં એવી જોગવાઈઓ અને વ્યવહારો છે જેનાથી છોકરીઓ અને મહિલાઓને બિનલાભદાયી પરિસ્થિતિમાં મૂકવામાં આવે છે. ઉદાહરણરૂપે, કોઈ માલિક પોતાના પુરુષ કર્મચારીને જ નવું ફર્નિચર ખરીદી આપે, તો તે અપ્રત્યક્ષ ભેદભાવ છે.




**આકૃતિ : ૪ લિંગલક્ષી ભેદભાવોના સ્રોતો**

એક સંસ્કૃતિથી બીજી સંસ્કૃતિમાં સ્વરૂપો ભલે જુદાં જુદાં જોવાં મળે પણ છોકરીઓ અને મહિલાઓ સામેનો ભેદભાવભર્યો વ્યવહાર જુદા જુદા સ્વરૂપે જોવા મળવાનો. લિંગલક્ષી ભેદભાવ ઊભો થાય છે ઘણા બધા સ્રોતોમાંથી. કુંટબથી શરૂ થાય ને નિશાળ સુધી પહોંચે, જાહેર સ્થળ હોય કે કામ કરવાનું સ્થળ હોય, નોકરીમાં નિયુક્તિ, પોલીસ સ્ટેશનો, અદાલતો, રાજકીય પક્ષો, સંસદ અને ધારાગૃહ સુધીનો તેનો વિસ્તાર છે. આકૃતિ : ૪ તમને એ બતાવે છે કે લિંગલક્ષી ભેદ ભાવોના વિધવિધ સ્રોતો કેવા કેવા છે. આકૃતિનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરો. આમાંના દરેક વિકલ્પની બાબતમાં લિંગલક્ષી ભેદભાવનાં વ્યવહારું ઉદાહરણો ઓછામાં ઓછાં બે શોધી બતાવો.

૨૦ વર્ષમાં ભારતમાં ૧ કરોડ સ્ત્રીભ્રૂણ હત્યાઓ થઈ





**આકૃતિ : ૫ સ્ત્રી ભ્રૂણહત્યા અને છોકરીઓના બાળપણને ઝૂંટવી લેવું.**

લિંગલક્ષી ભેદભાવની શરૂઆત જ સ્ત્રીના જન્મ પહેલાંથી થઈ જાય છે. કાયદામાં સજાની જોગવાઈ હોવા છતાં સ્ત્રીભ્રૂણ હત્યાના આટલા બધા બનાવોથી આ વાત સમજાય જાય છે. મા બાપ એવું જ ઈચ્છે છે કે છોકરો જન્મે તો સારું આ બહું જાણીતું વલણ છે. કુંટુંબમાં છોકરીઓને મોટે ભાગે ઉવેખવામાં આવે છે. જ્યારે છોકરાઓને 'સ્પેશ્યલ ટ્રીટમેન્ટ' મળે છે. પોષણલક્ષી અને તંદુરસ્તી અંગેની છોકરીઓની જરૂરિયાતોને સામાન્ય રીતે અવગણવામાં આવે છે. આનું પરિણામ એ આવે છે કે સ્ત્રીઓનો મૃત્યુદર આપણને વધુ ઊંચો જોવા મળે છે. શિક્ષણ માટેની તક ન પૂરી પાડવી, પોતાની પસંદગીનો અભ્યાસક્રમ ન લેવા દેવો, ઉચ્ચ શિક્ષણ માટે છોકરીઓને હતોત્સાહ કરવા જેવી બાબતો આજે પણ આપણને જોવા મળે છે. નોકરીઓના ક્ષેત્રમાં સ્ત્રીઓ કરતાં પુરુષોને સામાન્ય રીતે પ્રધાન્ય મળે છે.

પારિવારિક કટુંબની અંદરના સંબંધો પણ લિંગભેદની અસમાનતાથી મુક્ત નથી. આવી અસમાનતાઓ ઘણાં જુદાં જુદાં સ્વરૂપોમાં જોવા મળે છે. દાખલા તરીકે ઘરનાં કામોની વહેંચણીમાં આવી અસમાનતા દીકરી પ્રત્યે જોવા મળે. ઉપરાંત બાળકોની સંભાળની મોટી જવાબદારીનો બોજો પણ દીકરીઓ અને મહિલાઓ પર લાદી દેવામાં આવે આની અસર છોકરીઓ અને મહિલાઓના શિક્ષણ, રોજગારી અને બઢતીની બાબતોમાં તેનાં વરવા સ્વરૂપે જોવા મળે. આનાથી બહારની દુનિયા વિશેની તેમની સમજણમાં પણ મર્યાદા બંધાઈ જાય. વ્યાવસાયિક વર્તુળોમાં જુદા જુદા પ્રકારનાં કામોમાં તેમના જ્ઞાન તેમજ સમજનાં ધોરણો પર પણ તેની દૂરગામી અસરો જોઈ શકાય છે.

ઘણી નાની છોકરીઓને ઘરનાં કામોમાં જોતરાઈ જવું પડે છે. પોતાના ભાઈ ભાંડુઓનું ધ્યાન રાખવું પડે છે અને એટલે એમનાથી ઘર છૂટતું નથી. તેમના બાળપણના છિનવાઈ જવા ઉપરાંત તેમના શિક્ષણ તેમજ ભવિષ્ય પર તેની બહુ મોટી અસર જોવા મળે છે. છોકરાને જન્મ ન આપે એટલે સ્ત્રીઓ પર અત્યાચાર આચરવામાં આવે છે. એવાં ઘણાં ઉદાહરણો છે જ્યાં છોકરી રજસ્વલા થાય એટલે નિશાળે જતી બંધ કરી દેવામાં આવે. કેટલીક સંસ્કૃતિઓમાં તો જનનાંગોને ખંડિત કરી દેવાની પ્રથા અમલમાં છે. વધુને વધુ કન્યાઓ કુપોષણને શિકાર બને છે અને મૃત્યુને ભેટે છે. એવા અનેક કિસ્સા છે જેમાં કન્યાનો જન્મ થાય તો તેને કાં તો ત્યજી દેવામાં આવે છે અથવા તો મા બાપ ખુદ એને મારી નાંખતા હોય છે. આવા આવા લિંગલક્ષી ભેદભાવોના પ્રત્યક્ષદર્શી કિસ્સાઓનાં થોડાંક ઉદાહરણો આપણે જોયાં.

અભ્યાસક્રમની પસંદગીની બાબત આવે ત્યારે લિંગલક્ષી ભેદભાવની બહુ સૂક્ષ્મ અભિવ્યક્તિ આપણને જોવા મળે. છોકરીઓને કહેવામાં આવે 'આ કોર્સ આપણાથી ન લેવાય, કેમ કે તારે ઘરેથી કેટલે દૂર રહેવું પડે?' ઘણા લોકો તો એવું પણ માને છે કે મિકેનિકલ એન્જિનિયરીંગનો અભ્યાસક્રમ છોકરીઓ માટે બિલકુલ અનકૂળ નથી! ક્લાર્ક, શિક્ષક, નર્સ, ઘર સંભાળ જેવાં કામોને જ છોકરીઓ માટે અન્યાયપૂર્વક યોગ્ય માની લેવાયાં છે.

બહાર જવું, પ્રવાસમાં જવું, કમાવા જવું, છોકરીઓની છેડતી, પોતાની પસંદગીની નોકરી પર જતાં અટકાવવું, જાગીરના હક્કોથી વંચિત રાખવું, અભિવ્યક્તિ તેમજ બહાર આવવા જવાની તકોનો ઈનકાર કરવો, કામના સ્થળે જાતીય સતામણી, ઘરેલુ હિંસા, શારીરિક તાડન જેવા ઘણાં સ્વરૂપો આપણને સ્ત્રીઓ પર થતા જોવા મળે છે જે લિંગગત ભેદભાવની જ અભિવ્યક્તિ છે. સ્ત્રીઓને જુદી જ જગ્યાએ બેસાડવાની વાતમાં પણ આ જ ભેદ દેખાય છે. પગારની બાબત હોય તે વેતન ચૂકવવાની વાત હોય, બઢતીનો મુદ્દો હોય કે બોનસ ચૂકવવાનું હોય, લિંગભેદને લીધે સ્ત્રીઓને જુદી ગણવામાં આવે છે. પ્રવેશ પ્રક્રિયા, ચયન પ્રક્રિયા અને રમતોની કે આગળ ભણવાની તક્કોની વાત હોય, લિંગલક્ષી ભેદભાવ અહીં પણ જોવા મળે છે.

લિંગલક્ષી ભેદભાવ આપણને જાગીરોની માલિકી અને તેના ઉપયોગમમાં પણ જોવા મળે છે. ઘર, જમીન જેવી પાયાની મિલકતો સ્ત્રીઓ તેમજ પુરુષો વચ્ચે અસમાન રીતે વહેંચવામાં આવે છે. મિલકતોના દાવાઓની ગેરહાજરી સ્ત્રીઓનો અવાજ ઘટાડે છે. વ્યાપારી, આર્થિક અને વળી કેટલીક સામાજિક પ્રવૃત્તિઓમાં પણ સ્ત્રીઓના પ્રવેશ અને વિકાસને મુશ્કેલ બનાવે છે. આવી અસમાનતા દુનિયાના મોટા ભાગનાં સ્થાનો પર જોવા મળેલ છે. અલબત્ત, તેનાં સ્વરૂપો જુદાં જુદાં છે. દાખલા તરીકે પારંપરિક મિલકતોના હક્કો દુનિયાના મોટા ભાગના દેશોમાં પુરુષોની તરફેણમાં જોવા મળ્યા છે. આમ છતાં મિલકતોના હકોમાં સમાનતા લાવવા માટે હમણાં હમણાં કાયદાકીય પરિવર્તનો માટેના પ્રયત્નો થયા છે.

શિક્ષણનું તંત્ર એક રીતે છોકરા અને છોકરીઓની બાબતમાં અસમાનતા જાળવવા માટે જાણે કામ કરતું હોય તેવું લાગે છે. સૌથી પહેલાં તો શાળામાં ચાલતાં પાઠ્યપુસ્તકોમાં છોકરાઓનું વર્ણન રફ એન્ડ ટફ બૉય તરીકે, કુશળ, સાહસવીર પુરુષ તરીકે કરેલું જોવા મળે છે. જ્યારે છોકરીઓ નાજુક, નમણી, ઘરકામમાં રુચિ ધરાવનારી વ્યક્તિ તરીકે વર્ણવાયેલી જોવા મળે છે. તેમના ગણવેશ પણ એવાં જોવા મળે કે વૃક્ષો પર ચડવા જેવી કે એવી કોઈ મુશ્કેલ રમતો જેવી, કેટલીક શાળાકીય પ્રવૃતિઓમાં અનુકૂળ ન પડે. બીજું, બાળકો સ્કુલે આવવા માંડે ત્યારથી જ તેમના મનમાં આ ભેદ ઘર કરી ગયેલો હોય છે. શાળાઓ આ બાબતને અવગણતી હોય તે એક આમ બાબત છે ત્રીજું, શાળાના પર્યાવરણમાં છોકરીઓ જાતીયતાની પણ શિકાર બને છે. પુરુષો પૈસા, માર્ક કે એવી કોઈ બાબતની લાલચ આપીને તેને જાતીય રીતે સતાવે અને તેમાં નિષ્ફળ જાય તો હિંસાનો આશરો લે.

મૂળતઃ લિંગભેદ છોકરીઓ અને મહિલાઓના તેમના પસંદગીના સ્વાતંત્ર્યથી વંચિત રાખવા સિવાય બીજું કાંઈ જ નથી.



નોંધ



આપણને આપણી સામાજિક સંસ્થાઓમાં પણ લિંગભેદનાં ઉદાહરણ જોવા મળે છે. ઘણી બધી સંસ્કૃતિઓમાં પારિવારિક કે દબાણપૂર્વકનાં લગ્નો ઘણી સામાન્ય છે અને એનું પરિણામ આવે છે જાતીય સતામણી. છૂટાછેડાના કે વારસાઈના સમાન હક્કો સ્ત્રીઓને મળેલા નથી હોતા. બહુપત્નીત્વ એ પણ લિંગભેદના જ એક કિસ્સો છે. કામનાં ઘણાં ક્ષેત્રોમાં, ખાસ કરીને બિનસંગઠિત ક્ષેત્રોમાં, સ્ત્રીઓને તે જ કામના વેતનમાં પુરુષો કરતાં ઓછું ચૂકવણું કરવામાં આવે છે. નોકરી પર જવા દેવાની બાબતમાં છોકરીઓને નાઉમેદ કરવા બાબતનું વલણ અસામાન્ય નથી.

## ૧૧.૩.૩ લિંગભેદના કારણો

લિંગભેદના પક્ષપાતી વલણ માટેનાં એકદમ સાચાં કારણોનો નિર્દેશ કરવો ઘણી અઘરી બાબત છે. ઘણી બધી સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક અને ઐતિહાસિક બાબતોના સમન્વયમાંથી તેનો ઉદ્‌ભવ થાય છે. આમ હોવા છતાં સ્ત્રી અને પુરુષ વચ્ચેનાં વર્તમાન વિષમતા તરફ લઈ જનાર ઘણાં બધાં પરિબળોને ઓળખી કાઢવાં મુશ્કેલ નથી.

હ્યુમન રાઈટ્સ ઈન્કોર્પોરેશનના મતે, લિંગભેદનાં મુખ્ય કારણોમાંનું એક છે ધર્મ. પરંપરાઓ તથા ધાર્મિક ગ્રંથો લોકોના વિચાર અને પ્રવૃત્તિઓને આકાર આપે છે. ઘણા ધર્મોમાં સ્ત્રીઓને પુરુષો કરતાં નીચી બતાવીને અસમાન સમાજનું સર્જન કરવામાં આવેલ છે. આવાં વિષમતાપૂર્ણ વિધાનોને પ્રશ્નો કર્યા વિના જ તેમના અનુયાયીઓ અનુસરતા હોય છે. લગભગ બધા જ ધર્મોમાં તેમનાં વ્યક્તિગત કાયદા છે અને આવા બધા કાયદા સ્ત્રીઓને ઓછા જ હક્કો આપે છે. તમે જે ધર્મ પાળો છો તેમાં આવી બાબત તમને જોવા મળી છે? મહિલાઓ પ્રત્યેના વિભેદક વર્તનો તમને કોઈ ધર્મગ્રંથો કે ધર્મના આચરણમાં જોવા મળ્યા છે?

આપણે આગળ ભણી ગયા છીએ કે લિંગ એ સામાજિક - સાંસ્કૃતિક વલણ છે. આપણા વિચાર તેમજ આચરણને સંસ્કૃતિ ઘડે છે. પુરુષોનું આધિપત્ય અને સ્ત્રીઓનું આત્મસમર્પણ ઘણી સંસ્કૃતિઓમાં આંતરિક રીતે જ વણાયેલા છે.

બાળકોના ઉછેરમાં તથા તેમના વ્યક્તિત્વ ઘડતરમાં તેમને મળતાં આદર્શ વ્યક્તિઓનાં ઉદારણોની તેમના સામાજિકીકરણમાં અત્યંત ઊંડી અસર પડવાની. બાળકો માટે તો તેમનાં મા બાપ જ આદર્શમૂર્તિ (રોલ-મોડલ) હોય છે. છોકરીઓ પોતાની માને અને છોકરાઓ પોતાના પિતાને અનુકરણથી અનુસરે છે. માબાપ પારંપરિક લિંગભેદને અનુસરીને બાળકોના ઉછેરમાં સ્ત્રીઓની ઉતરતી ભૂમિકાનું ઘણી વખત અનાયાસે દૃઢીકરણ કરે છે. શિશુ અવસ્થાથી માંડી બાળપણ અને તે પછી પણ બાળકો તે જ શીખે છે જે તેમની પાસેથી અપેક્ષિત હોય છે અને તેમનું વર્તન તે રીતનું જ હોય છે. છોકરાઓ અને છોકરીઓને જુદી જુદી રીતે જોવામાં આવે છે અને તેમની સાથે તે મુજબ જન્મથી જ વ્યવહાર કરવામાં આવે છે. મા બાપ પોતાની નવી જન્મેલી છોકરીઓને નાજુક, નમણી, ઢીંગલી કહીને બોલાવે અને છોકરો હોય તો 'ભાયડો' 'મરદ' એવું કહીને બોલાવે. એથી પણ આગળ, નવી જન્મેલી દીકરીઓ અને દીકરાઓ સાથે વ્યવહાર પણ જુદો જુદો કરે છે.

જાતીયતાની એકવાક્યતાના સર્જનમાં સૌથી મોટું પરિબળ છે મા બાપનો તેમનાં બાળકો સાથેનો વ્યવહાર. જાતીયતાની એકવાક્યતામાં તમે તમારી એકની એક માન્યતાઓ, અપેક્ષાઓને કોઈ આધાર વગર છોકરા કે છોકરીની ગુણવત્ત તરીકે માની લો છો. છોકરાઓ અને છોકરીઓને રમતનાં સાધનો પણ જુદાં જુદાં મળે છે. દીકરીઓને વધુ રક્ષણાત્મક કોચલામાં મર્યાદાઓ, નિયંત્રણોની વચ્ચે

નોંધ

રાખવામાં આવે છે. છોકરાઓને તો સાહસ, હિંમત અને સિદ્ધિઓ માટે ઘણાં પ્રોત્સાહનો મળે છે. દીકરા અને દીકરીઓ પાસેથી જુદાં જ પ્રકારનાં અપેક્ષિત વર્તનોની કામના તેમનામાં જોવા મળે છે. જાતિગત યોગ્યતાવાળા વ્યવહાર માટે છોકરાઓ અને છોકરીઓમાં પ્રલોભનો અને પ્રોત્સાહનો પૂરાં પાડવામાં આવે છે અને તેમની અપેક્ષાપૂર્તિ ન થાય તો બાળકોને સજા પણ કરવામાં આવે છે. સાથીમિત્રો પણ જાતિગત એકવાક્યતાને પ્રોત્સાહન આપતાં જોવા મળે છે.

ઘણાં માબાપ તો દીકરીને સાપનો ભારો માનતાં હોય છે અને એટલે તેમની પાછળ શિક્ષણ, આરોગ્ય કે વિકાસના ક્ષેત્રોમાં નાણાં રોકવાનું વલણ તેઓ ધરાવતાં નથી. શિક્ષણનું નીચું સ્તર કોઈ પણ નિમ્નસ્તરીય નોકરી તરફ તેમને દોરી જાય છે. પરતંત્રતાને કારણે પુરુષોમાં સ્ત્રીઓની લઘુતા બાબતનું વલણ દૃઢ થઈ જાય છે. જે સ્ત્રીઓ શિક્ષણથી વંચિત છે તેઓ સાધનોના અભાવને કારણે ભેદભાવ વિરુદ્ધની લડાઈ કરીને પરિસ્થિતિમાં સુધારો પણ કરી શકતી નથી. જે સ્ત્રીઓ શિક્ષણથી વંચિત છે તેમને લિંગભેદ સામે લડાઈ કરવાનાં અને પોતાની પરિસ્થિતિને સુધારવા માટેનાં સાધનો પણ ખૂટતાં જણાય છે.

બાળકો જે પુસ્તકો વાંચે છે, જે વાર્તાઓ સાંભળે છે તેનાથી પણ તેમના મનમાં લિંગલક્ષી ભેદભાવનું તથા પૂર્વગ્રહયુક્ત આચરણનું દૃઢીકરણ થાય છે. પુરુષોની પ્રધાનતાનું દૃઢીકરણ બાળકોના મનમાં તો ત્યારે જ થઈ જતું હોય છે જ્યારે પ્રત્યક્ષ ભૂમિકાઓમાં કન્યાઓ તથા મહિલાઓ તેમને લગભગ જોવા મળતી નથી. શૈક્ષણિક સંસ્થાઓ, શિક્ષકો અને અભ્યાસક્રમો પણ લિંગભેદ તથા પૂર્વગ્રહમુક્ત આચરણોના પ્રોત્સાહનમાં બહુ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. એક જ વર્ગખંડમાં, એક જ શિક્ષકના હાથ નીચે, એક જ અભ્યાસક્રમ ભણનાર છોકરો અને છોકરી બંન્નેની સાથે વ્યવહાર તો જુદો જ થતો જોવા મળે છે. લિંગભેદનાં અન્ય કારણોમાં નિરક્ષરતા, જ્ઞાતિ વ્યવસ્થા, કુટુંબનો મોભો, કુટુંબની આવકનું સ્તર તથા સામાજિક રસમોનો સમાવેશ થાય છે. મૂલ્યો, માન્યતાઓ અને આચરણોનું એક વિષચક્ર છે જે પુરુષો તથા તેમના આધિપત્યની તરફેણ કરે છે (તેને આપણે પિતૃશાહી વ્યવસ્થાનું નામ આપ્યું છે), જે લિંગાનુવર્તી અસમાન સંબંધોનું સર્જન કરે છે.

અત્યાર સુધીમાં તમે જે સમજ્યા છો તે એ કે લિંગલક્ષી પૂર્વગ્રહ અને ભેદભાવનાં મૂળિયાં અનેક સ્થળોએ વ્યાપ્ત છે, અને એટલી જ વિવિધિતાથી તેમનું દૃઢીકરણ થાય છે. કન્યાઓ માટે સમાન પ્રવેશક્ષમતા ત્યારે જ શક્ય છે જ્યારે માબાપ, શાળાઓ, લોકપ્રતિનિધિઓ, પ્રસારમાધ્યમો, સામાજિક સંગઠનો અને ઉત્પાદકો તેમની પ્રવેશક્ષમતાનો સ્વીકાર કરીને સાથે કામ કરે. માબાપે જરૂર છે પોતાની દીકરીના સશક્તીકરણની અનુભૂતિ ઘર અને શાળાના પર્યાવરણમાં જોવા મળે તે માટે સહભાગી થવાની. સરકાર, વહીવટદારો, શાળાઓ અને શિક્ષકોએ કન્યાની સામાજિક સહભાગિતા તથા શિક્ષણને સક્રિય રીતે પ્રોત્સાહન આપવું જોઈએ. જ્યારે આમ થશે ત્યારે લિંગમાં સમાનતા લાવવા માટેની ભૂમિકા મજબૂત થશે.

## ૧૧.૩.૪ લિંગલક્ષી ભેદભાવનાં મૂળ તથા ઈતિહાસ

લિંગલક્ષી ભેદભાવનાં મુળિયાં સમજાવવા માટેના ઘણા સિદ્ધાંતો છે. તેમાં સૌથી પ્રબળ સમજૂતીઓમાં એક છે તે છે 'પદાર્થવાદી સિદ્ધાંતો'. લિંગલક્ષી અસમાનતાને સમજાવવા આ સિદ્ધાંતો સ્ત્રીઓ અને પુરુષોની સ્થિતિ અંગેનો ડેટા સામસામી સંસ્કૃતિઓમાં ઉપયુક્ત કરે છે. આ સિદ્ધાંતોના અનુસરનારા એવું પ્રતિપાદિત કરવા માંગે છે કે લિંગલક્ષી અસમાનતા સમાજમાં રહેલા આર્થિક

નોંધ

## શિક્ષણમાં લિંગસંબંધી સમસ્યાઓ

બંધારણમાં સ્ત્રીઓ અને પુરુષો કઈ રીતે બંધાયેલા છે તેનું પરિણામ છે. મૂલ્યવાન સ્રોતોનું વિતરણ અને નિયંત્રણ એક ચાવીરૂપ હકીકતો તરીકે સમાજ પુરુષને લાભપ્રદ સ્થિતિમાં મૂકે છે તે વાત પર તેઓ ભાર મૂકે છે. આર્થિક અસમાનતા, નિર્ભરતા, રાજકીય અનિશ્ચિતતા, તેમજ અસ્વસ્થ સામાજિક સંબંધો સ્ત્રી અને પુરુષ વચ્ચેની અસમાનતાના મૂળમાં છે. આ સિદ્ધાંતને અનુસરનારા એવો મત ધરાવે છે કે સ્ત્રીઓની અધીનતા તે તેની જૈવિક નહી, બલકે સામાજિક ઘટનાનું પરિણામ છે.

કૌટુંબિક બંધારણાના ઉદ્ભવ વખતે જરૂર પડી કામના વિતરણની. કારણો સમજી શકાય એવાં છે. પણ ઘરનાં કામ સ્ત્રીને ભાગે આવ્યાં અને અને પુરૂષ ઘરની બહારનાં કામોમાં જોતરાયો. આ પ્રકારાનું શ્રમવિભાજન ખાસ કરીને સ્ત્રીઓને મર્યાદાઓમાં બાંધતું રહ્યું અને પુરુષો માટે ફાયદાકારક સાબિત થયું. પુરુષો જાગીર, સત્તા અને મોભા સાથે સંકળાતા રહ્યા. પ્રજોત્પત્તિ ભૂમિકા તથા ઘરગથ્થુ કામોએ સ્ત્રીને પેલા બહુમૂલ્ય સ્રોતો પરની પહોંચ તથા નિયંત્રણ પર મર્યાદા બાંધી દીધી. લિંગગત અસમાનતાના મૂળ બાબતે બીજી પણ થીયરીઓ છે. તેમના વિશે જાણવાનો પ્રયત્ન કરો.

જાતીયતાવાદે તો ઐતિહાસિક રીતે સ્ત્રીઓને સૌથી વધુ નુકસાનની સ્થિતિમાં મૂકી દીધેલ છે. શિક્ષણની રાષ્ટ્રીય નીતિ ૧૯૮૬માં લિંગલક્ષી ભેદભાવ લાંબા ઈતિહાસને પિછાણ્યો છે. તેમાં જણાવ્યું છે કે લિંગલક્ષી ભેદભાવ એ ભૂતકાળની ‘બહુગુણિત વિકૃતિ’ છે.

સ્ત્રીઓના યોગ્ય વર્તનના ભારતીય વિચારનાં મૂળ છેક ૨૦૦ ઈ.પૂ.માં મનુએ પ્રસ્થાપિત કરેલી આચારસંહિતામાં જોવા મળે છે.

1 x 3. પિતા તેનું બાળપણમાં રક્ષણ કરે છે, તેનો પતિ યુવાનીમાં તેનું રક્ષણ કરે છે, એમ પુત્રો તેનું ઘડપણમાં રક્ષણ કે છે. સ્ત્રી ક્યારેય સ્વતંત્રતા માટે યોગ્ય ન હતી.

કેટલાકે વિદ્વાનો એવું માને છે કે પ્રાચીન ભારતમાં સ્ત્રીઓ સમાન દરજ્જો અને હક્કો ભોગવતી હતી. પણ સ્ત્રીઓના દરજ્જામાં ઘટાડો જોવા મળ્યો સ્મૃતિકાળમાં જ્યારે અન્ય સંસ્કૃત્તિઓના શાસકોના આક્રમણના પરિણામે ભારતીય સ્ત્રીની સ્થિતિ એથી પણ વધુ બગડી જ્યારે મધ્યકાળમાં કેટલાક સમાજોમાં સતિપ્રથા, બાળલગ્નો, દહેજપ્રથા તથા વિધવા વિવાહ પર પ્રતિબંધ જેવા કુરિવાજો સામાજિક જીવનના ભાગ બની ગયા. માથે ઓઢવાનો રિવાજ દાખલ થયો. દેવદાસીઓનું જાતીય શોષણ થવા માંડ્યું બહુપત્નીત્વ વધુ પ્રસાર પામવા માંડ્યું અને ઘણા પુરુષોમાં તો તે એક મોભો ગણાવા લાગ્યો. જૈનપંથની સુધારાવાદી વિચારસરણી દ્વારા તેમની ધાર્મિક વ્યવસ્થામાં તેમનો સ્વીકાર થયો. આમ હોવા છતાં સ્ત્રીઓને મોટે ભાગે મર્યાદિતતા અને નિયંત્રણોનો સામનો કરવો પડતો. બાળલગ્નની પ્રથોનો આરંભ છઠ્ઠી સદીની આસપાસ થયો હોવાનું માનવામાં આવે છે. આજે પણ શિક્ષણ, વિકાસ અને કાયદાઓનું અસ્તિત્વ હોવા છતાં, સમાજમાં સ્ત્રીઓ પ્રત્યેનું દમન હજુ પણ ચાલુ છે. જાતીય શોષણના અનેક બનાવો આજે પણ બને છે. તે સિવાય સ્ત્રીઓની હેરફેર, દહેજ-મૃત્યુ, ઘરેલુ હિંસા, અપહરણ, ત્રાસ ગુજારવો, બળાત્કાર તથા હુમલા, જનનાંગ વિકૃતિ, સ્ત્રીભ્રૂણ હત્યા, સ્ત્રીબાળ હત્યા, વડીલ સ્ત્રીઓની અવગણના હજુ પણ અટક્યા વગર આગળ વધી રહી છે.



નોંધ

**પ્રવૃત્તિ ૧૧.૨**

૧. નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો ખોટાં હોય તો વિધાનો સુધારીને લખો.

૧. પુરુષ બાળની પસંદગી તે સ્ત્રીઓ પ્રત્યેના પૂર્વગ્રહનું પરિણામ છે.

૨. લિંગ સમાનતાને આગળ ધપાવવામાં માબાપની કોઈ ભૂમિકા નથી.

૩. લિંગન્યાર્થી સમાજની રચનામાં શિક્ષકો બહુ મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે.

૪. PNDT એક્ટની રચના ભારતમાં આલતા દહેજના કુરિવાજને નાથવા માટે કરવામાં આવી.

૫. સ્ત્રી અને પુરુષ એવો ભેદભાવ ભારતનું બંધારણ કરતું નથી.

૬. દર હજાર પુરુષે સ્ત્રીઓનું પ્રમાણ આપણા દેશમાં ઘટી રહ્યું છે.

૭. સ્ત્રીઓની પરાધીનતા માટે મોટે ભાગે જૈવિક કારણો જવાબદાર છે.

૮. પોતાના વર્ગખંડના વ્યવહારમાં બધા શિક્ષકો લિંગ સંવેદનશીલતા રાખે છે.

૨. લિંગલક્ષી ભેદભાવ કે લૈંગિક પૂર્વગ્રહ દર્શાવનાર ઉદાહરણ નીચેનામાંથી કયું છે?

૧. કેટલાંક શાળાનાં કામો છોકરીઓને ન ચીંધનાર શિક્ષક.

૨. ઉચ્ચ શિક્ષણમાં બધી કન્યાઓને ફીમાંથી મુક્તિ અને શિષ્યવૃત્તિ પૂરી પાડવી.

૩. જિલ્લા પંચાયતો તથા ગ્રામપંચાયતોમાં સ્ત્રી ઉમેદવારોને અનામત આપવી

૪. ફરિયાદ લઈને કોઈ સ્ત્રી આવે તો પોલીસ કેસ હાથમાં ન લે.

૫. બસોમાં સ્ત્રીઓની છેડતી.

૬. સરકારી દવાખાનાઓમાં સ્ત્રી દર્દીઓ જુદો તપાસખંડ પૂરો પાડવો.

૭. સ્ત્રીઓને માતૃત્વ તેમજ બાળસંભાળની રજાઓ મંજૂર કરવી.

૮. અત્યાચારનો ભોગ બનેલી સ્ત્રી કોઈને કાંઈ પણ ન કહે તેમ જણાવવું.

૩. નીચે આપેલા વિધાનોનો સૌથી વધુ યોગ્ય વિકલ્પ પસંદ કરો :

૧. સ્ત્રીઓ કોઈ પણ પ્રકારની આઝાદીને લાયક નથી આ પ્રકારનું વિધાન ધરાવતું સાહિત્ય :

(a) રામાયણ (b) મનુસ્મૃતિ (c) મહાભારત (d) ઉપનિષદો

૨. નીચેનમાંથી કઈ વસ્તુ ભારતમાં ગેરકાયદેસર નથી?

(a) સતી થવું કે સતી બનવા ઉત્તેજવું

(b) દહેજ આપવું કે લેવું

(c) સ્ત્રીઓની રમતોને પ્રોત્સાહન આપવા છોકરીઓને ખાસ હક આપવો

(d) કામના સ્થળે જાતીય સતામણી

નોંધ

૩. નીચેનામાંથી કયું લિંગલક્ષી ભેદભાવનું ઉદાહરણ છે?

(a) બાળકના પ્રગતિપત્રકમાં માતા અને પિતા બન્નેનાં નામોનો ઉલ્લેખ કરવો

(b) બિનપારંપરિક અભ્યાસક્રમો લેવા છોકરીઓને પ્રોત્સાહિત કરવી

(c) સ્ત્રીઓની ગુપ્તતાની જરૂરિયાતને માન આપવું.

(d) સરખા પ્રકારની નોકરીમાટે સ્ત્રીઓ કરતાં પુરુષોને વધુ પગાર આપવો.

## ૧૧.૪ લિંગગત દરજ્જાની સ્થિતિ દર્શાવતો આંક

સ્ત્રી અને પુરષની અસમાનતાને સમજવા આપણે સ્ત્રી અને પુરુષના દરજ્જાને સમજવાની જરૂર છે. સ્ત્રી અને પુરુષને સમાન તકો, સમાન હક્કો અને એકસરખું સન્માન મળે છે ખરું? ભારતમાં તેની સ્થિતિ શું છે? જો લિંગગત અસમાનતા પ્રવર્તતી હોય તો તે દર્શાવતો આંક કયો? આપણા સમાજમાં શિક્ષણ, આરોગ્ય, જાગીરની માલીકી, કામમાં ભાગીદારી, લગ્નની ઉંમર, સ્ત્રીઓ સામેના અત્યાચારોની સ્થિતિથી સ્ત્રી અને પુરુષના દરજ્જાનું નિર્ધારણ થાય છે. આ સ્થિતિ/દરજ્જો દર્શાવતા આંકનો ચાલો, આપણે અભ્યાસ કરીએ:

### ૧૧.૪.૧ જાતિનો ગુણોત્તર




સમાજમાં સ્ત્રીના દરજ્જાનો બહુ જ મહત્ત્વનો અને સંવેદનશીલ દર્શક અંક છે જાતિનો ગુણોત્તર. જાતિનો ગુણોત્તર દર ૧૦૦૦ પુરુષે સ્ત્રીઓની સંખ્યાના અંક પરથી નક્કી થાય છે. દરેક સમાજમાં દર ૧૦૦૦ પુરુષે સ્ત્રીઓની સંખ્યા ઓછામાં ઓછી ૧૦૦૦ હોવી જોઈએ. કમનસીબે આપણા દેશમાં સ્ત્રીઓની સંખ્યાનો દર નીચો જ જઈ રહ્યો છે. આ પરિસ્થિતિ વધુ વણસતી દેખાય છે શહેરી વિસ્તારોમાં. બીજું એક એવું જ મહત્ત્વનું પરિબળ છે બાળકની જાતિનો ગુણોત્તર અને આ ગુણોત્તર ૦-૬ વર્ષની વયનાં બાળકોનો છે. યુનાઈટેડ નેશન્સ ચિલ્ડ્રન્સ ફંડના અંદાજ મુજબ ભારતની વસ્તીમાં ૫ કરોડ છોકરીઓ અને મહિલાઓ ઓછી પડે છે અને એનું કારણ છે સ્ત્રી ભ્રૂણ હત્યા અને યોગ્ય સંભાળના અભાવે કન્યાઓનો ઊંચો મૃત્યુદર. ૧૯૦૧ થી ૨૦૧૧ નો વસ્તી ગણતરીનો અહેવાલ બતાવે છે કે જાતિના ગુણોત્તરમાં ક્રમિક ઘટાડો દેખાઈ રહ્યો છે. શહેરી વિસ્તારોમાં જાતિના ગુણોત્તરમાં ઘટાડો ગ્રામીણ વિસ્તારો કરતાં ઘણો ઝડપી છે. ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ, આપણા દેશમાં જાતિ ગુણોત્તર ૯૧૪ આવ્યો. આ બિનતંદુરસ્ત પરંપરા ઓછે-વત્તે અંશે, ચાલુ જ છે. આપણું ભવિષ્ય બચાવવું હશે તો આપણે આપણી કન્યાઓને બચાવવી પડશે.

### ૧૧.૪.૨ શિક્ષણ

કુટુંબમાં અને સમાજમા સ્ત્રીના દરજ્જાને સીધો સંબંધ છે તેના શિક્ષણ સાથે. આમ, લિંગગત સમાનતા તથા સશક્તીકરણના એકદમ પાયાના આંક તરીકે શિક્ષણ એક મહત્ત્વનો એકમ છે. મહિલા સાક્ષરતાનાં સ્તરો, લિંગની વિષમતાના સ્તરો, પ્રાથમિક શિક્ષણના સ્તરે નામનોંધણીના તથા શાળામાંથી નીકળી જનારાના આંકડા મહત્ત્વના આંક છે. શિક્ષણના ઊંચા સ્તર તેમનાં જીવનમાં આત્મસન્માન ઉચ્ચતર આવકની ક્ષમતા, સારું આરોગ્ય અને જીવન પરના બહેતર નિયંત્રણની વધુ સંભાવ્ય ખાતરી આપે છે.

સ્ત્રીઓના સ્વાધીનપણા બાબતે શિક્ષણના મૂલ્યનો સ્વીકાર ઘણો વ્યાપક હોવા છતાં શિક્ષણમાં સમાનતાનું સ્તર હજુ કાબૂમાં આવવું ઘણું મુશ્કેલ છે. સાક્ષરતાના દરમાં હજુ બહુ મોટો લિંગભેદનો અંતરાલ છે શાળાઓમાં વિવિધ સ્તરે વધુ ને વધુ છોકરીઓ ભણવાનું છોડીને નીકળતી જાય છે. ૨ કરોડ ૪૫ લાખ ભારતીય સ્ત્રીઓ લખવા વાંચવાની પાયાની ક્ષમતા ધરાવતી નથી. ઈ.સ. ૨૦૦૦ માં પ્રૌઢ શિક્ષણનો સાક્ષરતા દર ૧૫ વર્ષ તથા તેથી વધુ ઉંમર માટે ૪૬.૪% હતો. સ્ત્રીઓ માટે અને તે પુરુષો માટે હતો ૬૯%. કન્યાઓના નીચા દર માટે તમારા મતે કયાં કયાં પરિબળો જવાબદાર છે? તમારી શાળાની આજુબાજુની બધી છોકરીઓ નિશાળે આવે છે? જો ના આવતી હોય તો તેનાં શક્ય કારણો કયાં? શોધી કાઢો.

સાક્ષરતાનો દર એક આંક છે. એવાં બીજાં પણ આંક છે કે જેમાં નામનોંધણીના દરો, શાળા છોડી દેવાના કિસ્સાના દરો અને જુદાં જુદાં ધોરણના સ્તર પર છોકરીઓની સંખ્યા જેવાં પરિબળોનો સમાવેશ થાય છે.




**૧૮. આકૃતિ : ૭**

ભારતમાં સ્ત્રીઓનો શિક્ષણપ્રાપ્તિ નો દર

(સ્રોત : ૨૦૦૧)

| | |
|---|---|
| ઉચ્ચ માધ્યમિક અને તેથી ઉપર | ૦૪% |
| માધ્યમિક | ૦૫% |
| મિડલ સ્કુલ | ૦૯% |
| પ્રાથમિક | ૧૩% |
| ઔપચારિક | ૦૭% |
| અનૌપચારિક | ૦૧% |



નોંધ

ભારતીય સ્ત્રીઓની શૈક્ષણિક પ્રાપ્તિના આંકડા ઉપરની આકૃતિ ૧ માં દર્શાવેલ છે. તેમાં તમે એ પણ નોધ્યું હશે કે શિક્ષણ પ્રાપ્તિનાં સોપાનોમાં જેમ આગળ જઈએ છીએ તેમ સ્ત્રીઓની સંખ્યામાં ઘટાડો થતો જોવા મળે છે. પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકીકરણમાં ભારતનાં ઘણાં રાજ્યો હજુ ઘણાં પાછળ છે. તમારા રાજ્યમાં સ્થિતિ શુ છે? પડકારને ઝીલવા માટે કેવાં પગલાં ભરાઈ રહ્યાં છે?

## ૧૧.૪.૩ આરોગ્ય

બધાં સ્ત્રી તથા પુરુષોને આરોગ્ય અને તંદુરસ્તીનો પાયાનો અધિકાર છે. આમ છતાં, આંકડા તો એમ કહે છે કે આરોગ્યપ્રાપ્તિના દરજ્જામાં આરોગ્ય સેવાઓની સમપ્રાપ્તિમાં તથા આરોગ્યના પરિણામોમાં લિંગાનુવર્તી વિષમતા ઘણી મોટી છે. બીજા બધા ઉંમરના તબક્કાઓ સાથે સરખાવીએ તો છોકરીઓનો શિશુ અવસ્થાનો મૃત્યુદર સૌથી વધુ જોવા મળે છે.

જન્મતાંની સાથે પહેલા જ વર્ષની અંદર અંદર દર હજાર બાળકોએ થંતાં બાળકોનાં સંભવિત મરણના દરને ઈન્ફન્ટ મોર્ટાલિટી રેટ (IMR) બાળમરણ દર કહેવામાં આવે છે. જૈવિક તથા જનીની કારણોને લીધે સ્ત્રીશિશુ કરતાં નરશિશુનાં વધુ મરણ સંભાવી કહેવાય છે. આમ છતાં, ભારતમાં બાળમરણનો દર પુરુષ મૃત્યુદર કરતાં ઘણો આગળ નીકળી જાય છે. આ બતાવે છે કે મૃત્યુદર પર સામાજિક - સાંસ્કૃતિક બાબતોની કેવી અસર છે.

ભારતમાં સ્ત્રીઓ સરેરાશ ૧૪૦૦ કેલરી જેટલો પોષણક્ષમ આહાર લે છે તેવું અંદાજવામાં આવે છે. આવશ્યક જરૂરિયાત છે લગભગ ૨૨૦૦ કેલરી. ઘણી કન્યાઓ અને મહિલાઓ પોષણલક્ષી ઊણપ, લોહીની ઊણપ તથા વજનની અલ્પતાનો ભોગ બનેલી છે તે બતાવે છે.

છોકરીઓના લગ્નની કાયદેસર ઉપર ઓછામાં ઓછા ૧૮ વર્ષ છે આ પ્રકારના નિયંત્રણો હોવા છતાં ઘણી છોકરીઓના ૧૮ વર્ષ પહેલાં લગ્ન કરાવી દેવામાં આવે છે. મધ્યપ્રદેશ, રાજસ્થાન, આંધ્રપ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ તથા ઉત્તર પ્રદેશ જેવાં રાજ્યોમાં સમસ્યા અતિ વિકરાળ છે. વહેલી ઉંમરનાં લગ્ન ઘણી વખત પરિણમે છે વહેલી પ્રસૂતિ, બાળપણનું નિકંદન અને શિક્ષણના નામે મીંડું બહું નાની ઉંમરે પ્રસૂતિને કારણે અલ્પ વજનનાં બાળકોનો જન્મ, મરેલાં જન્મે કે ગર્ભપાત થાય. આવું, જોવા ત્યાં મળે છે જ્યાં ગર્ભવતી માતાઓ અનારોગ્ય તથા પોષણક્ષમ આહારના અભાવથી પીડાતી હોય છે. ૨૦૦૦ માં કરાયેલા કુટુંબ કલ્યાણ મંત્રાલયના અંદાજ મુજબ ૨૦૦૧ માં જે આંકડો છોકરીઓની લગ્નની સરેરાશ ઉંમરનો ૧૮.૩ હતો તે વધીને ૨૦.૬ થયો છે. આ એક આવકાર્ય વલણ છે.

એવો એક અંદાજ છે કે ભારતમાં બધા HIV પોઝીટીવ લોકોમાંથી સ્ત્રીઓ છે. આમ છતાં, એઈડ્સ સાર સંભાળ સંસ્થાઓમાં જવાવાળી સ્ત્રીઓનો દર ૨૫% છે. દેખીતું છે કે બાકીની સ્ત્રીઓની અવગણના થાય છે. ભારતમાં લગભગ ૯૨% સ્ત્રીઓ પ્રજનન સંબંધી સમસ્યાઓથી પીડાય છે. રોજની સરેરાશ ૩૦૦ સ્ત્રીઓ બાળજન્મ તથા પ્રસૂતિ સંબંધિ કારણોને લીધે મૃત્યુ પામે છે. પ્રતિ વર્ષ, પ્રતિ ૧,૦૦,૦૦૦ પ્રસૂતિ દરમ્યાનનો માતાઓના મૃત્યુદરની સરેરાશ, ભલે ઘટતી જતી હોય પણ, વિષય ચિંતાનો છે.

આરોગ્યના અન્ય આંક મુજબ માતાઓનો મૃત્યુદર, પ્રજનનક્ષમતાના દર તથા જીવનવહન ક્ષમતા જેવાં બીજી પણ પરિબળો છે. આ માપદંડો પર સ્ત્રીઓની સ્થિતિ જાણવાનો પ્રયત્ન કરો.

## ૧૧.૪.૪ કાર્યકરોની સહભાગિતા

સ્ત્રીઓ અને પુરુષોની સાપેક્ષ જાગીર, સત્તા તથા રૂઆબ બાબતે બહુ મોટો નિર્ણાયક હિસ્સો તેનું કામ ભજવે છે. કાર્યકરોની સહભાગિતામાં સમાવેશ થાય છે. જે તે વયજૂથના કાર્યની ભાગીદારી જેમાં સક્રિય રીતે કામ કરતાં અથવા તો કામની શોધવાળાં માણસોનો સમાવેશ થાય છે. મહત્ત્વ છે કામમાં સહભાગી થવાનું. કારણ કે તે આર્થિક વૃદ્ધિની સ્થિતિમાન શક્તિ પર અસર કરે છે. સહભાગિતા અને ઉત્પાદકતા એ આવાં ચાવીરૂપ પરિબળો છે જે આર્થિક વૃદ્ધિ પર અસર કરે છે. સ્ત્રીઓ આપણી વસ્તીનો કુલ ૫૦% હિસ્સો ધરાવે છે. આમ હોવા છતાં, તેમનું કાર્યદળોમાં તથા ઉત્પાદક્તામાં સહભાગીપણું ઘણું જ ઓછું છે.

કાર્યસ્થળ એક એવી પાર્શ્વભૂમિ બની શકે છે જ્યાં આપણે લિંગગત અસમાનતાને પ્રત્યક્ષ જોઈ શકીએ. તે એક એવું પરિબળ પણ બની શકે કે જ્યાં અસમાનતાઓને પોષણ મળે છે અને આ રીતે મહિલાઓના  દરજ્જા પર અસર કરે છે સ્ત્રીઓની કાર્યસહભાગિતાના આંકડા એવું બતાવે છે કે કાર્યદળમાં સ્ત્રીઓનો કાર્યદર ઘણો ઓછો હોય છે. છેલ્લા ત્રણ દાયકામાં ગ્રામીણ મહિલાઓ માટે તેનો દર ૩૫% થી ઉપર ગયો નથી અને શહેરી મહિલાઓ માટે તે દર ૧૫% થી ઉપર નથી ગયો. ગ્રામીણ મહિલાઓની સહભાગિતા શહેરી સ્ત્રીઓ કરતાં લગભગ ત્રણ ગણી છે. છેલ્લા થોડાં વર્ષોમાં કાર્યકરોમાં મહિલાઓની સહભાગિતામાં ઘણો હ્રાસ જોવા મળ્યો છે જે ચિંતાનું કારણ છે.

મોટા ભાગની મહિલાઓ આપણને બિનસંગઠિત ક્ષેત્રોમાં કાર્ય કરતી જોવા મળે છે. ખેતી કામ જેવાં અને બાંધકામક્ષેત્રનાં એકદમ નીચાં વેતનવાળાં કામોમાં તેઓ જોવા મળે છે. મોટા ભાગની સ્ત્રીઓને તો મજૂરીના પૈસા પણ મળતા નથી એક અંદાજ મુજબ કુલ હાથેથી કરાતાં કામોનો $^2/_3$ ભાગ સ્ત્રીઓ જ કરી દેતી હોય છે. આમ છતાં આર્થિક વૃદ્ધિમાં તેમનો ફાળો યોગ્ય સ્વીકૃતિ પામતો નથી આવું કેમ છે? શું સ્ત્રીઓ જે કરે છે એ 'કામ' નથી?

એવોજ બીજો પ્રશ્ન છે વેતનની સમાનતાનો વેતનની સમનતા એટલે સમાન કામ માટે સમાન વેતન છેલ્લા ૩૦ વર્ષમાં જ્યારે સ્ત્રીઓની વેતનની સમાનતા બાબતે મોટાં ડગ મંડાયાં છે, ત્યારે સમાન સ્તરના વ્યવસાયમાં કામ કરતાં સ્ત્રી અને પુરૂષોની આવકમાં હજુ પણ મોટી ખાઈ જોવા મળે છે. કામના મૂલ્ય અંગે લિંગલક્ષી મનોવલણો જોવા મળે છે. પારંપરિક રીતે 'સ્ત્રીઓનું કામ' મદદ કરવાનું અને ટેકારૂપ કામ છે. આ કામો પુરુષો દ્વારા કરાતાં કામોની કિંમતને અનુરૂપ મનાતાં નથી. અને એટલે વેતનની ખાઈ જોવા મળે છે. ઓછા વેતનવાળી નિયુક્તિમાં જોડાયેલી સ્ત્રીઓમાં વેતન અંગે સમાધાન કે વિવાદ કરવાની ક્ષમતા ઓછી હોય છે. પુરુષઓ કરતાં સ્ત્રીઓ ખંડસમયનાં કામો કરે તે વધુ શક્ય છે. ઘરનાં કામો માટે તેમને રજા પણ લેવી પડે છે. તેનાથી તેમના હાથમાં આવતા પગાર અને કારકિર્દીની તકો પર બહુ મોટી અસર પડે છે. વેતનની આ ખાઈ બિનસંગઠિત ક્ષેત્રોમાં એકદમ સ્પષ્ટ દેખાય છે.

સ્ત્રીઓ પાસે તેમના નામની કોઈ જાગીર નથી હોતી. અગર હોય તો પણ તેના પર તેમનું નિયંત્રમ નહિવત્ હોય છે. અરે, કામ કરતી સ્ત્રીઓમાં પણ સ્ત્રીઓ પાસે જે છે તેમાં જાગીરનો હિસ્સો ઘણો ઓછો હોય છે. આનાથી સ્ત્રીઓના દરજ્જા પર મોટી અસર પડે છે.

## ૧૧.૪.૫ અત્યાચારો અને ગુનાઓ

સ્ત્રીઓ સામે અત્યાચાર અને ગુનાઓ, સમાજમાં સ્ત્રીની સ્થિતિ કેવી છે તે સારી રીતે દર્શાવે છે. ભલે ને સ્ત્રીઓ લૂંટ કે છેતરપીંડી જેવા સામાન્ય ગુનાઓનાં શિકાર બનતી હોય પણ એવા ગુનાઓને 'સ્ત્રી વિરુદ્ધના ગુના' ગણવામાં આવે છે. જે સ્ત્રીઓને નજરમાં રાખીને આચરવામાં આવતા હોય છે. સ્ત્રી ભ્રૂણહત્યા, ખૂન, બાળ જાતીયશોષણ, છેડતી. યૌનભ્રષ્ટ કરવું, દહેજપ્રથા, વહેલા લગ્ન, બળાત્કાર, ભૂખે મારવું, માનવ હેરાફેરી, વૈશ્યાના વ્યવસાયમાં ધકેલવી, બળપૂર્વક ગર્ભપાત કરાવવો, અપહરણ, જાતીય અંગ છેદન, અભદ્ર રજૂઆતો, ઘરેલુ હિંસા જેવા અનેક ગુનાઓ સ્ત્રીઓ સામે થતા રહે છે. ૨૦૦૫ ના આંકડાઓ જણાવે છે કે દર ૨૯ મિનીટે એક બળાત્કાર થતો રહે છે. દર ૧૫ મિનિટે એક યૌનશોષણનો કિસ્સો બને છે. પ્રત્યેક ૫૩ મિનીટે જાતીય સતામણીનો કિસ્સો બને છે, પ્રત્યેક ૧૪ મિનીટે એક સ્ત્રીની હત્યા થાય છે, પ્રત્યેક ૯ મિનિટે એક ક્રૂરતાની ઘટના જોવા મળે છે, અને પ્રત્યેક ૭૭ મિનીટે દહેજની સતામણીમાં એક સ્ત્રીનું અપમૃત્યુ થાય છે. આ આંકડા નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યૂરો દ્વારા પૂરા પડાયા છે. વધુ વિગતો માટે તમે નેશનલ ક્રાઈમ બ્યુરો ઓફ ઈન્ડયાની વેબસાઈટ પર જઈ શકો છો.

ઘરેલુ હિસ્સા, ઘરની ચાર દીવાલો વચ્ચે થતી હિંસા, લિંગલક્ષી ભેદભાવની એક ગંભીર ઘટની તરીકે વધુને વધુ સ્વીકૃતિ પામેલ છે. ઉચ્ચ શિક્ષણ અને સંપત્તિ અને જાગીરની માલીકીને ઘરેલુ હિંસાના જોખમને ઘટાડવાના પરિબળ તરીકે સમજવામાં આવે છે. સરકારે ૨૦૦૫ માં સ્ત્રીઓ સામેની ઘરેલુ હિંસાને અટકાવવા એક કાયદો ઘડ્યો છે.

સ્ત્રીઓનું સમાજમાં સ્થાન તેની સમાજની સંસ્કૃતિનું નિશાન છે એવું પ્રચલિત લોકોક્તિઓમાં પણ કહેવાયું છે. આમ છતાં, સ્ત્રીઓ તો સમાજે અને સંસ્કૃતિએ ઊભા કરેલા બંધનોમાં બંધાયેલી જ છે. આકૃતિ ૮ માં એક વિષચક્રમાં ફસાયેલી મહિલાઓનો એક એક યોજના પુર્વકનો ડાયાગ્રામ આપેલો છે. આ પડકારોને પહોંચીવળવા આપણે રસ્તા શોધી કાઢવાના છે કે જેના થકી સ્ત્રી અને પુરુષો બંન્ને માટે એક વધુ ન્યાયપૂર્ણ સમાજ રચી શકાય.




**આકૃતિ : ૮ સમાજ અને સંસ્કૃતિના વિષચક્રમાં ફસાયેલી સ્ત્રીઓ.**



નોંધ

## પ્રવૃત્તિ ૧૧.૩

૧. નીચે આપેલા દરેક પ્રશ્નમાં તેની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પની સામે આપેલા અક્ષરને વર્તુલિત કરો :

૧. આપણા સમાજમાં નીચેનામાંથી કયો વિકલ્પ સ્ત્રીના દરજ્જાનો નિર્દેશ નથી કરતો?

(a) જાગીર પરના હક્કો　　(b) શિક્ષણ

(c) માતૃભાષાનું જ્ઞાન　　(d) જાતિનો પ્રમાણદર

૨. જાતિનો પ્રમાણદર એટલે

(a) પ્રત્યેક ૧૦૦૦ પુરુષે સ્ત્રીઓની સંખ્યા　　(b) પ્રત્યેક ૧૦,૦૦૦ સ્ત્રીઓએ પુરુષોની સંખ્યા

(c) પ્રત્યેક ૧૦૦૦ સ્ત્રીઓએ પુરુષોની સંખ્યા　　(d) પ્રત્યેક ૧૦,૦૦૦ પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા

૩. નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(a) આપણા દેશના વિકસિત રાજ્યોમાં પણ જાતિપ્રમાણ દર ઘટી રહ્યો છે.

(b) સ્ત્રીઓનું શૈક્ષણિક સ્તર પુરુષોના કરતાં સહેજ વધુ છે.

(c)ઉચ્ચ વેતનવાળા વ્યવસાયોમાં પુરુષો કરતાં સ્ત્રીઓ આપણને વધુ જોવા મળે છે.

૪. આપણા સમાજમાં સ્ત્રીઓને હાંસિયામાં ધકેલી દેવાની પ્રક્રિયા નીચેની બાબતો સાથે સંકળાયેલી છે.

(a) ગેરલાભોનો અનુભવ કરવો　　(b) પૂર્વગ્રહો

(c) સત્તાવિહીનતા　　(d) ઉપર્યુક્ત ત્રણેય

૫. સ્ત્રીના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(a) શિક્ષણનાં નીચાં સ્તર તેમની પસંદગીના વ્યાપને મર્યાદિત કરે છે.

(b) ઘરની જવાબદારીઓ અને પારંપરિક માન્યતાઓ શાળાશિક્ષણના ઘટાડામાં પરિણમે છે.

(c) વહેલાં લગ્ન એટલે વહેલું ગર્ભધારણ, નબળું સ્વાસ્થ્ય

(d) ઉપર્યુક્ત બધાં વિધાનો સાચાં છે.

૬. નીચે આપેલાં વિધાનોમાંથી કયું વિધાન સાચું છે ?

(a) ઉચ્ચસ્તર શિક્ષણ મેળવનાર મહિલાઓ સુખી જીવન જીવી શકે તે સંભવ નથી.

(b) દેશની આર્થિક પ્રગતિમાં બેરોજગાર સ્ત્રીઓ પણ પરોક્ષ રીતે ફાળો આપે છે.

(c) મહિલા કર્મચારીઓ પુરુષ કર્મચારી જેટલા પગારને લાયક નથી

(d) મજૂરીમાં લિંગવાર પાડેલા ભાગ આપણા દેશની આર્થિક પ્રગતિ માટે સારું છે.



નોંધ

## ૧૧.૪.૬ લિંગલક્ષી ભેદભાવની પેલેપાર

*લિંગલક્ષી ભેદભાવ પૂર્વગ્રહોને પોષે છે અને ન્યાયવિહીન તેમજ સમાનતાવિહીન સમાજને ઉત્તેજન આપે છે. આ અસમાનતા આપણે દૂર કરવી જોઈએ કારણ કે તે ગેર વ્યાજબી છે અને ખોટી છે. લિંગ ભેદભાવ વ્યક્તિની (છોકરીઓ અને મહિલાઓની) માનમર્યાદા જાળવતું નથી, કોઈની મહત્ત્વાકાંક્ષાઓ, કોઈની કાર્યક્ષમતાઓ કે કોઈના સામર્થ્યોની પણ તે કદર કરી શકતો નથી. એના કરતાં તે વ્યક્તિની પ્રગતિને પાછી ઠેલે છે તેનાથી રાષ્ટ્રોના વિકાસ અને સમાજની ઉત્ક્રાન્તિ પર પણ માઠી અસર પડે છે. લૈંગિક સમાનતા આર્થિક અને માનવીય વિકાસના કેન્દ્રમાં જ્યારે સ્ત્રીઓ અને પુરુષોમાં સાપેક્ષ સમાનતા આવશે ત્યારે અર્થતંત્રો વધુ ઝડપથી વૃદ્ધિ પામશે, બાળકોનું આરોગ્ય સુધરશે અને સંસ્કૃતિ પોતાની કાર્યક્ષમતાના ઉચ્ચ સ્તર તરફ આગળ વધશે. લૈંગિક સમાનતા એક મહત્ત્વનો માનવ અધિકાર છે. લિંગલક્ષી અસમાનતા કોઈ પણ સમાજની પ્રગતિમાં મોટો બાધક છે. એનું કારણ એ છે કે તેનાથી વસ્તીના અડધા ભાગના લોકોની તકો પર મોટો કાપ મુકાઈ જાય છે. આપણા ધ્યેયોને સાકાર કરવા અશક્ય ત્યારે બને જ્યારે આપણે માનવ જાતિના અડધોઅડધ હિસ્સાને ભેદ કરીને વંચિત રાખીએ વસતીના તે અડધા ભાગને આપણે સામાજિક અને આર્થિક પ્રવૃત્તિથી તેમ કરીને દૂર ધકેલીએ છીએ. પોતાની પૂરી શક્તિના ઉપયોગ બાબતે સ્ત્રીઓને મર્યાદિત કરી દેવામાં આવે તો સમગ્ર સમાજની તે એક મોટી ખોટ છે. એથી પણ આગળ, અસમાનતાનું એક સ્વરૂપ અન્યોને પોષે છે અને એટલે જ બધાં સ્વરૂપો સામે આપણે બાથ ભીડવી પડે અને બહાર આવવું પડશે. લૈગિંક સમાનતા બન્ને જાતિઓને દમન, દબાણ તથા બીબાઢાળ વલણમાંથી મુક્ત કરે છે અને તેથી એક વધુ સારી સામાજિક વ્યવસ્થા ઊભી કરે છે. આપણે શિક્ષણને લિંગલક્ષી પૂર્વગ્રહોથી મુક્ત કરવા તરફ આગળ વધવાનું છે અને લિંગસંબંધી જ્ઞાન તથા લિંગ સંવેદનશીલતા શિક્ષણની વ્યવસ્થામાં જોડી દેવા અથાક પ્રયત્નો કરવાના છે.*

## ૧૧.૪.૭ વર્ગખંડોમાં લિંગલક્ષી ભેદભાવ

*લિંગાનુવર્તી સંબંધો તથા તેમાંથી મળતી તાકાતને પુનઃવ્યાખ્યાયિત કરવાનું એક શક્તિશાળી સાધન એટલે શિક્ષણ અને એ રીતે જ તે એક સમાજમાં બહુ મોટું પરિવર્તન લાવી શકે તેમ છે. આમ છતાં, શાળાઓ અને શિક્ષકો તથા અભ્યાસક્રમો છોકરાઓ અને છોકરીઓ વચ્ચે ભેદભાવ તથા અસમાનતાઓને સ્થાયી કરી રહ્યા છે. અસંખ્ય અભ્યાસોએ એવું બતાવ્યું છે કે (૧) છોકરાઓ શિક્ષકોનું વધું ધ્યાન મેળવે છે. (૨) છોકરાઓ પ્રત્યે શિક્ષકોનું ધ્યાન વધુ હોય છે. (૩) છોકરાઓને ભણવામાં વધુ મદદ મળે છે. (૪) વર્ગની ચર્ચામાં શિક્ષકો છોકરાઓના વિચારો તથા મતોને વધુ સ્વીકૃતિ આપે છે. (૫) નેતૃત્વના કૌશલ્યને અભિવ્યક્ત કરવા, આંતરવ્યવહારો કરવાની તકો છોકરાઓને વધુ મળે છે. (૬) પોતાની લિંગાનુવર્તી ભૂમિકામાંથી બહાર આવતી છોકરીઓની શિક્ષકો બહુ કડક ટીકા કરતા હોય છે. (૭) છોકરીઓ પાસેથી ઓછા શૈક્ષણિક પરિણામોની અપેક્ષા શિક્ષકો રાખતા હોય છે. (૮) અભ્યાસક્રમની સામગ્રીમાં વ્યક્તિ થયેલા લિંગાનુંવર્તી પૂર્વગ્રહને પ્રશ્ન ઉઠાવ્યા વગર ચલાવ્યે રાખે છે. (૯) શિક્ષકો શાળાના સ્રોતોની ફાળવણી પૂર્વગ્રહોથી પીડાઈને છોકરાઓમાં કરે છે. (૧૦) શિક્ષકો છોકરીઓની જરૂરિયાતો બાબતે અસંવેદનશીલ છે. (૧૧) શિક્ષકો વર્ગમાં તથા બહાર તેમના વ્યવહારમાં જાતિલક્ષી ભાષાનો ઉપયોગ કરે છે.*



નોંધ

પૂર્વગ્રહ તથા અસમાનતા બાળકોના વિકાસ તેમજ ભણતરને બહુ માઠી અસર પહોંચાડે છે. તેમના થકી શત્રુતા, ચિત્તભ્રમ, નબળું, શૈક્ષણિક પરિણામ, નિષ્ફળતા તથા નિરાશા જેવી નકારાત્મકતાને ઉત્તેજન મળે છે.

**સમન્યાય તથા સમાનતા**

*લિંગાનુવર્તી સમન્યાય એક એવી પ્રક્રિયા છે કે જેના થકી સ્ત્રી અને પુરુષ બંન્ને પક્ષે નિષ્પક્ષતા અભિવ્યક્ત થાય છે. નિષ્પક્ષતાની ખાતરી માટે એવાં પગલાં હંમેશાં લેવાવાં જોઈએ કે જેના થકી ઐતિહાસિક કે સામાજિક પરિસ્થિતિઓને કારણે ઊભા થયેલા નુકસાનને ભરપાઈ કરીને રમવા માટેની એક સમતલ સપાટીનું સર્જન કરી શકાય.* **સમન્યાયનો અર્થ છે સમાનતા તથા વાજબી પરિણામોનું સર્જન.**

## ૧૧.૪.૮ લિંગ સાનુકૂલ સમાજના સર્જનમાં શિક્ષકોની ભૂમિકા

'સ્ત્રીઓના દરજ્જામાં પાયાનું પરિવર્તન લાવનારા એક માધ્યમની ભૂમિકા શિક્ષણ ભજવશે' આવું વિધાન ૧૯૮૬ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ દ્વારા અભિવ્યક્ત કરવામાં આવ્યું છે. ભૂતકાળની એકઠી કરેલી વિકૃતિઓને તટસ્થ કરવા સ્ત્રીઓની તરફેણમાં એક સુવ્યવસ્થિત વિચારોની ધાર કાઢવી પડશે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ સ્ત્રીઓના સશક્તીકરણમાં એક સકારાત્મક મધ્યસ્થની ભૂમિકા ભજવશે. પુનઃગઠન કરેલાં પાઠ્યપુસ્તકો, અભ્યાસક્રમો, શિક્ષકોની તાલીમ, અભિમુખતા, નિર્ણયકર્તાઓ તથા વહીવટદારોની સજ્જતા તથા શૈક્ષણિક સંસ્થાઓમાં સૌની સક્રિય ભૂમિકા થકી નવાં મૂલ્યોના વિકાસને ઉત્તેજન આપશે. આ પ્રક્રિયા વિશ્વાસ તથા સામાજિક નિયંત્રણોના દાયિત્વરૂપ રહેશે.

ઉપર્યુક્ત બાબતોમાં સંદર્ભમાં થોડા પ્રશ્ન ઊભા થશે. આપણી શૈક્ષણિક પ્રક્રિયાઓ પરિવર્તન તરફ આગળ વધવા સજ્જ છે? શું આપણા શૈક્ષણિક સંસ્થાનો સામાજિક પરિવર્તન માટે ક્રિયાશીલ છે? શું આપણી શૈક્ષણિક સંસ્થાઓ આ જવાબદારી પ્રત્યે જાગૃત છે? શું તેમની પાસે સ્રોતો પૂરતા પ્રમાણમાં છે જેના થકી પ્રક્રિયાઓ લિંગપ્રતિભાવી બને અને શિક્ષણ પ્રાપ્તિના અનુભવો શક્તિ પ્રદાયક બને? સમસ્યા એ છે કે શિક્ષકો પોતે જ લિંગાનુવર્તી પૂર્વગ્રહોની પકડમાં છે અને લિંગ સંવેદનશીલતાનો તેમનામાં અભાવ જોવા મળે છે. લિંગાનુવર્તી સંવેદનાઓથી ભરપૂર શિક્ષકોની પ્રતિબદ્ધતાથી જ આ પ્રાપ્ત કરી શકાય. તદુપરાંત શાળાઓના સહકારની અપેક્ષા તો ખરી જ શિક્ષકો, એકલે હાથે યા તો સમૂહમાં, જ્ઞાનના વિકાસનો સુપથ નક્કી કરી શકે. સાથે સાથે કૌશલ્ય અભિગમો, સ્ત્રીઓ તથા પુરુષના તંદુરસ્ત ફળદાયી જીવન માટેનાં મુલ્યાંના વિકાસ થકી એક સમસમાજની રચના કરી શકે આ માટે જરૂર છે લિંગાનુવર્તી સંવેદનાની. વર્તમાન સમાજમાં લિંગલક્ષી ભૂમિકાની શિક્ષકોની અસર તેમના વિદ્યાર્થીઓ પર તેમના શૈક્ષણિક પરિણામો તેમજ તેમની સાંપ્રત સમયમાં કેવી ભૂમિકા છે તેની પર બહુ મોટી પડે છે.

શૈક્ષણિક પ્રક્રિયાઓ સ્ત્રી-પુરુષ અંગેના વર્તમાન વલણો તથા લિંગલક્ષી સંબંધો પર વિધાર્થીઓ પ્રશ્નો કરી શકે તે રીતની આમૂલ પરિવર્તનકારી હોવી જોઈએ.

શાળાએ તેથી એવો અવકાશ પુરો પાડવો જોઈએ કે જ્યાં વિધાર્થીઓને તકો મળે જેમાં છોકરાઓ અને છોકરીઓ પ્રશ્નો કરી શકે, ચર્ચાઓ કરી શકે, નવા આયામો વિચારી શકે અને નવી ઓળખ ઊભી કરી શકે અને નવા સંબંધો સર્જી શકે. શિક્ષકને એક વર્ગખંડની બહારના તથા અંદરના વાતાવરણમાં છોકરાઓ અને છોકરીઓ વચ્ચે સામાજિક સંબંધોને આકાર આપવામા એક મહત્ત્વની

ભૂમિકા ભજવી શકે. લિંગલક્ષી સંબંધોને ફરીથી ઊભા કરવામાં અત્યંત અસરકારક ભૂમિકા તેઓ ભજવી શકે અને લિંગલક્ષી સમાનતા માટે પ્રોત્સાહન પૂરું પાડે. એક બાજુ જ્યારે શિક્ષકોજ એ ભૂમિકા ભજવવાના છે જેમાં બધા પ્રકારની લિંગલક્ષી અસમાનતાઓ નાબૂદ થઈ જાય, જેના થકી સમાજમાં પ્રચલિત લિંગભેદને દૂર કરવામાં મહત્ત્વના પરિણામો હાંસલ કરી શકાય. આવું તેઓ ત્યારેજ કરી શકે જ્યારે વર્ગખંડમાં લિંગલક્ષી અસમાનતાઓને ટાળવાના સજાગ પ્રયત્નો તેઓ કરે. તેઓ આવા પૂર્વગ્રહોને સક્રિય રીતે સુધારી શકે અને કામનું વિતરણ સ્રોતોની ફાળવણી, વર્ગખંડનું સંચાલન, શિક્ષણની પદ્ધતિઓનું નિર્વહણ કરીને આ કામ સરળ રીતે કરી શકે. અહીં દર્શાવ્યા છે એવાં પગલાં જેને સજાગ રીતે અમલમાં આણીને શિક્ષકો લિંગલક્ષી પૂર્વગ્રહ દૂર કરીને તથા લિંગલક્ષી સમાનતાને પ્રોત્સાહન આપી શકે.

**આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ**

સમગ્ર વિશ્વમાં દર વર્ષની ૮ મી માર્ચના દિવસે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવવામાં આવે છે. મહિલાઓ માટે પોતાના વિકાસ અર્થે સમાન તક અને સમાન હક માટેના સંઘર્ષનો આ દિવસ છે. મહિલાઓ તથા પુરુષોને લિંગમુક્ત સમાજની રચનાની જવાબદારી પુનઃ યાદ કરાવવાનો આ દિવસ છે. જર્મનીના સમાજવાદી નેતા કાર્લા ઝેટકિન મુખ્યત્વે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના પ્રણેતા છે. તમે તમારી શાળામાં આ દિવસ ઉજવો છો?

- શિક્ષકો વર્ગખંડમાં અને તેની બહાર લિંગલક્ષી ન્યાયપૂર્ણ રીતે પોતાનો વ્યવહાર ગોઠવશે.
- તેમણે સજાગ રીતે તેમના પોતાના વ્યવહારનું નિયંત્રણ કરવાનું છે અને બાળકોના લિંગલક્ષી પૂર્વગ્રહો તથા ભેદભાવોને ઓળખી કાઢવાના છે જેના થકી એવી ઘટનાઓ પુનઃ ન ઘટે.
- તેમની ભાષાના ઉપયોગમાં જાતીય પૂર્વગ્રહોને ટાળવા જોઈએ. તેમણે લિંગ તટસ્થ ભાષાનો જ ઉપયોગ કરવો પડે તથા બાળકોને પણ તેમ કરવા પ્રોત્સાહન પૂરૂં પાડવું જોઈએ.
- છોકરાઓ તથા છોકરીઓનું સંકલન એવી સમૂહ પ્રવૃતિઓમાં કરવું જોઈએ તથા તેમની બેઠક વ્યવસ્થાનું પણ તે રીતે સંકલન કરવા પ્રોત્સાહન આપવા પ્રયત્ન કરવો જોઈએ.
- લિંગ સંલગ્ન કામો સોંપવાનું શિક્ષકોએ ટાળવું જોઈએ. દાખલા તરીકે સફાઈકામ માત્ર છોકરીઓ જ કરે અને વસ્તુ ઉપાડવાનું તથા ગોઠવવાનું કામ છોકરાઓ જ કરે તે પ્રકારનું વલણ કામો સોંપતી વખતે ટાળવું જોઈએ દરેક કામના અમલીકરણના મિશ્ર જુથોની રચના કરવી જોઈએ.
- શિક્ષકોએ છોકરાઓ તથા છોકરીઓ પાસેથી એક સમાન અમપેક્ષાઓ રાખવી જોઈએ છોકરાઓ પાસેથી 'અઘરા' અને 'શ્રમયુક્ત' કામો કરાવવા તથા છોકરીઓ પાસેથી 'સરળ' તેમજ 'નાજુક' કામો કરાવવા જોઈએ તેવું 'વલણ' શિક્ષકોએ કામની અપેક્ષા બાબતે પણ ન રાખવું જોઈએ શિક્ષકોએ છોકરીઓને બાકાત રાખીને છોકરાઓ 'શ્રમયુક્ત' રમતો રમતાં હોય તો તેવા વલણનું સમર્થન ન આપે તે જોવું જોઈએ શિક્ષકોએ અપેક્ષાઓની વર્ગમાં ચર્ચા કરવી જોઈએ અને તેમને કોઈ લિંગવાદનો કોઈ પણ ભોગ તેઓ નહી બને તેની સ્પષ્ટતા કરવી જોઈએ. શિક્ષકોએ લિંગ-સંવેદનશીલતા તથા લિંગ - સમન્યાયી રીતે અભ્યાસ ક્રમ ચલાવવાનો છે. છોકરાઓ તથા છોકરીઓ બન્ને સમક્ષ આદર્શ ભૂમિકારૂપ વર્તન થકી ન્યાયપૂર્ણ વર્તન દાખવવાનું છે.



નોંધ

- 'સિદ્ધિપ્રાપ્તિમાં જાતિગત અંતર' ને દૂર કરવામાં શિક્ષકોએ આગે કદમ રહેવાનું છે. ખુદ લિંગ વિશેના જ ખ્યાલોને પડકાર આપીને આ કામ કરી શકાય લિંગાનુવર્તી રિક્તતાઓને પૂરી દેવા માટેનાં ન્યાયપૂર્ણ પગલાં લેવામાં ખચકાટ ન અનુભવવો જોઈએ.
- લિંગલક્ષી પૂર્વગ્રહ અને ભેદભાવના બનાવોની ચર્ચાને બહાર લાવવાની તક શિક્ષણકોએ ન ચૂકવી જોઈએ. આનાથી બાળકોને છોકરા અને છોકરી તેવું બીબાંઢાળ વલણ પડકારવામાં મદદ મળે છે.
- શિક્ષકોએ છોકરીઓને તેમના વ્યાપારનિગ્રહો દૂર કરીને વર્ગખંડની પ્રવૃત્તિઓમાં સમાન રીતે ભાગ લેવો જોઈએ. તેમના ખોટા જવાબો કે અયોગ્ય પ્રતિભાવોની ટીકા ન થવી જોઈએ.
- નેતૃત્વ તથા અન્ય વિદ્યાર્થીલક્ષી જવાબદારીઓથી શિક્ષકો તથા સાથી મિત્રો તરફથી માન મળે છે અને ક્ષમતાઓ. સ્વનિગ્રહ તથા સ્વમાનયુક્ત છબી ઊભી કરવામાં કારણભૂત બને છે. શિક્ષકોએ આ પ્રવૃત્તિઓનું આયોજન એવી રીતે કરવું જોઈએ કે છોકરીઓની આત્મછબી તથા આત્મ સન્માનમાં એક સમાન રીતે દઢીકરણ થાય.
- પોતાની શાળાનાં બધાં ક્ષેત્રોમાં ઘણી છોકરીઓને અનુકુળતાનો અનુભવ નથી થતો, તેમને વાતાવરણ આવકારદાયક નથી લાગતું અને બધે હરી ફરી શકાય તેવું નથી લાગતું શિક્ષણના બધાં સાધનો તેમની પહોંચમાં નથી તેવું તેમને લાગે છે. મુક્ત હરવા ફરવા પર નિયંત્રણ અને સ્રોતોની સંપ્રાપ્તિ થકી તેમને સમાન વ્યવહાર, સત્તા, નિયંત્રણ અને અપેક્ષાઓના મજબૂત પાઠ ભણાવી શકાય શિક્ષકોની એક જવાબદારી છે કે છોકરીઓ અને છોકરાઓની જેમ બધી પ્રવૃત્તિઓમાં રાહત અનુભવાય તેમ કરવું જોઈએ. દરેક છોકરી તથા છોકરાને સમાન રીતે શાળાનો પૂરેપૂરો અભ્યાસક્રમ ભણવાનો અધિકાર છે.
- આજની છોકરીઓ આવતીકાલની સન્નારીઓ છે, તેમણે છોકરાઓ જેટલી જ કારકિર્દીની તકો માટે તૈયાર કહેવું જોઈએ. છોકરીઓની કારકિર્દીના વિકાસમાં શિક્ષકોએ એક મહત્ત્વની ભૂમિકા ભજવવાની છે.
- પુરુષ શિક્ષકો તથા વિદ્યાર્થીઓ દ્વારા છોકરીઓની શારીરિક કે શાબ્દિક છેડતી તે વિશ્વવ્યાપી સમસ્યા છે. જાતીયતાલક્ષી ઉદ્‌ગારો, અપમાનો, ધમકીઓ છોકરીઓને હંમેશાં હતોત્સાહિત કરે છે. તેનાથી શાળાકીય પ્રવૃત્તિઓમાં મુક્તમને ભાગ લેવામાં મોટા અવરોધ સાબિત થાય છે. શિક્ષકોએએ નિશ્ચિત કરવું જોઈએ કે છોકરીઓ આશ્વસ્ત થઈને પૂર્ણરૂપે ભાગ લઈ શકે તે પ્રકારની ન્યાયપૂર્ણ પરિસ્થિતિનું સર્જન કરવું જોઈએ
- આપણા દેશની સામાજિક, આર્થિક તથા રાજકીય પ્રગતિમાં સ્ત્રીઓના ફાળા તથા સિદ્ધિઓ માટે વધુ માન માગે તે માટે શિક્ષકોએ મુખ્ય ભૂમિકા ભજવવાની છે. તેમના ફાળાને યોગ્ય માન-મરતબો મળવાં જોઈએ આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી, મહિલા નેતાઓ તથા મહિલા વિજ્ઞાનીઓના જન્મદિવસોની ઉજવણી છોકરાઓ તથા છોકરીઓનાં મનમાં સ્ત્રીઓ વિશેની પ્રતિષ્ઠિત ખ્યાલો સુધારવામાં બહુ મોટો ફાળો આપશે.

નોંધ

**તમારી પ્રગતિ ચકાસો : ૪**

૧. *અહીં નીચે થોડા શબ્દો આપેલા છે તેને લિંગ પ્રત્યાહારી શબ્દોમાં પરિવર્તિત કરો :*

| લિંગપ્રતિબદ્ધ શબ્દો | લિંગપ્રત્યાહારી શબ્દો |
|---|---|
| ૧. કૉંગ્રેસમેન | |
| ૨. મૅનપાવર | |
| ૩. લેન્ડ લોર્ડ | |
| ૪. હાઉસવાઈફ, | |
| ૫. પોસ્ટમૅન | |
| ૬. સ્પોર્ટસમેન, | |
| ૭. ચેરમેન | |
| ૮. મેનમેઈડ | |
| ૯. સફાઈ મહિલા | |
| ૧૦. વર્કિંગમેન | |

૨. *આપેલા જવાબોમાંથી યોગ્ય પસંદગી કરીને નીચેના પ્રત્યેક પ્રશ્નનો જવાબ આપો :*

(૧) *નીચેનામાંથી કઈ બાબત શાળા પર્યાવરણમાં લિંગલક્ષી પુર્વગ્રહો અને અસમાનતાને ઉત્તેજન આપે છે ?*

(a) *પાઠ્યપુસ્તકોમાં સ્ત્રી અને પુરુષની ભૂમિકાઓનું સ્થગિતીકરણ*

(b) *છોકરીઓની વિરુદ્ધ છે તેવા વ્યવહારોનું શિક્ષણ*

(c) *છોકરાઓ અને છોકરીઓ માટેના જુદા ગણવેશ*

(d) *ઉપર્યુક્ત બધી બાબતો*

(૨) *નીચેનામાંથી લિંગની બાબતમાં ભાષાના પૂર્વગ્રહથી મુક્ત છે*

(a) *પૌરુષ દેખાવ* (b) *સ્ત્રૈણ નરમાશ* (c) *છોકરી જેવો દેખાવ* (d) *માનવીય*

(૩) *શિક્ષકે કરેલું નીચેનામાંથી કયું વિધાન લિંગલક્ષી પૂર્વગ્રહથી યુક્ત નથી ?*

(a) *છોકરી થઈને તારા કામમાં આટલી બધી અવ્યવસ્થિતતા કેમ ?*

(b) *આખરે તો એ છોકરો છે. એ ફોડી લેશે.*





(c) ગણિત સહિતના બધા વિષયોમાં છોકરા તથા છોકરીઓ બંનેએ સારો દેખાવ કરવો જરૂરી છે.

(d) છોકરાઓ રૂમનું ફર્નિચર ખસેડે પછી છોકરીઓને કચરો વાળી લેવા દો.

(૪) નીચેનાં વિધાનોમાં જાતીયતાનું તત્ત્વ છે. તે ઓળખી બતાવો અને પૂર્વગ્રહમુક્ત બનાવવા તેમાં સુધારો કરો

(a) શાળા વિકાસ સમિતિના ચેરમેને વાલીઓને સંબોધન કર્યું.

(b) વિજ્ઞાનીને પ્રકૃત્તિનો અભ્યાસ કરવામાં રસ હોય છે. પ્રાકૃતિક ઘટનાને નિયંત્રિત કરતા નિયમોને શોધવાનો તે પ્રયત્ન કરે છે.

(c) પ્લાસ્ટિક અને સિમેન્ટ માનવસર્જિત પદાર્થોના ઉદાહરણો છે.

(d) પુરુષો ખેતરમાં કામ કરે છે. અને સ્ત્રીઓ રાંધવાનું તેમજ બાળકોનું ધ્યાન રાખવાનું કામ કરે છે.

## ૧૧.૫ ઉપસંહાર

જાતિ એ પ્રકૃતિની દેન છે તથા લિંગ એ સમાજ તથા સંસ્કૃતિની દેન છે. લિંગભેદ પુરુષ તેમજ સ્ત્રી બંનેને અસર કરી શકે છે. આમ છતાં, વર્તમાન સમયમાં તે સ્ત્રીઓ વિરૂદ્ધ અત્યંત બોજારૂપ છે. સ્ત્રીઓના દરજ્જાને માપવા માટે ઘણા બધા નિર્દેશકો છે જેમાં સમાવેશ થાય છે: શિક્ષણ , જાતીયતાનું પ્રમાણ, માતાઓનો મૃત્યુ દર, કન્યા બાલમૃત્યુ દર, કામમાં સહભાગિતા, જાગીર તથા ભૂમિની માલિકી, રાજકીય સહભાગિતા તથા તેમની વિરૂદ્ધની હિંસા અને ગુનાઓ. લિંગલક્ષી પૂર્વગ્રહો અને ભેદભાવનો ઈતિહાસ બહુ લાંબો છે અને આજે જે જોઈએ છીએ તે ભૂતકાળની વિકૃતિઓનું સહિયારું પરિણામ છે. લિંગલક્ષી ભેદભાવ જુદા જુદા સ્વરૂપો લે છે અને સમાજની સંસ્થાઓ દ્વારા તેમનું સંચાલન થાય છે. લિંગગત અસમાનતા વ્યક્તિઓને, કુટુંબોને, સમાજને અર્થતંત્રને તથા માનવજાતિના વિકાસને પ્રભાવિત કરે છે. લિંગલક્ષી અસમાનતા બદલી શકાય એમ છે અને તે બદલાવી જોઈએ લિંગાનુવર્તી પુનઃસર્જન તથા સામાજિક રૂપાંતરણ શિક્ષકોએ એક અત્યંત મહત્વની ભૂમિકા ભજવવાની છે.

## ૧૧.૬ તમારી પ્રગતિ ચકાસો- ના જવાબો

૧. સાચાં-ખોટાં વિધાનો

(a) ખોટું, (b) સાચું, (c) સાચું, (d) ખોટું, (e) સાચું, (f) ખોટું

૨. વર્ગીકરણ

a. લિંગલક્ષી

b. જીવશાસ્ત્રીય

c. જીવશાસ્ત્રીય

d. લિંગલક્ષી

e. લિંગલક્ષી

f. લિંગલક્ષી

g. જીવશાસ્ત્રીય

h. લિંગલક્ષી

i. લિંગલક્ષી

j. લિંગલક્ષી

k. લિંગલક્ષી

**તમારી પ્રગતિ ચકાસો ૧૧.૨**

૧. સાચાં-ખોટાં વિધાનો

૧. સાચું, ૨.ખોટું, ૩. સાચું, ૪. ખોટું, ૫. સાચું, ૬. સાચું, ૭. ખોટું, ૮. ખોટું

૨. લિંગલક્ષી ભેદભાવ છે કે નહીં તે બતાવો.

૧. હા, ૨. ના, ૩. ના, ૪. હા , ૫. હા, ૬. ના ૭. ના, ૮. હા

૩. ૧-(b), ૨-(c), ૩-(d)

**તમારી પ્રગતિ ચકાસો ૧૧.૪**

૧. લિંગપ્રત્યાહારી શબ્દો

| | | |
|---|---|---|
| ૧. | કૉંગ્રેસમેન | ૧. કૉંગ્રેસપર્સન |
| ૨. | મૅનપાવર | ૨. હ્યુમનપાવર/માનવશક્તિ |
| ૩. | લેન્ડ લૉર્ડ | ૩. લેન્ડહૉલ્ડર |
| ૪. | હાઉસવાઈફ, | ૪. હૉમમેકર |
| ૫. | પોસ્ટમૅન | ૫. પોસ્ટ પર્સન |

| | |
|---|---|
| ૬. સ્પોર્ટસમેન, | ૬. સ્પૉર્ટસ પર્સન |
| ૭. ચેરમેન | ૭. ચેરપર્સન |
| ૮. મેનમેઈડ | ૮. હ્યુમનમેઈડ- માનવસર્જિત |
| ૯. સફાઈ મહિલા | ૯. ક્લીનિંગ સ્ટાફ |
| ૧૦. વર્કિંગ મેન | ૧૦. વર્કિંગ પીપલ |

૨. ૧ - d, ૨. d, ૩. c

૩. a. ચેરપર્સને વાલીઓને સંબોધ્યા

b. એક વૈજ્ઞાનિક કુદરતમાં રસ ધરાવે છે તે/તેણી કુદરતી ઘટનાઓની સંચાલન પ્રક્રિયાને શોધતા હોય છે.

c. પ્લાસ્ટિક અને સીમેન્ટ માનવસર્જિત પદાર્થોમાંથી બનાવેલ છે.

d. સ્ત્રીઓ અને પુરુષો કુટુંબમાં સાથે કામ કરે છે અને તેઓ રાંધવાનું કામ કરે છે તથા બાળકોનું ધ્યાન રાખે છે.

## ૧૧.૭ પ્રકલ્પ કાર્ય અને પ્રશ્નો

૧. તમે જે ભણાવો છો તે પાઠ્યપુસ્તક લો. જો હોય તો ચિત્રો, લખાણ અને ભાષામાં લિંગલક્ષી પૂર્વગ્રહ નિર્દેશિત કરો. તમારા નિરીક્ષણોનો એક રિપોર્ટ તૈયાર કરો.

૨. કોઈ પણ દિવસનું એક છાપું લો. લખાણ/ચિત્રો અને ભાષામાં લિંગલક્ષી પૂર્વગ્રહ નિર્દેશિત કરો. જો તમને કહેવામાં આવે તો તમે કેવા સુધારા તેમાં કરશો?

૩. આપણા સમાજમાં સ્ત્રીઓના દરજ્જા વિશે એક સ્ક્રેપબુક તૈયાર કરો, એવાં ચિત્રો, તથા હેડલાઈનો તેમાં એકત્રિત કરીને લગાડો.

૪. લિંગલક્ષી ભેદભાવનો વિરોધ કરતા તથા લિંગલક્ષી સમાનતાને પોષતા સ્લોગન અને અવતરણો એકત્રિત કરો.

## ૧૧.૮ સંદર્ભસુચિ


1. Report of National Focus Group on Gender issues in education, NCERT,2005
2. Gender Sensitivity: A training Manual, UNESCO, 2004
3. Girls' Education in the 21st Century: Gender Equality, Empowerment, and Economic Growth, World Bank, 2004.
4. UNICEF - Girls' Education [www.unicef.org/girlseducation]

5. UNESCO Education for All [http://www.unesco.org/education/efa/]

6. The United Nations Girls' Education Initiative (UNGEI) [http://www.ungei.org]

7. Sarva Shiksha Abhiyan, MHRD, Govt. of India [http://ssa.nic.in/news/girlseducation- in-india]

## ૧૧.૯ સ્વાધ્યાય

૧. જાતિ અને લિંગ વચ્ચેનો ભેદ બતાવો

૨. તમારા વર્ગમાં છોકરાઓ અને છોકરીઓ વચ્ચેના લિંગલક્ષી તફાવતોની યાદી બનાવો. બન્ને જૂથને લાગુ પડે તેવી સૂચનાઓની યાદી બનાવો.

૩. લિંગલક્ષી ભેદભાવ શું છે? બે ઉદાહરણ આપો.

૪. આપણા સમાજમાં સ્ત્રીઓનો દરજ્જો ઓછામાં ઓછા ચાર નિર્દેશકોની મદદથી સમજાવો.

૫. છોકરીઓના પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકીકરણના માર્ગમાં આવતા મુખ્ય સામાજિક નિયંત્રણો કયાં છે?

૬. તમારા શિક્ષક તરીકેના અનુભવના આધારે શાળાના પર્યાવરણમાં લિંગલક્ષી સમસ્યાનો કઈ પાંચ રીતે અભિવ્યક્ત થાય છે તે બતાવો. તેમનાથી ઉપરવટ જવા શિક્ષક કઈ ભૂમિકા ભજવી શકે?

૭. એવી પરિસ્થિતિઓ છે કે જેમાં છોકરીઓ મુક્તમને ભાગ લઈ શકતી નથી. છોકરીઓના સમર્થનમાં તમે તે પરિસ્થિતિઓ તારવી શકો? તમે તે કામ કઈ રીતે કરો છો?

a. શાળાએ બાળકો માટે ઉજાણીનું આયોજન કર્યું. કેટલાક વાલીઓ તેમની દીકરીઓને મોકલવા રાજી નથી.

b. પોતાના વર્ગના સાથીઓ દ્વારા એક છોકરી પર જબરદસ્તી થઈ રહી છે.

c. એક શાળામાં છોકરીઓને માત્ર ઈન્ડોર ગેમ્સ રમવા દેવામાં આવે છે.

d. તમારા વર્ગની થોડી છોકરીઓ ગણિતમાં સારું કામ કરી શકતી નથી.

e. કેટલાક છોકરા, છોકરીઓ સામે ગંદી ભાષાનો પ્રયોગ કરી રહ્યા છે.

૮. એવી કેટલીક સામાજિક પ્રવૃત્તિઓની યાદી બનાવો જે છોકરા અને છોકરીઓનો ભેદ રાખતી હોય

૯. ટૂકમાં લખી જણાવો કે તમારા વર્ગમાં લિંગ પૂર્વગ્રહ નાબુદ કરવા તમે શું કરવા માંગો છો ?

# એકમ - ૧૨ કન્યાઓનું સશક્તીકરણ

અનુક્રમ


૧૨.૦પ્રસ્તાવના

૧૨.૧ અધ્યયન હેતુઓ

૧૨.૨ સશક્તીકરણની સંકલ્પના

૧૨.૩કન્યાઓના સશક્તીકરણ પ્રત્યેની પહેલ

- ૧૨.૩.૧ સશક્તીકરણનો અર્થ.
- ૧૨.૩.૨ મહિલાઓના સશક્તિકરણના સંકેતાર્થો
- ૧૨.૩.૩ કન્યા- સશક્તીકરણની જરૂરિયાત
- ૧૨.૩.૪ સશક્તીકરણમાં શિક્ષણની ભૂમિકા
- ૧૨.૩.૫ ઔપચારિક તથા અનૌપચારિક શિક્ષણ થકી સશક્તીકરણ

૧૨.૪જીવનકૌશલ્યોનો વિકાસ કરવો

- ૧૨.૪.૧ બંધારણના આદેશો
- ૧૨.૪.૨ સરકારની પહેલ વૃત્તિ તથા નીતિઓ
- ૧૨.૪.૩ ગ્રામીણ કન્યાઓ માટેના કાર્યક્રમ

૧૨.૫મહિલાઓ તથા કન્યાઓના સશક્તીકરણમાં એજન્સીઓની ભૂમિકા

- ૧૨.૫.૧ સરકારની ભૂમિકા
- ૧૨.૫.૨ બિનસરકારી સંગઠનોની ભૂમિકા
- ૧૨.૫.૩ સ્થાનીય નિકાસ સમુદાય (SDMC) ની ભુમિકા
- ૧૨.૫.૪ કન્યાઓના સશક્તીકરણમાં શાળાઓ તેમજ શિક્ષકોની ભૂમિકા

૧૨.૬ઉપસંહાર

૧૨.૭તમારી પ્રગતિ ચકાસો- ના જવાબો

૧૨.૮સંદર્ભસૂચિ

૧૨.૯સ્વાધ્યાય

નોંધ

## ૧૨.૦ પ્રસ્તાવના

દુનિયાની લગભગ ૫૦ ટકા વસ્તી સ્ત્રીઓની હોવા છતાં જીવનનાં બધાં ક્ષેત્રોમાં તે સૌથી મોટા ઉપેક્ષિત વર્ગમાં છે. તે ૨/૩ કાર્ય કરે છે. પરંતુ પરિશ્રમનું ફક્ત ૧/૩ મહેનતાણું જ પ્રાપ્ત કરી શકે છે તથા જમીન સંપત્તિમાં ફક્ત ૧૦ ટકા જ માલિકી ધરાવે છે. અગાઉના એકમમાં આપણે શીખી ગયા છીએ કે કેવી રીતે સ્ત્રીઓ માટે સમાજમાં ભેદભાવ વર્તાય છે અને જાતીય ભેદભાવને કારણે તેમનું શોષણ થાય છે. પરંપરાગત ભેદભાવ તથા જાતીય ભેદભાવને કારણે મોટાભાગની સ્ત્રીઓ ગરીબીની અસ્વીકાર્યમાં પરિસ્થિતિમાં જીવે છે. તેનું કારણ છે આર્થિક અવસર અને સ્વાયત્તતાની ઉણપ, આર્થિક સ્ત્રોતોની ઉણપ, શિક્ષણ તથા સ્વાસ્થ્ય સેવાઓની ઉણપ. વિકાસ અને નિર્ણય પ્રક્રિયામાં તેમનો અવાજ નથી, અને તેથી જ સમાન તક તેમજ શિક્ષણ તથા સશક્તીકરણ દ્વારા અધિકારોને વ્યાવહારિકરૂપે પ્રાપ્ત કરવાની સ્થિતિને સુનિશ્ચિત કરવા માટે ધ્યાન આપવાની તાત્કાલિક જરૂર છે. આ એકમમાં આપણે સશક્તીકરણની સંકલ્પના, સ્ત્રીઓ તથા કન્યાઓના સશક્તીકરણમાં શિક્ષણની ભૂમિકા વિશે ચર્ચા કરીશું. જીવનકૌશલ્યોના વિકાસની આવશ્યકતા તથા કન્યાઓ તથા સ્ત્રીઓ સશક્તીકરણ માટે સરકાર તથા બિનસરકારી સંગઠનોની જરૂરિયાત પહેલ વિશે ચર્ચા કરીશું.

## ૧૨.૧ અધ્યયન હેતુઓ

આ એકમની સમાપ્તિ સુધીમાં આપ શીખી શકશો.

- સશક્તીકરણનો અર્થ
- સશક્તીકરણના વિભિન્ન સંકેતોને ઓળખવા
- કન્યાઓના સશક્તીકરણની જરૂરિયાતનું વિશ્લેષણ
- કન્યા સશક્તીકરણમાં શિક્ષણનું મહત્ત્વ તથા ભૂમિકા વિશે જાણવું
- શિક્ષણ પ્રોત્સાહક સરકારની નીતિઓ તથા અન્ય પગલાં વિશે જાણકારી પ્રાપ્ત કરવી.
- ગ્રામીણ કન્યાઓ તથા મહિલાઓ માટે સરકારી કાર્યક્રમની સૂચિ તૈયાર કરવી
- કન્યાઓ તથા મહિલાઓના સશક્તીકરણમાં બિનસરકારી સંગઠનોની ભૂમિકા ઓળખવી
- કન્યાઓના શિક્ષણની પ્રગતિમાં શિક્ષકની જવાબદારી અને ભૂમિકા સમજવી
- જીવનકૌશલ્યોનું મહત્ત્વ સમજવું

## ૧૨.૨ સશક્તીકરણની સંકલ્પના

આવો સશક્તીકરણની સંકલ્પનાઓ ને સમજતાં પહેલાં રમાના કેસ સ્ટડી પર વિચાર કરીએ.

હલિયાપુરા એક મોટું ગામ છે, જેમાં વિદ્યાલય, દવાખાનું અને પંચાયત ઓફિસ છે. રાધા બહેન ત્રણ બાળકોની માતા છે તથા એક અશિક્ષિત ગરીબ વિધવા છે. તેના પતિના મૃત્યુ પછી તેને જમીનદારોને ત્યાં ખેતમજૂરી કરવી પડતી હતી. ઓછી આવકમાં ઘર સંભાળવામાં તે મુશ્કેલી અનુભવતી હતી. જેથી તેણે પોતાની ૯ વર્ષની પુત્રી રમાને પોતાની સાથે કામમાં જોડી. તથા બે નાના દીકરા સિધ્ધુ (૭ વર્ષ) અને બાબુ (૪ વર્ષ) ને શાળાએ મોકલવાનો નિર્ણય કર્યો.

એક અઠવાડિયા પછી શિક્ષકને આ ઘટનાની જાણ થઈ. જ્યારે રાધાબહેનની વાસ્તવિક પરિસ્થિતિ વિશે જાણ્યું ત્યારે તેને ખૂબ દુ:ખ થયું. અને રમાના ઘરે જવાનો નિર્ણય કર્યો. પહેલાં તે સ્થાનિક મહિલાસંઘના સદસ્યો પાસે ગયા અને તેમને રમાની માને સમજાવવા વિનંતી કરી. બધાએ રાધાબહેનના ઘરે જઈ તેને સમજાવ્યું. એક કલાકની વિસ્તૃત ચર્ચા પછી રાધાબહેનને શિક્ષણનું મહત્ત્વ સમજાવી શક્યા અને રમાને શાળાએ મોકલવાના નિર્ણયમાં તેણે સહમતિ આપી સંઘની બહેનોએ વિષમ પરિસ્થિતિમાં તેને મદદ કરવાની તથા વિધવા પેન્શન સહાય મેળવી આપવાનું વચન આપ્યું. આ પ્રકારે તેની પરિસ્થિતિમાં સુધારો થયો. ચપળ રમાએ શિક્ષકના પ્રોત્સાહનથી તથા તેમના પીઠબળ થકી અભ્યાસ ચાલુ રાખ્યો. બાર વર્ષના અભ્યાસ બાદ રમા એક પ્રશિક્ષિત ફાર્માસિસ્ટ બનીને હલિયાપુર પરત ફરી તેણે ગામલોકોની સેવા કરવાનો નિર્ણય કર્યો. સ્થાનિક બેંકની આર્થિક સહાય લઈને એક મેડિકલ સ્ટોર ખોલ્યો. ઉદ્દઘાટન સમારોહમાં ગામના સરપંચે રમાને શુભકામનાઓ અને અભિનંદન આપ્યાં. તેને એક સશક્ત મહિલા ગણાવી તથા રમાને ગામની દીકરીઓ માટે આદર્શમૂર્તિ ગણાવી. રાધાને પોતાની દીકરી પર ગર્વ થયો. સરપંચે રમાને સશકત મહિલા શા માટે કહી? તેનો અર્થ શો?

આવો સશક્તીકરણ શબ્દને સમજીએ.

## ૧૨.૩ કન્યાઓના સશક્તીકરણ પ્રત્યેની પહેલ

### ૧૨.૩.૧ સશક્તીકરણનો અર્થ

સશક્તીકરણ શબ્દ બન્યો છે. સશક્ત+ઈ+કરણ જેનો અર્થ છે. સશક્ત બનાવવું તે સશક્ત હોવું એટલે શક્તિશાળી હોવું શક્તિ ચાર વિવિધ પાસાઓથી સંચારિત થાય છે.

૧. શક્તિ પ્રદર્શન :- અહીં વ્યક્તિઓ અથવા સમૂહોના આંતરિક સંબંધોમાં તાબેદારી કે પ્રભુત્વનો સમાવેશ થાય છે.

૨. શક્તિ પ્રદાન :- તે શક્તિ નિર્ણય લેવાનો અધિકાર આપે છે. સમસ્યાનું સમાધાન આપે છે અને જેના થકી વ્યક્તિ સહનશીલ તેમજ સક્ષમ બની શકે છે.

૩. આંતરિક શક્તિ :- અહીં આત્મવિશ્વાસ, સ્વનું જ્ઞાન અને સ્વાભિમાન સાથે સંકળાયેલ શક્તિની વાત છે.

૪. શક્તિયુકતતા :- વ્યક્તિઓને સમાન ઉદેશ્ય સાથે સામૂહિક લક્ષ્યોની પ્રાપ્તિ માટે સંકલનનો સમાવેશ અહીં અભિપ્રેત છે.

ઉપરવર્ણિત શક્તિઓના પ્રકાર - શક્તિપ્રદર્શન, શક્તિપ્રદાન, આંતરિક શક્તિ તથા શક્તિયુકતતાને અન્ય શબ્દોમાં સશક્તીકરણ રૂપે સમાવી શકાય. તમામ પ્રકારનાં શોષણના પડકારનો તેમાં સમાવેશ થાય છે. મહિલા સશક્તીકરણની સંકલ્પનાનો વિકાસ સામાજિક તાકાત અને સંસાધનો પરના નિયંત્રણને મહિલાઓના પક્ષમાં ફરીથી વિતરિત કરવાની પ્રક્રિયા રૂપે કરવામાં આવે છે. સંસાધનોને ચાર ભાગમાં વર્ગીકૃત કરવામાં આવે છે. પ્રાકૃતિક સંસાધન જેમ કે જમીન, પાણી, વન, બૌદ્ધિક સંપદા જેમ કે માહિતી, જ્ઞાન. માનવ સંસાધન જેમકે વ્યક્તિ, શ્રમ અને કૌશલ્ય તથા આર્થિક

સંસાધનો જેમકે રૂપિયા, પૈસા અને જમીન-સંપત્તિ. સશક્તીકરણની પ્રક્રિયામાં મહિલાઓ આ સંસાધનો ઉપર નિયંત્રણ પ્રાપ્ત કરે છે. આ સશક્તીકરણની પ્રક્રિયામાં મહિલાઓ આ સંસાધનો પર પ્રભુત્વ મેળવીને પોતાને તાબેદારીમાં મૂકતાં કારણોને પડકારે છે. આમ મહિલાઓ જ્ઞાન પ્રાપ્તિ સુધી મહદ્અંશે પહોંચવાનો તથા વ્યક્તિગત માળખામાં વિશાળ સ્વાયત્તતા, જીવનના ઘરેલુ અને રાજકીય વર્તુળો વચ્ચે વૈચારિક ફાળો આપવા શક્તિમાન બને છે. સશક્તીકરણ એક ઉત્સાહવર્ધક પ્રક્રિયા છે જે મહિલાઓની સ્વતંત્રતા, પડકારની સ્વતંત્રતા સાથે જિંદગીના તમામ ક્ષેત્રોમાં ખુદની જિંદગીમાં પરિવર્તન લાવે છે.

આ પ્રકારે સશક્તીકરણની સંકલ્પના બહુઆયામી છે. સશક્તીકરણને બે સ્તરમાં જોઈ શકાય છે.

૧. વ્યક્તિગત સશક્તીકરણ અને

૨. સામૂહિક સશક્તિકરણ

વ્યક્તિગત સશક્તીકરણમાં સામાજિક - આર્થિક અને રાજનૈતિક સશક્તીકરણ સામેલ છે. સામૂહિક સશક્તીકરણમાં સામૂહિક સહમતિ અને ક્રિયાન્વયન સામેલ છે. સશક્તીકરણની પ્રક્રિયા અવિરત પ્રક્રિયા છે.મહિલા સ્વયંને અશક્ત બનાવે, તમામ બાહ્ય પ્રક્રિયાઓ તેને મદદરૂપ થાય. સશક્તીકરણને કોઈ વિશિષ્ટ પ્રવૃતિ અથવા અંતિમ પરિણામમા રૂપમાં પરિભાષિત કરી શકાતું નથી. અહીં મહિલાઓ સ્વતંત્ર રીતે પોતાની રુચિ તથા આવશ્યક્તાઓનું વિશ્લેષણ કરી વિકાસ માટે પોતાનો અવાજ ઉઠાવી શકે. રમાના કિસ્સામાં શિક્ષણે તેની નિર્ણય શક્તિમાં વધારો કર્યો. હવે તેની પાસે તેની જિંદગી જીવવાની સંપૂર્ણ સ્વતંત્રતા છે. આ સશક્તીકરણ છે.

## ૧૨.૨.૨. મહિલાઓના સશક્તીકરણના સંકેતાર્થો

ઉપર જણાવેલ અભ્યાસમાં ગામના સરપંચે રમાને સશક્ત મહિલા કહી. શા માટે? શું તેનામાં ગામના વિકાસમાં યોગદાન કરવાની તથા સંશોધનોને સંચલિત કરવાની, વ્યાપાર શરૂ કરવાની ઈચ્છા છે? હા, મહિલાઓના સશક્તીકરણના આ બધા સંકેતો છે.

નીચે આપેલા ચિત્ર ૧ જુઓ. તે સ્વયં સ્પષ્ટ છે. તે મહિલા સશક્તીકરણની વ્યાખ્યા નિર્દેશિત કરે છે. સશક્તીકરણ મહિલાઓમાં આત્મવિશ્વાસ વધારે છે અને આર્થિક રીતે સ્વતંત્ર બનાવે છે. સશક્તીકરણના અન્ય સંકેતો છે, વિકાસની પ્રક્રિયામાં ઘરમાં નિર્ણય લેવાની શક્તિ તથા રાજનૈતિક પ્રક્રિયામાં સક્રિય ભાગીદારી કરવી, શિક્ષણ તથા સ્વાસ્થ્યમાં વધુ સુવિધાઓ, પોતાના અધિકારો પ્રત્યેની જાણકારી સશક્તીકરણની પ્રક્રિયા મહિલાઓને તેમની વર્તમાન સ્થિતિઓ સમજવાની તથા તેમની સ્થિતિઓ પર અસરકરનાર પરિબળોને સમજવા યોગ્ય બનાવે છે. જે તે પરિસ્થિતિઓનો ઉચિત રૂપે જવાબ આપવાની ક્ષમતા તે વધારે છે. આ પ્રક્રિયામાં તે ઉચિત ઓળખ આપે છે. અને તેના કાર્યોનું ઉચિત મૂલ્યાંકન કરે છે.




**આકૃતિ- ૧ સશક્ત મહિલાના સંકેતાર્થો**

## ૧૨.૩.૩ કન્યા સશક્તીકરણની આવશ્યકતા :

ઉપર્યુક્ત કેસ સ્ટડીમાં કોણે જિંદગીના પડકારોમાં પ્રભાવશાળી રીતે સામનો કર્યો છે? રાધાએ કે રમાએ? આપણી પાસે નિશ્ચિત જવાબ છે રમા. તે શિક્ષિત છે, સશક્ત છે અને જિંદગીના પડકારોનો સામનો કરવા માટે અધિક સક્ષમ છે. જ્ઞાન શક્તિ છે, પરંતુ આપણા પુરુષપ્રધાન સમાજમાં મોટાભાગની મહિલાઓને સામાજિક, સાંસ્કૃતિક કે આર્થિક કારણોએ શિક્ષણથી વંચિત કરેલ છે. તેની રૂઢિબદ્ધ ભૂમિકા, જેમકે માતા, પત્ની અને પુત્રીને પોષવાની આશા રખાય છે, ત્યાં સુધી કે કાર્યરત મહિલાઓ, અધ્યાપિકાઓ, કે નર્સ પણ તે હોય. છોકરાઓ અને છોકરીઓના સામાજિકીકરણ સમાજના નિયમો અને માપદંડો વિના પ્રશ્ન કર્યે અનુકરણ કરીને લઈ શકાય છે.

જો કે આપણું સંવિધાન જાતીય સમાનતાને પ્રોત્સાહિત કરે છે. તેમ છતાં મહિલાઓ અને કન્યાઓની દશા નિમ્ન છે. મુખ્ય અવરોધ શિક્ષણના અને જાગૃતતાના અભાવનો છે. પારંપરિક પ્રથાઓ, કન્યાઓના સશક્તીકરણના અવરોધરૂપ છે. શક્તિ કોઈ વસ્તુ નથી કે જેનો વેપાર થાય અને પ્રાપ્ત કરી શકાય. સશક્તીકરણ દ્વારા કન્યાઓ તેમના જીવનને પ્રભાવિત કરનારા પરિસ્થિતિ પર કાબૂ મેળવે છે અને વ્યક્તિગત જીવનમાં સ્વતંત્રતા પ્રાપ્ત કરીને પડકારોને ઝીલે છે.

વિકાસના દૃષ્ટિકોણથી જોઈએ તો જ્યાં સુધી ૫૦ ટકા ઉપેક્ષિત જનસંખ્યા ઉપર ધ્યાન આપ્યું નથી, ત્યાં સુધી દેશનો પૂર્ણ વિકાસ સંભવ નથી. જેથી જાતિભેદ વગરના સમાજની લક્ષ્યપ્રાપ્તિ માટે કન્યાઓને સશક્ત બનાવવાનું કાર્ય સૌથી મહત્ત્વપૂર્ણ છે.

## ૧૨.૩.૪ કન્યા સશક્તીકરણમાં શિક્ષણની ભૂમિકા

શિક્ષણને લીધે રમાના જીવનમાં કેવી રીતે બદલાવ આવ્યો તે આપણે જોયું. પતિના મૃત્યુ પછી રાધા પોતાના ત્રણ બાળકોની જરૂરિયાતો સંતોષવા સંઘર્ષ કરતી હતી. તેની પાસે કોઈ વિકલ્પ ન હતો. તથા શિક્ષણના અભાવે તેમની સ્થિતિને વધુ સંઘર્ષમય બનાવી હતી. પરિણામ જાણ્યા વગર તેણે પોતાની પુત્રીના અભ્યાસને રોક્યો, વિષચક્ર આ રીતે ચાલે છે. ભારતમાં પુરૂષો કરતાં સ્ત્રીઓના જાતિદરમાં જોવા મળતો ઘટાડો માતૃત્વના ઉચ્ચ મૃત્યુદર, દવાઓની અનુપલબ્ધતા, સ્ત્રીઓ સામેના

અત્યાચારો વગેરે સમાજમાં રહેલી મહિલાઓની દયનીય સ્થિતિનું વર્ણન કરે છે. તેમની નિમ્ન સામાજિક સ્થિતિ જાતિ ભેદભાવને કારણે છે. સ્વતંત્રતા બાદ સરકાર દ્વારા કરાયેલ વિકાસાત્મક પહેલ છતાં જાતીય ભેદભાવ હજુ પણ વિદ્યમાન છે. ગ્રામીણ ક્ષેત્ર, અને અસહાય સમુદાયોમાં તેની માત્રા અધિક છે. માત્ર માળખાં, આયોજનો, કલ્યાણ યોજનાઓ પૂરી પાડવાથી તેમની સ્થિતિમાં સુધારો આવવાનો નથી. તેનો એક અહેસાસ થઈ ગયો છે. એક જ વિકલ્પ છે, મહિલાઓ તેમની સકારાત્મક ભૂમિકા નિભાવવા માટે સશક્ત બને. આ સમયે શિક્ષણને એક જાગૃતતા વધારવાના, માહિતી તથા જ્ઞાનપ્રાપ્તિના જીવંત સ્રોતરૂપે જોવાય છે. અસમાનતા અને શોષણને પડકારવામાં તે શક્તિ પ્રદાન કરે છે.

## ૧૨.૨.૫ ઔપચારિક તથા અનૌપચારિક શિક્ષણ દ્વારા સશક્તીકરણ

આપણે શીખી ગયા છીએ કે મહિલાઓની દશામાં સુધારો લાવવા માટે શિક્ષણ એક મહત્ત્વપૂર્ણ સાધન છે. આવો, ઓપચારિક અને અનૌપચારિક શિક્ષણ વ્યવસ્થા કેવી રીતે કન્યાઓના શિક્ષણને સંભાળે છે તે આપણે જોઈએ, ઔપચારિક શિક્ષણ શાળા-કોલેજો તથા અન્ય શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાયેલ છે. ૬ થી ૧૪ વર્ષ માટે નિ:શુલ્ક ફરજિયાત શિક્ષણના વૈધાનિક પ્રાવધાન ઉપરાંત છોકરાઓની સરખામણીમાં છોકરીઓ વધુ અશિક્ષિત છે. તેના બે વિભાગ છે. જે ક્યારેય શાળામાં નથી ગઈ અને જેમણે શાળા છોડી દીધેલ છે. ઓપચારીક શિક્ષણમાં શૈક્ષણિક બંધારણ, નિર્ધારિત, પાઠ્યક્રમ, પૂર્ણ સમય શાળા, ગરીબ અને અસહાય કન્યાઓનું શિક્ષણ અસુવિધાજનક બનાવે છે. તે સિવાય અન્ય કારણોમાં પરિવારની સામાજિક આર્થિક સ્થિતિ અને માતા-પિતાનો પરંપરાવાદી દષ્ટીકોણ ભાગ ભજવે છે. એક દીકરીએ મોટેભાગે ગ્રામીણ ક્ષેત્રમાં પોતાના પરિવારની પાંરિશ્રમિક કે અપારિશ્રમિક કાર્યો દ્વારા સહાયતા કરવી પડે છે. પીવાનું પાણી ભરી લાવવું, પશુઓનો ચારો લાવવો, ચૂલો સળગાવવો, લાકડાં લાવવાં, પોતાના નાનાં ભાઈ-બહેનોની સંભાળ લેવી વગેરે મર્યાદાઓનો પણ સમાવેશ થાય છે. ગ્રામીણક્ષેત્રમાં બાળવિવાહએ સૌથી મોટી સમસ્યા છે. આમ ઔપચારિક શિક્ષણ વ્યવસ્થા આ પ્રકારની ખાસ કન્યાઓના શિક્ષણમાં નિષ્ફળ નીવડી છે.

૬૦ ના ઉત્તરાર્ધ અને ૭૦ ના પૂર્વાધમાં અનૌપચારિક શિક્ષણ Non Formal Education- NFE ની સંકલ્પના ચિત્રમાં આવી. સરકાર શૈક્ષણિક રૂપે પછાત રાજ્યોમાં વિદ્યાલય સિવાય બાળકોની જરૂરિયાત પૂર્ણ કરવા NFE કેન્દ્રોની શરૂઆત કરી. આ કેન્દ્રોને ઔપચારિક શિક્ષણના વિકલ્પે સાર્વત્રિકીકરણના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે પ્રાથમિક શિક્ષણના UEE ની સ્થાપના કરવામાં આવી NFE તંત્ર વિદ્યાર્થી કેન્દ્રી, લવચિક અને સહયોગકેન્દ્રી છે. સૈદ્ધાંતિક કરતાં વ્યાવહારિક વધુ છે. આ તંત્ર વિદ્યમાન સુવિધાઓનો વધુ ઉપયોગ કરે છે. તે કન્યાઓ માટે વધુ ઉપયોગી છે. સવારે, સાંજે, બપોરે તે તેમની સુવિધા અનુસાર ભણાવે છે. પાઠ્યક્રમ આવશ્યકતા પર આધારિત છે અને જીવનકૌશલ્યોનો તે સમાવેશ કરે છે. કોઈ પ્રશિક્ષિત વ્યાવસાયિક અધ્યાપકની આવશ્યકતા એમાં હોતી નથી એટલે એક સ્થાનિક પ્રશિક્ષક માનદ ધોરણે તેમાં કાર્ય કરે છે.

NFE કાર્યક્રમ બિનસરકારી સંસ્થાઓના માધ્યમથી કાર્યરત છે. ઔપચારિક અને અનૌપચારિક શિક્ષણના ઉદ્દેશ્યને તે પૂરક છે. ગુણવત્તાને સુધારવા તથા જીવનધોરણ ઊંચું લાવવા, બન્ને તરફ ધ્યાન આપે છે. બન્ને કન્યા સશક્તીકરણની પ્રક્રિયામાં ફાળો આપે છે. જીવનનાં મૂલ્યો, વલણો તથા જીવનકૌશલ્યોના વિકાસમાં તે ફાળો આપે છે.



નોંધ

**તમારી પ્રગતિ ચકાસો- ૧**

૧. જોડકા જોડો :

| | |
|---|---|
| (૧) શક્તિપ્રદર્શન | (૧) મહિલામંડળ |
| (૨) શક્તિયુક્ત | (૨) આત્મવિશ્વાસ. |
| (૩) અંતર્નિહત શક્તિ | (૩) પડકાર માટે સ્વતંત્રતા આપવી |
| (૪) શક્તિપ્રદાન | (૪) નિર્બળ પર પ્રભુત્વ. |
| (૫) સશક્તીકરણ | (૫) આર્થિક સંસાધન સુધી પહોંચાડવા |
| (૬) શક્તિનું પુનઃ વિતરણ | (૬) મહિલાઓનું નિમ્ન સ્તર |
| (૭) શક્તિનું અસંતુલન | (૭) સમાનતા તરફની ગતિ |

૨. રમા અને રાધાબહેનની ક્ષમતાઓ સૂચિબદ્ધ કરો. વિશ્લેષણ કરો કે કોણ વધારે સશક્ત છે.

૩. નીચેનાં કથનોનાં કારણ સ્પષ્ટ કરો.

કન્યાઓને સશક્ત બનાવવાની આવશ્યક્તા છે. કારણ કે.......

(અ) તે તેમની ક્ષમતામાં વધારો કરે છે.

(બ) તે રોજગારના બહેતર અવસર પ્રદાન કરે છે.

૪. તમારા ક્ષેત્રમાં તમે જોયેલ કન્યા શિક્ષણ સંબંધિત મર્યાદાઓની સૂચિ બનાવો.

## ૧૨.૩ કન્યાઓને સશક્ત બનાવવાની પહેલ

### ૧૨.૩.૧ સંવિધાનનો આદેશ

સંવિધાને કેટલાંક મહત્ત્વપૂર્ણ પ્રાવધાનો પ્રસ્તાવિત કર્યા છે, જે શિક્ષણને પ્રત્યક્ષરૂપે પ્રભાતિ કરે છે.

અનુચ્છેદ ૪૫ શિક્ષણની જવાબદારી પ્રત્યક્ષ રીતે રાજ્ય પર આધારિત છે. રાજ્યને ૧૪ વર્ષ સુધીના બાળકોને ૧૦ વર્ષમાં નિઃશુલ્ક અને ફરજિયાત શિક્ષણ ઉપલબ્ધ કરાવવા માટે ઉત્તરદાયિત્વ સાંપેલ છે.

અનુચ્છેદ ૧૫ માં લોક સંસાધન સુધી સંબંધ બનાવવા સંદર્ભે જાતિ આધારિત જાતિ ભેદભાવ પર પ્રતિબંધ લગાવેલ છે.

અનુચ્છેદ ૧૫ (૩) માં મહિલાઓ અને બાળકોના હિતાર્થે વિશેષ સુવિધાઓ ઊભી કરવાનો અધિકાર રાજ્યને સોંપેલ છે. તેના પરિણામસ્વરૂપે બાલિકાઓનું શિક્ષણ વિસ્તરિત કરી શકાય છે.

ભારતે ૧૯૮૦ માં આંતરરાષ્ટ્રીય સંબંધિત CEDAW સ્ત્રીઓ સામેના તમામ પ્રકારના ભેદભાવ નિર્મૂલન સમિતિ પર હસ્તાક્ષર કર્યા અને તેને કાર્યાન્વિત કરવા માટે સંકલ્પબધ્ધ બન્યું. શિક્ષણના સંદર્ભમાં તે બાલિકાઓને માટે સમાન અવસર અને સમાન સંબંધ સુનિશ્ચિત કરે છે.



નોંધ

ભારતીય સંસદે શિક્ષણનો અધિકાર અધિનિયમ (RTE 2009) પાસ કર્યો જેમાં ૬ થી ૧૪ વર્ષનાં તમામ બાળકોને મફત અને આવશ્યક શિક્ષણ સુનિશ્ચિત કરેલ છે. આ પ્રકારે આ અધિનિયમ સાથે સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ એક મૌલિક અધિકાર બની ગયો છે. માતા-પિતા અને રાજયની જવાબદારી એ બને છે કે તે બાળકોને શિક્ષણ ઉપલબ્ધ કરાવે.

## ૧૨.૩.૨ સરકારની પહેલ તથા નીતિઓ

સ્વતંત્રતા બાદ ભારત સરકારે શિક્ષણતંત્રની પુનઃ સમીક્ષા તથા પ્રસ્તાવો પછી ઘણી બધી સમિતિઓ તથા આયોગોની રચના કરી. તે મુજબ કન્યાઓને નિઃશુલ્ક શિક્ષણ, શિક્ષણ સામગ્રી, છાત્રોને હોસ્ટેલ સુવિધા, વાહનવ્યવહારની સુવિધા, મહિલા અધ્યાપકની નિમણૂક તેમજ જાતિ સંવેદનશીલ પાઠ્યક્રમ વગેરેનો સમાવેશ થાય છે.

સરકારે બે મહત્ત્વપૂર્ણ નીતિઓ ઘડી જેની સીધી અસર કન્યાઓના શિક્ષણ પર પડે છે. તે છે રાષ્ટ્રીય શિક્ષણનીતિ અને મહિલા સશક્તીકરણ માટેની રાષ્ટ્રીયનીતિ.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ : (NPE) NPE ની સ્થાપના ૧૯૮૬ માં કરવામાં આવી તથા ૧૯૯૨ માં સુધારેલ ખરડા સાથે યોજનાને પુનઃકાર્યરત કરવામાં આવી. તેણે શિક્ષણની પ્રાપ્તિ તથા ઉપલબ્ધિમાં પરંપરાગત જાતિ અસંતુલિતતાનો ઉકેલ શોધવાની આવશ્યકતાને ઓળખી બતાવી. તેમાં મહિલાઓની સ્થિતિ સુધારવા માટેના એક માધ્યમ તરીકે શિક્ષણની ઉપયોગિતા અંગે ભલામણ કરી. શિક્ષણ વ્યક્તિને તાર્કિક વિચારકૌશલ પ્રદાન કરે છે અને સ્વાભિમાનને વધારે છે. તેના પરિણામસ્વરૂપે તેના જીવનમાં બદલાવ લાવવા તેને સશક્ત બનાવે છે. સમાજ તથા દેશના સમગ્ર વિકાસમાં તે યોગદાન આપે છે. આ કારણે મહિલાઓની નિરક્ષરતાના નિર્મૂલનના ઉદ્દેશથી તેમને શિક્ષિત બનાવવા માટે વિશેષ સહાયતા, સુવિધા અને પ્રભાવકારી નિરીક્ષણ તંત્રના માધ્યમથી પ્રાથમિક શિક્ષણમાં ઉચ્ચ પ્રાથમિકતાનું પ્રાવધાન કરવામાં આવેલ છે.

**મહિલાઓના સશક્તીકરણની રાષ્ટ્રીયનીતિ :**

સને ૨૦૦૧ માં મહિલાઓના સશક્તીકરણ માટે રાષ્ટ્રીયનીતિ ઘડવામાં આવી, જેમાં મહિલાઓની શિક્ષણનીતિને ગતિ પ્રદાન કરવા માટે કેટલાંક મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોને પરિભાષિત કરવામાં આવ્યાં, જેમાં સમાવિષ્ટ છેઃ સમાન તક અને લિંગભેદ નીતિનું નિર્મૂલન, શિક્ષણનું સાર્વત્રિકીકરણ, જાતિ સંવેદનશીલ પાઠ્યક્રમ, શિક્ષણ જાતીય અંતરને ઓછું કરવું વગેરે. શિક્ષણ નિર્ણાયક બુદ્ધિકૌશલ્ય તથા આત્મસન્માનની લાગણીમાં વધારો કરે છે.

આ નીતિ અંતર્ગત કેટલાક કાર્યક્રમોનો પ્રારંભ કરવામાં આવ્યો. જેમ કે રાષ્ટ્રીય સાક્ષરતા મિશન, શ્રમિક વિદ્યાપીઠ, વિશ્વવિદ્યાલયમાં મહિલા અધ્યયનને પ્રગતિ, મહિલા જાગૃતિ કાર્યક્રમ, સતત શિક્ષણ અને મિડિયા દ્વારા પ્રોત્સાહન.

## ૧૨.૩.૩ ગ્રામ્ય કન્યાઓ માટેના કાર્યક્રમો

આપણે જાણીએ છીએ કે શિક્ષણમાં જાતિગત અંતર ઘણું મોટું છે. તેમાંય ગ્રામીણ ક્ષેત્રમાં તેની માત્રા વિશેષ છે. કન્યાઓની નોંધણીમાં વધારો કરવા તથા શાળાઓમાં તે નિયમિત જાય તેમ કરવા માટે કેટલાક કાર્યક્રમો સરકાર દ્વારા ચલાવવામાં આવે છે. તેમાંથી થોડા મહત્ત્વના મુદ્દાઓની જાણકારી પ્રાપ્ત કરીએ.


નોંધ

## પ્રારંભિક સ્તરે કન્યા શિક્ષણ માટેનો રાષ્ટ્રીય કાર્યક્રમ ( NPEGEL)

ખાસ કરીને શાળાની બહાર જ છે તેવી 'અતિદૂરસ્થ' એવી કન્યાઓને પહોંચવા માટેનો આ ભારત સરકારનો ઉપક્રમ છે. કાર્યક્રમની શરૂઆત ૨૦૦૩ માં સર્વશિક્ષા અભિયાનના એક ભાગ તરીકે કરવામાં આવી. ગ્રામીણ અને તેમાંય ખાસ કરીને તેવા પછાત ઘટકોમાં જ્યાં મહિલાઓની સાક્ષરતાનું પ્રમાણ રાષ્ટ્રીય સરાસરી કરતાં પણ ઓછું છે અને જાતિગત ખાઈમાં પણ રાષ્ટ્રીય સરાસરી કરતાં ખૂબ વધારો જોવા મળે છે. આ કાર્યક્રમમાં ૨૪ રાજ્યોમાં ૩૨૭૨ બ્લોકનો સમાવેશ કરવામાં આવ્યો. આ કાર્યક્રમનું કેન્દ્રબિંદુ છે કન્યાઓને શાળાઓમાં જાળવી રાખવા તથા તેમની શિક્ષણ ગુણવત્તામાં સુધારો કરવો તે કન્યા શિક્ષણ માટેના ઈન્વેસ્ટમેન્ટ ઉપરાંત વધારાનું પીઠબળ પણ પૂરું પાડે છે.

આ કાર્યક્રમ એક 'મોડેલ સ્કૂલ' ના વિકાસનું પ્રાવધાન કરે છે કે જેમાં નીચે મુજબની નિયોજિત વ્યવસ્થા હોય.

- કન્યાઓનાં નામોની નોંધણી પર કડક નિરીક્ષણ.
- સમાજનું પ્રચલન.
- શિક્ષકોનું જાતિ સંવેદીકરણ.
- જાતિ સંવેદનશીલ શિક્ષણ સાહિત્યનો વિકાસ.
- તેડાગર, વગેરે જેવી જરૂરિયાત આધારિત પ્રોત્સાહકોનું પ્રાવધાન.
- વધારાના વર્ગોનું પ્રાવધાન.
- મંદ વિદ્યાર્થીઓ માટે ઉપચારાત્મક શિક્ષણ.
- કન્યાઓ માટે વ્યવસાયલક્ષી શિક્ષણ.
- ECCE નું બાળ સંભાળ કેન્દ્ર- એક પીઠબળ રૂપ બંધારણરૂપે.
- મહિલાઓના શિક્ષણ માટે સમાજના પીઠબળ તથા સહકારની બાંધણી કરવી, મહિને મહિને સંકલનરૂપ મિટિંગોનું આયોજન, ગ્રામસ્તર શાળા વિકાસ તથા નિયંત્રણ કમિટીની (SDMC) વાલી શિક્ષક એસોસિએશન (PTA) ની તથા માતા- શિક્ષણના અસોસિએશનની મિટિંગ.

## કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (KGBV)

ભારત સરકારનું આ એક બીજું સાહસ છે. જેના થકી પ્રાથમિક શિક્ષણમાં લિંગભેદની ખાઈ પર પૂલ બાંધવાનું મહત્ત્વનું કામ થઈ રહ્યું છે. S.S.A. ના શૈક્ષણિક રીતે પાછળ બ્લોકમાં સને ૨૦૦૪ માં આ કાર્યક્રમની શરૂઆત થઈ. આ બ્લોકમાં સ્ત્રીઓની સાક્ષરતાનું પ્રમાણ રાષ્ટ્રીય સરેરાશ કરતાં પણ ઓછું છે અને લિંગભેદની ખાઈ રાષ્ટ્રીય સરેરાશ કરતાં ઘણી વધુ છે. (KGBV) નિવાસી શાળાઓ છે. જે ૧૦૦ કન્યાઓની ક્ષમતા ધરાવે છે, જેમાં ખાસ કરીને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ તથા અલ્પ સંખ્યક સમૂહોનો સમાવેશ થાય છે. આ શાળાઓની વિશેષ ખાસિયતો નીચે મુજબ છે.

નોંધ

## કન્યાઓનું સશક્તિકરણ

- એકદમ ઓછી વસ્તીવાળા ડુંગરાળ વિસ્તારોમાં વસતી કન્યાઓને શિક્ષણની સુવિધા પૂરી પાડવી.
- ગ્રામ્ય વિસ્તારોમાં મોટી ઉંમરની કન્યાઓ સહિત વણનોંધાયેલ અન્ય કન્યાઓને શિક્ષણની તક પૂરી પાડવી.
- બ્રિજ કોર્સની મદદથી સામાન્ય શાળાઓમાં ડ્રોપ આઉટનો દર ઘટાડવો.
- ઘરેલુ કામો તથા ભાંડુઓની સંભાળમાંથી કન્યાઓને મુક્ત કરી શિક્ષણ મેળવવામાં મદદ કરવી.
- શિક્ષણ માટેનું મુક્ત વાતાવરણ સર્જીને નિવાસી સુવિધાઓ પૂરી પાડવી.
- નબળા વિદ્યાર્થીઓ તથા રીપીટરો માટે વધારાનું કોચિંગ પૂરું પાડવું.
- જીવનકૌશલ્યોનું પ્રશિક્ષણ આપવું.
- કન્યા સુહૃદ માળખાગત સુવિધાઓ પૂરી પાડવી.

**મહિલા સામખ્ય (MS)**

NPE ૧૯૮૬ તે સ્ત્રીઓ તેમજ કન્યાઓના શિક્ષણના ક્ષેત્રમાં એક સીમાચિહ્ન છે. તેમાં એટલી વાત સ્પષ્ટ થઈ કે જાતિગત અસમાનતાને દૂર કરવા માટે માત્ર માળખાગત સુવિધાઓના વધારાથી જ નહીં ચાલે, સ્ત્રી નિરક્ષરતાની નાબૂદી તથા તેમના પ્રારંભિક શિક્ષણની વચ્ચે આવતા વિઘ્નોની નાબૂદી પણ એટલી જ જરૂરી છે. સરકારે કન્યા શિક્ષણ માટે વિશેષ ઉત્તેજક સેવાઓની ઘણી વ્યવસ્થાઓ કરેલ છે. એક્શન પ્લાનનું કેન્દ્રબિંદુ માત્ર સ્ત્રીઓના સશક્તીકરણ પર જ રહેલું છે. સશક્તીકરણ તે એક નિર્ણાયક પૂર્વશરત છે જાતિ સમાનતાની. આ લક્ષ્યોને ભાષાંતરિત કરવા મહિલા કાર્યક્રમ (MS) ત્રણ રાજ્યોના ૧૦ જિલ્લાઓમાં ૧૯૮૯ માં શરૂ કરવામાં આવેલ છે. ગુજરાત, કર્ણાટક તથા ઉત્તર પ્રદેશ, જે એક પાઈલોટ પ્રોજેક્ટ છે. આજે આ કાર્યક્રમ ૨૧૭૦૦ ગામડાં ૮૩ જિલ્લા તેમજ ૯ રાજ્યોમાં અમલીકૃત છે. SSA તથા DEEP જેવી પ્રારંભિક શિક્ષણની સાર્વત્રિકીકરણના જોડાણ છે. MS એક સ્વ નિર્ભર એકમ હોવા સાથે બિનસરકારી એકમ (NGO) ની જેમ કામ કરે છે. પણ તેના બોર્ડમાં સરકારી તેમજ બિનસરકારી એમ બન્ને પ્રતિનિધિઓનું અસ્તિત્વ છે.

MS માને છે કે શિક્ષણ સ્ત્રીસમાનતાની પ્રાપ્તિ માટે તેને સશક્ત બનાવે છે. કાર્યક્રમ લવચિક છે અને લક્ષ્યાંકમુક્ત છે. કાર્યક્રમના અમલીકરણમાં તેણે નવીનતાલક્ષી અભિગમનો વિનિયોગ કર્યો. શૈક્ષણિક કૌશલ્યોની પ્રાપ્તિમાત્રથી શિક્ષણ પ્રાપ્ત થઈ જતું નથી પણ શિક્ષણ એટલે પ્રશ્નોપનિષદ, સમસ્યાઓને સટીકપણે પૃથાકૃત કરવી તથા ઉપાયોની પ્રાપ્તિ કરવી તે રીતે શિક્ષણની સંકલ્પનાને અહીં સમજવામાં આવે છે. MS માને છે કે એવું વાતાવરણ ઊભું કરવું જોઈએ કે જેમાં સ્ત્રીઓ પોતાની ગતિએ શિક્ષણ પ્રાપ્ત કરે અને તેમની પ્રાથમિકતાઓનું નિર્બંધન કરીને જ્ઞાન તથા માહિતીની બાબતમાં પ્રેરક પસંદગીઓ કરતી થાય.

**મહિલા સંઘો :** MS (ગ્રામીણ સ્તરે મહિલાઓનું મંડળ) બધી પ્રવૃત્તિઓનું મહત્ત્વનું મધ્યવર્તી કેન્દ્ર એટલે મહિલા સંઘ. તેમની સમસ્યાઓ પર વિચાર કરવા એક જગ્યાએ એકત્રિત થવા માટેની મહિલાઓને એક તક પૂરી પાડે છે મહિલા સંઘો. સામૂહિક પ્રયત્નો દ્વારા પોતાની જરૂરિયાતોની અભિવ્યક્તિ પણ તેઓ કરી શકે છે. સ્રોતો તેમજ પ્રશિક્ષણની જરૂરિયાતો તેના દ્વારા સંતોષાય છે. બ્લોક લેવલ પર કે જિલ્લા લેવલ પર તેઓ એક પ્રભાવી જૂથ તરીકે સંગઠિત થવાનો માર્ગ પ્રશસ્ત કરે છે. તેમના જીવનને લગતી તે તેમની દીકરીઓ, બાળકોને લગતી શૈક્ષણિક તેમજ વિકાસાત્મક એવી બધી જ પ્રવૃત્તિઓમાં તેઓ ભાગ લે છે.

આ મહિલા સંઘો સમાંતરે જ કન્યાઓ માટે કામ કરે છે અને તેમના માટે અનૌપચારિક શિક્ષણ કેન્દ્રો ચલાવે છે જે ડ્રોપ આઉટ થયેલી છોકરીઓ માટે ટૂંકાગાળામાં અભ્યાસક્રમો ચલાવે છે. પોતાના કાર્યક્ષેત્રમાં NPEGEL તથા KGBV જેવા સરકારી કાર્યક્રમો ચલાવીને સરકારને પીઠબળ પણ પૂરું પાડે છે.

આવા MS ક્ષેત્રોમાં તેની અસર તુરંત દેખાય છે. મહિલા સંઘોની પ્રવૃત્તિઓ નીચે જણાવેલ સમસ્યાઓના સમાધાનની વિવિધ રીતે દષ્ટિગોચર થાય છે.

- તેમનાં બાળકો, ખાસ કરીને કન્યાઓ, માટે શૈક્ષણિક તકો સુનિશ્ચિત કરવી.
- સાક્ષરતા તેમજ કૌશલ્યોની બહુલતા તેમને પ્રાપ્ત થાય તે જોવું.
- સ્ત્રીઓ સામેના અત્યાચારો, દહેજ, દેવદાસી જેવી અસામાજિક કુરીતિઓની સામે બંડ પોકારવું.
- રાજકીય ક્ષેત્રમાં પ્રવેશ મેળવવો.
- સ્રોતોની પ્રાપ્તિ તથા તેનું નિયંત્રણ કરવું.
- નાગરિક સુવિધાઓમાં સુધારા લાવવા.

આ બધાના પરિણામો તેમના જીવનની પરિસ્થિતિમાં બદલાવ આવ્યો છે. છોકરીઓની અને સ્ત્રીઓની શિક્ષણ વ્યવસ્થા માટે એક માંગ ઊભી થઈ છે.

**તમારી પ્રગતિ ચકાસો -૨**

૧. નીચેના દરેક વિધાનને તેની નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પની પસંદગી કરી પૂર્ણ કરો.

૧. --------------- ના મતે ભારતમાં શિક્ષણમાંથી જાતિભેદભાવ નિર્મૂલન કરવાનું પ્રાવધાન છે.

(અ) આર્ટિકલ ૪૫ (બ) CEDAW

(ક) RTE એક્ટ (ડ) આર્ટિકલ ૧૫(૩)

૨. RTE act ના બાળકો માટે મુક્ત અને ફરજિયાત શિક્ષણની ખાતરી આપે છે.

(અ) ૮ થી૧૪ વર્ષ (બ) ૬ થી૧૮ વર્ષ

(ક) ૬ થી૧૪ વર્ષ (ડ) ૬ થી૧૨ વર્ષ

નોંધ

૩.આપણા બંધારણની કલમ Article ૪૫ મુજબ ………… પર શિક્ષણની જવાબદારી નાખવામાં આવી છે.

(અ) રાજ્ય (બ) સમાજ

(ક) શિક્ષકો (ડ) મા બાપ

૨. કન્યાઓના શિક્ષણ માટેની જરૂરિયાતને ઓળખ આપનારી નીતિઓનાં નામ આપો તથા તેનાં મહત્ત્વનાં લક્ષણો જણાવો.

૩. પ્રશ્નોના જવાબ આપો.

૧. કન્યા શિક્ષણની જવાબદારી કોની છે.

(અ) માતા પિતા (બ) સમાજ

(ક) રાજ્ય (ડ) આમાંનું એક પણ નહીં

(ઈ) આમાંનાં બધાં

૨. અતિદુરસ્થ કન્યાઓ માટેનું શૈક્ષણિક માધ્યમ……….

(અ) મોરારજી દેસાઈ શાળા (બ) KGBV

(ક) NPEGEL (ડ) મહિલા સામખ્ય

૩. ……….. શાળાઓના મોડેલ જૂથને મદદ પૂરી પાડે છે.

(અ) KGBV (બ) MS

(ક) NPEGEL (ડ) આમાનું એક પણ નહી

૪. SC/ST તથા લઘુમતી કન્યાઓ માટેની નિવાસી શાળાઓ ……….. છે.

(અ) KGBV (બ) નવોદય વિદ્યાલયો

(ક) NPEGEL (ડ) આમાંની એક પણ નહીં

૫.સમાનતા માટે શિક્ષણ………… નું સૂત્ર છે.

(અ) KGBV (બ) MS

(ક) NPEGEL (ડ) મહિલા શિક્ષણ કેન્દ્ર




## ૧૨.૪ જીવન કૌશલ્યોનો વિકાસ કરવો

સશક્ત થવા કન્યાઓને જરૂર છે વિવિધ પ્રકારના કૌશલ્યોની. ઔપચારિક શિક્ષણ તો છે જ તેમની પાસે એક શિક્ષક આ બાબત પ્રત્યે જાગૃત હોવો જોઈએ કારણ કે તેણે બાળકોના વ્યક્તિત્વનો વિકાસ કરવાનો છે અને એમાંય કન્યાઓના વ્યક્તિત્વનો. જીવનકૌશલ્યોનું શિક્ષણ એક વિશાળ વ્યાપબદ્ધ પ્રવૃત્તિઓનો સમાવેશ કરે છે. આ પ્રવૃત્તિઓથી જાગૃતિ આવે છે, પ્રતિબદ્ધતાનો વિકાસ થાય છે. એમની ગતિશીલતામાં વધારો કરે છે તથા પોતાના અભિપ્રાયો વ્યક્ત કરવાની શક્તિ આપે છે. તેમના જીવનને અસર કરતા નિર્ણયો લેવાની પ્રક્રિયામાં તેમના સહયોગમાં તે વધારો કરે છે. પરિસ્થિતિઓ પરના નિયંત્રણની તેમની ક્ષમતામાં તે વધારો કરે છે.જીવનકૌશલ્યની તાલીમમાં વ્યાવસાયિક તાલીમોનો પણ સમાવેશ થઈ જાય છે. એવી ઘણી રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ છે જે કન્યાઓના જીવનકૌશલ શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. તેનો હેતુ છે તેમના જીવનની પરિસ્થિતિઓનો અસરકારક રીતે પ્રતિભાવ આપી શકે તેવા સકારાત્મક તથા ગ્રહણશીલ વર્તનની ક્ષમતાનો તેમનામાં વિકાસ થાય. આવા હાર્દરૂપ ક્ષેત્રો જીવન કૌશલ્યના વિકાસ માટે નિશ્ચિત કર્યા છે જે નીચે મુજબ છે.

- સમસ્યાનું સમાધાન કરવું.
- નિર્ણાયક વિચારપ્રક્રિયા.
- અસરકારક પ્રત્યાયન ક્ષમતાઓ.
- નિર્ણય પર આવવું.
- સર્જનાત્મક રીતે વિચારવું.
- આંતરવ્યક્તિગત સંબંધોનાં કૌશલ્યો.
- આત્મજાગૃતિ નિર્માણનાં કૌશલ્યો.
- સહાનુભૂતિ
- માનસિક તાણ તથા લાગણીઓને પહોંચી વળવું.

એવી અપેક્ષા રાખવામાં આવે છે કે આ કૌશલ્યોની મદદથી કન્યાઓ તકોનો મહત્તમ ઉપયોગ કરશે, વિકલ્પોની પૂરી તપાસ કરશે અને સમસ્યાને ધ્યાનમાં રાખીને યોગ્ય નિર્ણય કરશે.

**તમારી પ્રગતિ તપાસો- ૩**

૧. વિધાન ખરું છે કે ખોટું તે કહો.

કન્યાઓને જીવનકૌશલ્યના શિક્ષણની જરૂર છે કારણ કે....

(૧) તેનાથી તેમની ગતિશીલતામાં વધારો થાય છે.

(૨) તે ધન અને માન પ્રદાન કરે છે.

(૩) તે એકબીજાને સમજવાની ક્ષમતામાં વધારો કરે છે.

(૪) તે તેમના આત્મવિશ્વાસમાં વધારો કરે છે.

નોંધ

(૫) તેમને ભણેલો પતિ મેળવવામાં સરળતા પડે છે.

(૬) તે તેમને સશક્ત બનાવે છે.

(૭) તે તેમની પૃથક્કરણશક્તિમાં વધારો કરે છે.

(૮) તે તેમની નિર્ણાયક ક્ષમતા વધારે છે.

## ૧૨.૪.૧ સરકારની ભૂમિકા

સરકારની ઉચ્ચતમ પ્રાથમિક્તાઓમાંની એક તે કન્યાઓનું શિક્ષણ. ૬ થી ૧૪ વર્ષના પ્રત્યેક બાળક માટે શિક્ષણ હવે મૂળભૂત અધિકાર બની ગયો છે અને એટલે રાજ્યની તે જવાબદારી બને છે કે આ વયજૂથનાં બાળકોને મુક્ત અને ફરજિયાત શિક્ષણ પૂરું પાડે.

શિક્ષણ સામાજિક પરિવર્તનનું એક સાધન છે તેની પ્રતીતિ થઈ ચૂકી છે. કન્યાઓના કિસ્સામાં શિક્ષણ તેમના જીવનમાં પરિવર્તન માટે તથા સમાનતાની પ્રાપ્તિ માટેની શક્તિ આપે છે. સહસાબ્દિ વિકાસ MD લક્ષ્યાંકો સાથે સરકાર શિક્ષણની પ્રાપ્તિમાં જાતિબાધને દૂર કરવા પ્રતિબદ્ધ છે અને શિક્ષણ જાતિગત સમાનતા પ્રાપ્ત કરવાની પણ નેમ ધરાવે છે. પ્રયત્નને સફળ બનાવવા સરકારે નીચે મુજબના કદમો ઉઠાવવા પડશે.

૧. કન્યા શિક્ષણ માટે પ્રાથમિક્તાના ધોરણે નાણાં પહોંચાડવાં.

૨. યોગ્ય નીતિઓથી તથા તેમના અમલીકરણના વ્યૂહ થકી કન્યાઓની નોંધણીમાં સમાનતા તેમજ તેમની જાળવણીની ખાતરી કરવી .

૩. શૈક્ષણિક નિષ્ણાતો, બિનસરકારી સંગઠનો તથા મહિલા સંગઠનો જેવા સૌ હિત સંબંધીઓને આયોજનમાં, અમલીકરણમાં તથા કાર્યક્રમોના મૂલ્યાંકનમાં તેમજ જાતિ સંવેદી અભ્યાસક્રમના વિકાસમાં સાથે રાખવાં.

૪. નિઃશુલ્ક પુસ્તકો, સ્કોલરશીપ તથા હોસ્ટેલ જેવી સુવિધાઓ, આવાગમન વ્યવસ્થા, બાળસંભાળ કેન્દ્ર વગેરે માટેની જોગવાઈઓ કરવી.

૫. ૫૦% મહિલા શિક્ષકોની ભરતી.

૬. શિક્ષકો, શિક્ષણકર્તાઓ તથા આયોજકોને શિક્ષણના સંદર્ભમાં જાતિના કિસ્સા બાબતે સંવેગી બનાવવા.

૭. નવીનતાભર્યા કાર્યક્રમોને પ્રોત્સાહન આપવું.

૮. કાર્યક્રમોની નિયમિત સમયબદ્ધ સમીક્ષા કરવી.

## ૧૨.૪.૨ બિન સરકારી સંગઠનોની ભૂમિકા (NGO)

સર્વને શિક્ષણ પહોંચાડવાની રાજ્યની જવાબદારી NGO ન લઈ શકે. તે સક્રિય પાર્ટનર તરીકેની ભૂમિકા ભજવી શકે. તેમને સમાજ સાથે સીધો અને વ્યક્તિગત સંપર્ક હોવાને કારણે તેઓ કન્યા શિક્ષણ માટે આવશ્યક વાતાવરણ સર્જી શકે. તેઓ કન્યા શિક્ષણમાં અને સશક્તીકરણમાં જુદી જુદી ભૂમિકાઓ ભજવી શકે, જેમ કે.



નોંધ

૧. સમાજની વચ્ચે જાગૃતિ ઊભી કરવી તથા કન્યાશિક્ષણ પ્રત્યેના પારંપરિક પૂર્વગ્રહયુક્ત વલણમાં પરિવર્તન લાવવું.

૨. સરકારના શૈક્ષણિક કાર્યક્રમોને અમલમાં મૂકીને જાતિ- સંવેદી કાર્યક્રમોમાં સૌ હિતરક્ષકોને સંગઠિત કરવા, સમાજની સહાયને ગતિશીલ બનાવવી, તથા જાતિ સંવેદી અભ્યાસક્રમોના વિકાસ સહિતની સરકારની પહેલમાં સહકાર આપવો.

૩. વૈકલ્પિક શાળાઓ ખોલવી, અનૌપચારિક કેન્દ્રો કે વંચિત કન્યાઓ માટે હોસ્ટેલ હોય વયસ્ક સાક્ષરતા કેમ્પનું આયોજન હોય કે નવીનતાસભર શૈક્ષણિક પદ્ધતિઓનો વિકાસ હોય કે બાળ કેન્દ્રોમાં સહાય સેવાઓ આપવાની વાત હોય કે વયસ્ક કન્યાઓને જીવન શિક્ષણ પૂરું પાડવાની વાત હોય- શૈક્ષણિક કાર્યક્રમોનું સ્વતંત્ર રીતે અમલીકરણ કરવું.

૪. શિક્ષણક્ષેત્રમાં હિમાયત કરનારી NGO છે. એકલવ્ય, પ્રથમ મહિલા સામખ્ય, લોકઝુંબેશ કેટલીક ઉદાહરણરૂપ સંસ્થાઓ.

## ૧૨.૪.૩ સ્થાનિક એકમો, સમાજો, SDMC ની ભૂમિકા

સ્થાનિક એકમો જેમ કે પંચાયત, કૉર્પોરેશનની પણ સર્વ માટે શિક્ષણના લક્ષને પ્રાપ્ત કરવામાં મહત્ત્વની ભૂમિકા નિભાવવાની છે. સભ્યો પ્રોત્સાહકની ભૂમિકા ભજવીને માબાપને સમજાવી શકે છે પોતાની દીકરીઓને શાળાએ મોકલે તેઓ શિક્ષકોને સહકાર એ રીતે આપી શકે કે શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે સમાજને ગતિશીલ બનાવે. સ્થાનિક એકમોની એ જવાબદારી છે કે નબળા વર્ગોના કલ્યાણ તેમજ શિક્ષણ માટેની તે ખાતરી આપે. પીવાના પાણીની સુવિધા જેવા કાર્યક્રમોના કેન્દ્રીકરણથી કન્યાઓના કામનો બોજો ઘણો હળવો થાય છે જેના પરિણામે તેમની વર્ગખંડમાં હાજરી તથા કાર્યસિદ્ધિમાં વધારો કરે છે.

કોઈ પણ કાર્યક્રમની સફળતા સમાજની સક્રિય ભાગીદારી પર આધારિત છે. એટલે સમાજની ભાગીદારી શૈક્ષણિક કાર્યક્રમો તથા મીટિંગોમાં ખૂબ જરૂરી છે. આનાથી કન્યા શિક્ષણ અંગેના તેમના પરંપરાવાદી પૂર્વગ્રહયુક્ત વલણોમાં પરિવર્તન આવી શકે. સ્કુલ ડેવલપમેન્ટ મોનિટરીંગ કમિટી એ એવું ફોરમ છે જેમાં માતાઓ, પ્રતિનિધિઓ તથા શાળાનો સ્ટાફ અરસપરસ આંતર વ્યવહાર કરે છે, તે માત્ર શાળાની પ્રવૃતિઓ અને વિદ્યાર્થીઓના દેખાવનું માત્ર મોનીટરીંગ કરે છે એવું નથી પણ યોગ્ય આયોજનોની સગવડ તે પૂરી પાડે છે અને સમસ્યાઓનું સ્થાનિક નિરાકરણ લાવી દે છે. માળખાગત જરૂરિયાતોમાં કન્યાઓ માટેના સુવિધાગૃહો, પીવાના પાણીની વ્યવસ્થા, શાળામાં ક્યાં જરૂર છે તે શોધી કાઢે અને અમલીકરણ માટે તેની ભલામણ ડિપાર્ટમેન્ટને કરે. સ્થાનિક સહકાર તેમજ સ્રોતોને ગતિશીલ બનાવવામાં પણ તે મદદ કરે છે.

## ૧૨.૪.૪ કન્યાઓને સશક્ત કરવામાં શાળાઓ તેમજ શિક્ષકોની ભૂમિકા

એક સામાજિક સંસ્થાન તરીકે બાળકોમાં જાતિગત ઓળખ વિકસાવવાની ભૂમિકા શાળાઓએ ભજવવાની છે. પરિવર્તનના એજન્ટ તરીકેની શિક્ષકોની અસરને જરાય ઓછી ન અંકાય. નવી યોજનાઓ, વિચારો તથા અમલીકરણથી બાળકોના માનસપટ બદલવાની જરૂર છે.

૧. એક સામાન્ય વર્ગખંડની ગતિવિધિમાં એવું જોવા મળે કે શિક્ષક એવું શૈક્ષણિક વાતાવરણ ઉભુ કરે જેમાં કોઈ છોકરાઓને સફળ થવા પ્રોત્સાહન આપવામાં આવે છે પણ છોકરીઓને નહી. સામાન્ય રીતે છોકરાઓ તરફ શિક્ષકોનું વધુ ધ્યાન જતું હોય છે. શિક્ષકો છોકરાઓને વધુ પ્રશ્નો પૂછે છે, જવાબો આપવાની વધુ તકો તેમજ પ્રોત્સાહન છોકરાઓને વધુ મળે છે. આવું વિજ્ઞાન અને ગણિતના વર્ગોમાં વધુ જોવા મળે છે. આ જાતિગત અગ્રતાનું વલણ બાળકના વ્યક્તિત્વ પર સીધી અસર કરે છે. છોકરીઓ ઓછી સહભાગી બને છે અને એટલે એમની કાર્યસિદ્ધિ પર સીધી અસર પડે છે. એટલે એક શિક્ષક માટે જાતિગત મુદ્દા બાબતે સજાગ રહેવું બહુ જરૂરી બને છે. તે પરિસ્થિતિને વધુ અસરકારક રીતે પહોંચી વળી શકે તે માટે તે સજ્જ હોવાં જોઈએ. છોકરા અને છોકરીઓ બન્ને માટે ધ્યાન તથા કદર કરવાની બાબતમાં સમાન તકો પૂરી પાડવાની ખાતરી રાખવી જોઈએ, સશક્તીકરણના માર્ગમાં એક શિક્ષકે બીબાંઢાળ પ્રવૃત્તિઓમાંથી બહાર આવીને બાળકોને પ્રોત્સાહિત કરવા જોઈએ.

૨. એક મહિલા શિક્ષક પોતે જ બાળકો માટે એક આદર્શ વ્યક્તિ છે. એટલે એમને અભિગમ, પ્રવૃત્તિઓ, વર્તન, દષ્ટિકોણ, વલણ, કાર્યપદ્ધતિ, બાળકોના ખાસ કરીને કન્યાઓના વ્યક્તિત્ત્વના વિકાસને વાળવામાં મદદ કરશે.

ખાસ કરીને ગ્રામીણ વિસ્તારમાં કન્યાઓની નામ નોંધણીના સંદર્ભને મહિલા શિક્ષકોની સંખ્યા સાથે સીધો સંબંધ છે. કેટલાક મા બાપને પોતાની દીકરીઓને એક પુરુષ શિક્ષક ભણાવે તે મંજૂર નથી હોતું. મહિલા શિક્ષક હોય તો તેઓ મુક્તિ અને સુરક્ષાનો અનુભવ કરે છે.

૩. શાળાની બધી જ પ્રવૃત્તિઓમાં છોકરીઓ ભાગ લેતી થાય તે રીતે પ્રોત્સાહન આપવામાં શિક્ષકોની ભૂમિકા મહત્ત્વની છે. તેઓ ભાગ લેતી થાય તે માટે કન્યા સુહૃદ વાતાવરણ સર્જન કરવું વધું મહત્ત્વનું છે.

૪. સમાજ સાથેના સારા આંતરસંબંધોને સાથે લઈને એક શિક્ષક વાલીઓના પારંભિક પૂર્વગ્રહયુક્ત વલણ બદલી શકે, શાળામાં તેમની દીકરીને ભાણવા માટે સમજાવી શકે. સમાજ તરફના પીઠબળને પણ તે ગતિશીલ કરી શકે.

**તમારી પ્રગતિ ચકાસો- ૪**

૧. તમારા વિસ્તારમાં કામ કરતી બિનસરકારી સંસ્થાઓના નામ આપો અને તેમણે આપેલા કન્યાશિક્ષણના ફાળા વિશે એક નોંધ લખો.

..........................................................................

..........................................................................

..........................................................................





૨. શિક્ષક તરીકે નીચેની સમસ્યાઓના સમાધાન માટે તમે ક્યાં જાઓ છો. યોગ્ય પસંદગી કરો.

(૧) ગ્રામપંચાયત

(૨) સમાજ

(૩) શિક્ષણ વિભાગ

(૪) SDMC

(૫) સ્ત્રી અને બાળ કલ્યાણ વિભાગ

(૬) સમાજ કલ્યાણનું કાર્યાલય

૧. છોકરીઓ નિયમિત નથી આવતી કારણ કે તેમને તેમના નાનાભાઈનું ધ્યાન રાખવાનું હોય છે.

૨. શૌચાલયની સુવિધા ન હોવાથી છોકરીઓને લન્ચબ્રેક પછી ઘરે જવું પડે છે.

૩. છોકરીઓની કાર્યસિદ્ધિ બરાબર નથી.

૪. ઉનાળામાં પાણીની અછત હોય છે. છોકરીઓ પાણી ભરવામાં રોકાયેલી હોય છે એટલે તેમની હાજરી ઓછી છે.

૫. છોકરીઓ મજૂરી કામે જાય છે એટલે હાજરી ઓછી છે.

૩. કન્યાઓના સશક્તીકરણમાં એક શિક્ષક તરીકે તમારી ભૂમિકા કેવી રીતે નિહાળો છો.

## ૧૨.૬ ઉપસંહાર

- સત્તાનું અસમાન વિતરણ સમાજમાં જાતિગત અસમાનતાનું કારણ બને છે. અસમાનતાનું પરિણામ આ પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રીઓના દમન, શોષણરૂપે આવે છે.
- સત્તાના માળખાને પડકારવા સ્ત્રીઓએ સશક્ત બનવાની જરૂર છે અને તે રીતે જાતિગત પૂર્વગ્રહોનો અંત લાવવાનો છે. સ્ત્રીઓને શિક્ષણના સાધન થકી સશક્ત બનાવવાની છે.
- સ્ત્રીઓની ક્ષમતા સશક્તીકરણથી વધે છે. શિક્ષણ, સ્વાસ્થય તથા આર્થિક સંસાધનો મેળવવાની તેમની વૃત્તિમાં વધારો થાય છે અને નવી તકોની પ્રાપ્તિ થાય છે. આત્મગૌરવમાં તે વધારો કરે છે અને તેમની નિર્ણય લેવાની ક્ષમતામાં વ્યક્તિગત તથા રાજકીય જીવનમાં વધારો થાય છે.
- કન્યા શિક્ષણ સમાનતાની પ્રાપ્તિ માટેનું છે.
- સરકાર કન્યા શિક્ષણને પ્રાથમિકતાનું ક્ષેત્ર માને છે અને શિક્ષણની પ્રાપ્તિ માટેના બધાં પગલાં ભરવા માટે તે પ્રતિબદ્ધ છે.

નોંધ

- NPEGEL, KGVB અને મહિલા સામખ્ય જેવા કાર્યક્રમો ગ્રામકન્યાઓના તેમજ સ્ત્રીઓના શિક્ષણ તેમજ સશક્તીકરણમાં મદદ કરે છે.
- જીવનકૌશલ્યનું શિક્ષણ કન્યાઓને સશક્ત બનાવવા બહુ જરૂરી છે.
- કન્યાઓને સશક્ત બનાવવામાં શિક્ષકની ભૂમિકા બહુ મહત્ત્વની છે.

## ૧૨.૭ તમારી પ્રગતિ ચકાસોના- જવાબો

**તમારી પ્રગતિ ચકાસો - ૧**

૧. ૧.d, ૨.a, ૩.b , ૪.e, ૫.c, ૬.g, ૭.f

**તમારી પ્રગતિ ચકાસો- ૨**

૧. કથન પૂર્તિ કરો.

૧.b, ૨.c, ૩.a

૨. પ્રશ્નોના જવાબ આપો

૧.e, ૨.c, ૩.c, ૪.a, ૫.b

**તમારી પ્રગતિ ચકાસો- ૩**

૧. વિધાન ખરાં છે કે ખોટાં તે જણાવો.

(a) T, (b) F, (c) T, (d) T, (e) F, (f),T, (g) T, (h) T

**તમારી પ્રગતિ ચકાસો- ૪**

૧. ૧.e, ૨.a, ૩.b&d, ૪.a, ૫.b

## ૧૨.૭ સંદર્ભસૂચિ

1. National Policy on Education 1986-http://education.nic.in/policy/npe86- mod 92

2. National Policy for Empowermentof women, 2001- http://wcd.nic.in/empwomen.htm

3. NPEGEL –http://ssa.nic.in/girls-education/npegel

4. Kasturaba Gandhi Balika Vidyalaya – education.nic.in/kgbv_guidelines.asp

MahilaSamakhya –http://www.education.nic.**in/ms/ms.asp**

નોંધ

## ૧૨.૮ સ્વાધ્યાય

**પ્રોજેક્ટવર્ક :**

*અખબારમાંથી બિનપારંપરિક કાર્યોમાં ભૂમિકા ભજવનાર સ્ત્રીઓનાં ચિત્રો એકત્રિત કરો. તમારાં બાળકોને પ્રેરિત કરવા સશક્ત મહિલાઓના ચાર્ટ બનાવો. આવા ચિત્રો સામયિકોમાંથી પણ તમે મેળવી શકો છે.*

| ક્રમ | ફોટો | વ્યક્તિનું નામ | ક્ષેત્ર | સિદ્ધિ |
|---|---|---|---|---|
| ૧ |  | કલ્પના ચાવલા | અવકાશ વિજ્ઞાન | અવકાશ એન્જિનિયરિંગ |
| ૨ |  | | | |

નોંધ

# એકમ- ૧૩ બાળકના અધિકારો તથા અધિકારિતાઓ

**અનુક્રમ**


૧૩.૦પ્રસ્તાવના

૧૩.૧ અધ્યયન હેતુઓ

૧૩.૨ બાળકના અધિકારોની સંકલ્પના

  ૧૩.૨.૧ અધિકારનો અર્થ અને માનવઅધિકારો

  ૧૩.૨.૨ બાળકના અધિકારો

  ૧૩.૨.૩ બાળકના અધિકારો બાબતે સંયુક્ત રાષ્ટ્રની પહેલ

  ૧૩.૨.૪ નિ:શુલ્ક તથા ફરજિયાત શિક્ષણ માટેનો બાળકોનો અધિકાર અધિનિયમ ૨૦૦૯ તથા બાળકના અધિકારો

૧૩.૩બાળકના અધિકારોનું રક્ષણ

  ૧૩.૩.૧ બાળકના અધિકારોનું હનન.

  ૧૩.૩.૨ શાળા પરિસરમાં બાળકના અધિકારોનું હનન

  ૧૩.૩.૩ બાળકના અધિકારોનું સંરક્ષણ: આયોગો તથા વૈધાનિક પ્રાવધાનો

  ૧૩.૨.૪ બાળકના અધિકારોના સંરક્ષણમાં શિક્ષકોની ભૂમિકા

૧૩.૪ઉપસંહાર

૧૩.૫તમારી પ્રગતિ ચકાસો- ના જવાબો

૧૩.૬સંદર્ભસૂચિ

૧૩.૭સ્વાધ્યાય


## ૧૩.૦ પ્રસ્તાવના

આ પૂર્વેના ખંડમાં તમે સમાવેશી શિક્ષણનો અભ્યાસ કર્યો છે અને ઘણાને પ્રતીતિ થઈ હશે કે દરેક બાળક અદ્વિતીય છે. શિક્ષણ માટે યોગ્ય પર્યાવરણના સર્જનની જરૂરિયાત તમે સમજ્યા છો. તેટલી જ મહત્ત્વની ચિંતા છે બાળકના સર્વાંગી વિકાસની શાળા અને સમાજ એક થાય તો આ અંતિમોની પ્રાપ્તિ શ્રેષ્ઠ રીતે થઈ શકે. આ ત્યારે જ શક્ય બને કે બાળકોને પોતાનું બાળપણ માણવા દેવામાં આવે. હાલમાં દુનિયાના મોટા ભાગના દેશોમાં આવું બનતું નથી. એટલે સંયુક્ત રાષ્ટ્રસંઘે જરૂરી માન્યું કે વિશ્વના રાષ્ટ્રો બાળકોને પોતાના બાળપણને માણવા દે. આ એકમમાં આપણે એ સમજશું કે બાળકના અધિકારો શું છે તેમના અધિકારોનો ભંગ કેવી રીતે થાય છે, બાળકના અધિકારોનું સંરક્ષણ કેવી રીતે કરાય અને પ્રત્યેક બાળકના હક્કો સુનશ્ચિત કરવામાં શિક્ષકોની ભૂમિકા શી છે.



નોંધ

## ૧૩.૧ અધ્યયન હેતુઓ

આ એકમના અભ્યાસ પછી તમે નીચેની બાબતોમાં સક્ષમ હશો.

- અધિકાર, માનવ અધિકાર તથા બાળકના અધિકારોના અર્થ વર્ણવવામાં
- બાળકના વિવિધ અધિકારોની સૂચિ બનાવવામાં
- શાળામાં બાળકોના અધિકારોના હનન માટે જવાબદાર કાર્યોની સૂચિ બનાવવામાં
- બાળકના અધિકારોના સંરક્ષણની જરૂરિયાત સમજાવવામાં
- બાળકના અધિકારોના સંરક્ષણની જોગવાઈનું વર્ણન કરવામાં.
- બાળકના અધિકારોના રક્ષણમાં શિક્ષકોની ભૂમિકા સમજાવવામાં

## ૧૩.૨ બાળકના અધિકારોની સંકલ્પના

ચાલો, બાળકના અધિકારોની સંકલ્પનાના અર્થથી શરૂઆત કરીએ.

### ૧૩.૨.૧ અધિકારોનો અર્થ અને માનવ અધિકારો

બાળકના અધિકારોને સમજવા માટે આપણે પહેલાં અધિકારોનો અર્થ જાણીએ અને સાથે માનવ અધિકારોનો અર્થ પણ જાણીએ નીચે આપેલું વર્ણન વાંચો.

રાધા અને રાફિયા બન્ને પાડોશી છે. બન્ને સાતમાં ધોરણમાં ભણે છે. એક બપોરે જમવાનું પતાવીને નિશાળે જતી વખતે તેમનાં માતા-પિતા પણ ખાલી બેડાં અને બાલદીઓ લઈને પંચાયતની ઓફિસ સુધી સાથે આવ્યા. પંચાયતની ઓફિસ પાસે ખાલી બેડાં-બાલટી લઈને પાણી પૂરવઠા અંગે સૂત્રોચાર કરતા લોકોનું ટોળું હતું તેમાં તે પણ જોડાઈ ગયાં. રાધા અને રાફિયાએ આ જોયું. નિશાળે જવાનું મોડું ન થાય એટલે એ દોડતી નિશાળે પહોંચી છતાં થોડું મોડું થઈ જતાં સાહેબે મોડા પડવાનું કારણ પૂછ્યું તેમણે પંચાયત ઓફિસ પાસેના દૃશ્યનું વર્ણન કર્યું. શિક્ષકે આ તકનો લાભ ઉઠાવી બાળકો પાસે ચર્ચા માટે થોડા પ્રશ્નો બાળકોના આ અનુભવને ધ્યાનમાં રાખીને પૂછ્યા.

- ખાલી બેડાં- બાલટી લઈને જવા પાછળનો લોકોનો હેતુ શો હતો?
- તેઓ પંચાયત પાસે જ કેમ ગયા?
- આ રીતે લોકો પંચાયત ઓફિસ પાસે એકઠા થઈ શકે?

મને ખાતરી છે તમે આ પ્રશ્નોના જવાબો જાણો છો. હા, પંચાયત કાર્યાલયની સામે આ રીતે શાંતિપૂર્વક એકત્ર થવાનો લોકોનો અધિકાર છે. પણ એ શરતે કે તે અધિકાર ન્યાયોચિત હોય અને લોકો તેના માટે હકદાર હોય. તેને લોકોના અર્થપૂર્ણ જીવનના અબાધિત અધિકાર તરીકે પણ માનવામાં આવે છે. અધિકાર એક એવી સ્વતંત્રતા છે જે વ્યક્તિગત તો ખરી પણ સાથોસાથ સામાજિક સુખાકારી માટે પણ જરૂરી છે. આપણે હવે ઉપર જણાવ્યા પ્રમાણે લોકોના અધિકારો ઓળખી બતાવીશું? તમે જાણતા હો તેવા બે અધિકારો તમે લખી શકો.







૧. ...........................................................................

૨. ...........................................................................

તમે કદાચ લખ્યું હશે : પાણીના પુરવઠાની લોકો માંગણી કરી શકે છે. લોકો શાન્તિપૂર્ણ રીતે એકત્ર થઈ શકે છે, તમે આવું લખ્યું હશે તો તમે સાચા છો. તમે ભણી ગયા છો કે ભારતમાં સૌ નાગરિકો પોતાના મુળભૂત હક્કો માણી શકે છે. કારણ કે તેની ખાતરી બંધારણ તરફથી મળેલી છે. તેમની યાદી નીચે પ્રમાણે છે.

- સમાનતાનો અધિકાર.
- સ્વતંત્રતાનો અધિકાર.
- શોષણ સામેના વિરોધનો અધિકાર.
- ધર્મસ્વાતંત્ર્યનો અધિકાર
- સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકાર.
- બંધારણીય સુધારાનો અધિકાર.

નીચેનાં ચિત્રો જુઓ અને લોકો કયા અધિકાર ભોગવે છે તે લખો.







**નૃત્યનું ચિત્ર** ......... **નો અધિકાર**

**ધાર્મિક સ્થળ ચિત્ર** ......... **નો અધિકાર.**

**બાળમજૂરીનું ચિત્ર** ......... **નો અધિકાર**

ઉપર્યુક્ત બધા અધિકારો માનવ અધિકારો છે. પ્રત્યેક વ્યક્તિને એક માનવ તરીકે અર્થપૂર્ણ જીવન જીવવા માટે તે બહુ જ જરૂરી હોવાથી તે માનવ અધિકાર કહેવાય છે. જોકે વિશ્વના તમામ લોકો માટે આ અધિકારો ભોગ્ય છે. વિશ્વમાં બધે લોકોની આ સ્થિતિ જોવા મળતી નથી. લોકોને તેમના અધિકારો ભોગવી શકે તેની ખાતરી માટે સંયુક્ત રાષ્ટ્રસંઘે ૧૦ ડિસેમ્બર, ૧૯૪૮ ના રોજ એક માનવ અધિકાર સર્વગ્રાહી ઘોષણાપત્ર બહાર પાડ્યું. (Universal Declaration of Human Rights (UDHR)) બધા લોકો તથા બધા રાષ્ટ્રો માટેની પ્રાપ્તિનું એક સામાન્ય ધોરણ પૂરું પાડતા માનવ અધિકારોનો તેમાં સમાવેશ થાય છે. તેમાં તેના સભ્ય રાષ્ટ્રોને જણાવવામાં આવ્યું છે કે તેઓ પોતાની પ્રજાને તે પહોંચાડે. આ ઘોષણાપત્રનું વિશ્વવ્યાપી ઐતિહાસિક મહત્ત્વ જોતાં આપણે ૧૦ મી ડિસેમ્બરનો દિવસ તેની યાદગીરી રૂપે વિશ્વ માનવ અધિકાર દિવસ તરીકે ઉજવીએ છીએ.





UDHR માં સહી કરનાર એક દેશ તરીકે આપણી સરકારની ફરજ બને છે કે આ અધિકારો દેશના તમામ નાગરિકોને પહાંચાડે. આમ હોવા છતાં આ અધિકારોનું હનન થતા ઘણા કિસ્સા જોવા મળે છે. હનન કરનાર તમે કોને માનો છો? લોકો, સંસ્થા કે સરકાર? આમાંથી જે કોઈ પણ હોય, પણ આ હક્કોનું રક્ષણ કોણ કરશે? ભારત દેશનું તંત્ર સમવાયી હોવાને કારણે માનવ અધિકાર સુરક્ષા રાષ્ટ્રીય કમિશન NCPHR કેન્દ્ર સ્તરે તથા માનવ અધિકાર સુરક્ષા રાજ્ય કમિશન (SCPHR) રાજ્ય સ્તરે કામ કરી રહ્યા છે. જિલ્લા સ્તરે પણ માનવ અધિકારોના સંરક્ષણ માટે કાર્યાલયો ઊભાં કરેલાં છે. આ એજન્સીઓ હનનના કિસ્સા હાથમાં લે છે અને અધિકારોનું રક્ષણ ફરિયાદના નિવારણ તરીકે અથવા તો સ્વમેળે પણ કરી દે છે. તમારા વિસ્તારમાં પણ માનવ અધિકારોના હનનના કિસ્સા તમે જોયા હશે. કોઈ પણ એક કિસ્સાની માહિતી એકત્રિત કરો અને તેમાં હક્કની સુરક્ષા કઈ રીતે કરવામાં આવી તે શોધી કાઢો.

આશા રાખીએ કે અત્યાર સુધીમાં તમે અધિકારો અને માનવ અધિકારોનો અર્થ સમજી ગયા હશો.

**તમારી પ્રગતિ ચકાસો- ૧**

૧. નીચે કેટલાક વિધાનો આપવામાં આવ્યા છે એવાં વિધાનો સામે ખરું કરો જેમાં અધિકારોનું વર્ણન હોય.

આ હક્કો લોકોની માલિકીના છે. આ હક્કો લોકોને એક સમૃદ્ધ જીવન જીવતા કરે છે. આ હક્કો લોકો ઈચ્છે તે રીતે જીવનમાં મદદ કરે છે. લોકો તેમના અધિકારોના સંરક્ષણની માંગણી કરી શકે છે.

૨. ખાલી જગ્યા પૂરો.

(૧) હક્કો સૌને પ્રાપ્ય બને તેમ કરવાનું છે.............

(૨) UDHR નું પૂર્ણ સ્વરૂપ ....................

(૩) ............ જીવન જીવવા માટે માનવ અધિકારો જરૂરી છે.

(૪) માનવ અધિકાર દિવસ ............ ના દિવસે ઉજવવામાં આવે છે.

(૫) માનવ અધિકારોના સંરક્ષણ માટે રાજ્ય સ્તરે બનાવેલ એજન્સીનું નામ ..........

## ૧૩.૨.૨ બાળકના અધિકારો

આ પાઠના પૂર્વખંડમાં તમે અધિકારો તથા માનવ અધિકારો વિશે ભણી ગયા. આ ખંડમાં હવે આપણે એ જાણીએ કે બાળક કોને કહેવાય બાળકના અધિકારો ક્યા છે, અને બાળકના અધિકારોની જરૂરિયાત શું છે.

નોંધ

## બાળકના અધિકારો તથા અધિકારરિકતાઓ

બાળક કોને કહેવાય તે જાણવા એક પ્રસંગ જોઈએ. એક કુટુંબ હતું જેમાં ચાર સભ્યોનો સમાવેશ થતો હતો. માતા-પિતા અને તેમનાં બે બાળકો જહોન અને જેની. જહોનની ઉંમર ૧૯ વર્ષની હતી જ્યારે જેનીની ઉંમર ૧૨ વર્ષની હતી. એક દિવસ બન્ને બાળકોની જીદને પરિણામે ચારેય જણા એક થિએટરમાં એક હૉરર ફિલ્મ જોવા ગયા. વડીલો જાણતાં જ હતાં કે આ હૉરર ફિલ્મ બાળકો માટેની નથી, જેની માત્ર ૧૨ વર્ષની હોવાને કારણે મમ્મી બોલી કે આવી હૉરર ફિલ્મ કરતાં મજા પડે એવી કોઈ બાળ ફિલ્મ જોવા જોઈએ. જહોન અને જેની માન્યા ને પછી ચારેય જણા બેબીઝ ડે આઉટ જોવા ગયા. ચાલો, ઉપર્યુક્ત ઘટનાનું વિશ્લેષણ કરીએ.

જેનીને હૉરર ફિલ્મ જોવાની મમ્મીએ ના કેમ પાડી?

આશા છે કે તમને પ્રશ્નનો જવાબ મળી ગયો હશે. બાળકો ભયગ્રંથિથી પીડાતા હોવાથી તેમના માનસપટ પર થતી વિપરીત અસરોને કારણે બાળકો હૉરર ફિલ્મો ન જુએ તે ઈચ્છનીય છે સામાન્ય રીતે ૧૮ વર્ષથી નીચેની વ્યક્તિને બાળક માનવામાં આવે છે. બાળકો મહત્ત્વના માનવસ્રોત છે અને તેમને ખાસ રક્ષણ આપવાની જરૂરિયાત હોય છે. શિક્ષણ દ્વારા સમગ્ર દુનિયામાં પરિસ્થિતિમાં સુધારણા કરવાની પણ ખૂબ જરૂરિયાત છે. દુનિયાના ઘણા પ્રદેશોમાં વિધવિધ કારણોસર બાળકોની પરિસ્થિતિ કટોકટીભરી હોવાને કારણે બાળકોની સુખાકારી અને તેમના વિકાસને ગતિ આપવાની જરૂરિયાત અનુભવાઈ હતી. આ લક્ષની સંપ્રાપ્તિ માટેના ઘણા બધા રસ્તાઓ પૈકી એક તે યોગ્ય પર્યાવરણના સર્જનનો છે. જેના થકી બાળકોને બાળક તરીકે ઉછરવાની તકો મળે. નીચે આપેલાં ચિત્રો જુઓ. બાળકોના આનંદના અવસરની તકો તેમાં તમને નથી દેખાતી? દરેક બાળકને આનો અધિકાર છે. જે તે અધિકારો ઓળખી બતાવો અને ચિત્રની નીચે આપેલી જગ્યામાં તે લખી બતાવો.



| રમતાં બાળકો | શાળાએ જતાં બાળકો | પોષણયુક્ત આહાર ખાતાં બાળકો |
|---|---|---|
| ......નો અધિકાર | ..........નો અધિકાર | .............નો અધિકાર |

ઉપર્યુક્ત પરિસ્થિતિઓના સંદર્ભમાં તમે કદાચ લખ્યું હશે રમત, શિક્ષણ અને ખોરાક. તમે સાચા છો. પણ બાળકોના અધિકારો આટલે સુધી સીમિત નથી. એવા બીજા પણ અધિકારો છે, જેમાંના કેટલાકની યાદી નીચે દર્શાવેલ છે.

- યોગ્ય આરોગ્યસેવાઓ મેળવવી.
- અભિવ્યક્તિની આઝાદી.



નોંધ

- બાળકની ઈચ્છા વિરુદ્ધ બાળકને માબાપથી જૂદો ન પાડવો.
- મા-બાપ દ્વારા સારસંભાળ.
- પોતાનું નામ હોય.
- માતૃભાષામાં પાયાનું શિક્ષણ મેળવ્યું.
- જીવનનો અધિકાર.
- તમામ પ્રકારના શોષણથી મુક્તિ માટેનું રક્ષણ.
- અમલદારો દ્વારા થતી સજાથી રક્ષિત.
- કોઈ પણ પ્રકારની સજા કે અપમાનિત વ્યવહાર કે નિર્દયતાભર્યા ત્રાસરૂપ વર્તનના ભોગ સામે સુરક્ષા.
- આરામ, પ્રમોદ તથા રમતગમતનો અધિકાર.
- નશાકારક પદાર્થના ગેરકાયદેસર તથા માનસતંત્રને વિકૃત કરનાર પદાર્થોના સેવનથી સુરક્ષા સાથે બાળકોનો આવા પદાર્થોના ગેરકાયદેસર ઉત્પાદનમાં તેમજ હેરાફેરીમાં ઉપયોગમાંથી અટકાવવા માટેની સુરક્ષિતતા.
- સર્વે લોકો, શાળાઓ, સંસ્થાઓ તથા સરકારોએ ખાતરી કરવાની છે કે ઉપર્યુક્ત અધિકારોથી બાળકોને વંચિત ન રાખવામાં આવે. આંતરરાષ્ટ્રીય સ્તરે આ બાબતે અનેક પ્રયત્નો કરવામાં આવ્યા છે. ચાલો, પાઠના આગળના ખંડમાં તેનો અભ્યાસ કરીએ.

**તમારી પ્રગતિ ચકાસો- ૨**

૧. નીચેનાં વિધાનો ખરાં કે ખોટાં તે જણાવો. સત્ય વિધાન હોય તો 'T' લખો અને અસત્ય વિધાન હોય તો 'F' લખો.

૧. બાળક હોવા માટેની મહત્તમ વયમર્યાદા ૧૮ વર્ષની છે. ................

૨. લોકો વિશે ગમે તેમ બોલવાનો બાળકને અધિકાર છે. ................

૩. બાળકોના હક્કોને હંમેશા માન આપવું જોઈએ. ................

૪. વિશ્વના ઘણા પ્રદેશોમાં બાળકો સલામત નથી. ................

૫. બાળકોની સુખાકારી માટે કામ કરવા સરકારો બંધાયેલી છે. ................

૨. નીચેનામાંથી બાળકના કયા અધિકારો છે. ખરાની નિશાની કરો. ................

૧. ફુરસદનો સમય મેળવવો.

૨. કુટુંબમાં રહેવું.

૩. કોઈ પણ પ્રકારનું કામ કરવું.

૪. શોષણ સામે સંરક્ષણ.

૫. શિક્ષણ પ્રાપ્તિ.

## ૧૩.૨.૩ બાળકના અધિકારો બાબતે સંયુક્ત રાષ્ટ્રની પહેલ

સંયુક્ત રાષ્ટ્રસંઘ એક આંતરરાષ્ટ્રીય સંગઠન હોવાને નાતે તેના સ્થાપનાકાળથી આ અંગે અનેક પગલાં લઈ ચૂક્યું છે. દુનિયાનાં બાળકોને આપવાના થતા અધિકારોની દિશામાં લેવાયેલાં અનેક પગલાં બાબતે તેનું વિધાન છેઃ બાળકને ખાસ સંભાળ પહોંચાડવાની જરૂર છે. માનવ અધિકાર વૈશ્વિક વિધાન ૧૯૪૮ (UDHR-1948) દ્વારા બાળકના અધિકારોને માન્યતા મળી, ૧૯૫૯ ના વર્ષમાં બાળકના અધિકારોનું વિધાન સામાન્ય સભામાં સ્વીકારવામાં આવ્યું. ૧૯૬૬ની સામાન્ય સભામાં બાળકના નાગરિક અને રાજકીય અધિકારો પર આંતરરાષ્ટ્રીય કરાર પત્રનો સ્વીકાર કરવામાં આવ્યો. ૧૯૬૬ ની સામાન્ય સભામાં આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારોના આંતરરાષ્ટ્રીય કરારપત્રનો સ્વીકાર કરવામાં આવ્યાં. જેમાં બાળકના અધિકારોનો પણ સ્વીકાર છે. આ બધામાં, ૧૯૮૯ માં CRC સંમેલનમાં સ્વીકારાયેલ બાળકના અધિકારો એ એક મહત્ત્વની પહેલ છે. CRC નો મુસદ્દો ઘડનાર હતું માનવ અધિકાર પંચ. ૨૦ મી નવેમ્બર, ૧૯૮૯ ના રોજ સંયુક્ત રાષ્ટ્રસંઘની સાધારણ સભામાં ખરડો પસાર કરાયો હતો અને ૨ જી સપ્ટેમ્બર ૧૯૯૦ થી તેનો અમલ કરાયો, જેમાં સભ્ય રાષ્ટ્રોએ હસ્તાક્ષર કરતાં પહેલાં બહાલીની પ્રક્રિયાને સમર્થન આપ્યું.

સંમેલન ઘોષણામાં સ્પષ્ટપણે જણાવેલ છે કે બાળક કોને કહેવાય, બાળકના અધિકારો કયા છે અને બાળકને તે અધિકારો માણવા માટે વાહક પર્યાવરણનું સર્જન કેવી રીતે કરવું બીજા શબ્દોમાં કહીએ તો બાળકના અધિકારોનું કોઈ પણ સંજોગોમાં હનન થવું ન જોઈએ.

હસ્તાક્ષર કરનારા તમામ દેશોની જવાબદારી બને છે કે તેઓ ખાતરી કરે કે બાળકો પોતાના દેશમાં પોતાના અધિકારોથી વંચિત ન રહે. ભારતે આ સંમેલન-ઘોષણા પર હસ્તાક્ષર કર્યા છે અને ભારતમાં રહેતાં બાળકો આ અધિકાર ભોગવી શકે તે માટે પ્રયત્નો કર્યા છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘ (UN) એવી ખાસ એજન્સીઓ તથા આંતરરાષ્ટ્રીય અને સંગઠનો પણ છે કે જે બાળકોના કલ્યાણ માટે ચિંતિત છે. UNESCO, UNICFF, WHO, અને ILO જેવાં આંતરરાષ્ટ્રીય સંગઠનોના સિદ્ધાંતો તથા કાર્યક્રમોનું લક્ષ હોય છે વિશ્વનાં બાળકોના કલ્યાણનું. આનાથી બાળકના અધિકારોને પરોક્ષ મદદ મળે છે. બાળઅધિકારના ક્ષેત્રમાં તેમના દ્વારા કરાયેલા પ્રયત્નો વિશે જાણવામાં તમને કદાચ રસ પડે. તેમના વિશે જાણવાનો પ્રયત્ન કરો.

**તમારી પ્રગતિ ચકાસો- ૩**

ખાલી જગ્યા પૂરો.

૧. બાળઅધિકાર સંમેલનનો મુસદ્દો કમિશન દ્વારા ............. તારીખે તૈયાર કરવામાં આવ્યો.

૨. બાળઅધિકાર સંમેલન ઘોષણાપત્રનો અમલ.......... થયો.

૩. CRC ના લખાણમાં સમાવિષ્ટ છે કે બાળક કોને કહેવાય............ તથા અધિકારોની સુનિશ્ચિતતા માટે પરિણામલક્ષી પર્યાવરણનું સર્જન કેવી રીતે કરવું.

૪. બાળકલ્યાણના લક્ષ સાથે કામ કરતી બે અંતરરાષ્ટ્રીય સંસ્થાઓ.............. અને .......... છે.

## ૧૩.૨.૪ નિઃશુલ્ક તથા ફરજિયાત શિક્ષણનો બાળકોનો અધિકાર

**એક્ટ ૨૦૦૯ અને બાળકના અધિકારો.**

*સંયુક્ત રાષ્ટ્રસંઘ (UN) દ્વારા લેવાયેલાં પગલાં વિશે તમે આ પૂર્વનાખંડમાં અભ્યાસ કર્યો. હવે તમે જાણો છો કે બાળકને મળતા અનેક અધિકારોમાંનો એક અધિકાર શિક્ષણનો અધિકાર છે. આમ છતાં, આપણા દેશની સ્થિતિ એવી છે કે શાળાએ જવાની ઉંમર છતાં ઘણાં બાળકો શાળાએ કેમ જતાં નથી. પ્રારંભિક સ્તરે શિક્ષણ નિઃશુલ્ક હોવા છતાં બાળક શાળાએ કેમ જતું નથી તેનાં કારણોનો વિચાર કરો. તમારા વિસ્તારમાં એવાં બાળકો હશે જે શાળાએ જતાં નથી. એને માટેનાં કારણો ક્યાં હોઈ શકે? નીચે યાદી બનાવો.*

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

*એક કારણ એવું પણ હોઈ શકે કે સમાજે અથવા માબાપે શિક્ષણને ગંભીરતાથી ન લીધું હોય. આપણે જ્યારે ૧૯૪૯ માં બંધારણ ઘડ્યું ત્યારે બંધારણની ૪૫ મી કલમ હેઠળ રાજ્યોને એવું પ્રાવધાન કરવાનું કહેવામાં આવ્યું કે ૧૪ વર્ષની ઉંમર સુધીનાં બધાં બાળકો માટે ફરજિયાત શિક્ષણની વ્યવસ્થા ૧૦ વર્ષની અંદર અંદર કરી દેવી. પણ આજદિન સુધી આ લક્ષ સંપૂર્ણપણે સિદ્ધ કરી શકાયું નથી.*

*શિક્ષણ એ કોઈ પણ દેશની પ્રાથમિક જરૂરિયાત છે. આપણા જેવા લોકશાહી દેશ માટે તો એની ખૂબ જરૂરિયાત છે. જો લોકોને શિક્ષણના અધિકારથી વંચિત રાખવામાં આવે તો લોકશાહી પાંગળી બની જાય. આ વાતને ઉજાગર કરવા પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકીકરણ માટે ઘણા પ્રયત્નો કરવામાં આવ્યા છે. આ દિશામાં એક મહત્ત્વનું કદમ છે નિઃશુલ્ક તથા ફરજિયાત શિક્ષણ માટેનો બાળકોનો અધિકાર ધારો ૨૦૦૯ (RTE). આનો અમલ તારીખ ૦૧-૦૪-૨૦૧૦ થી કરવામાં આવ્યો તે દિવસથી પ્રાથમિક શિક્ષણ પાયાનો અધિકાર બન્યો.*

*RTE ધારા હેઠળ રાજ્યોમાં ૬-૧૪ વર્ષનાં બધાં બાળકોને નિઃશુલ્ક અને ફરજિયાત શિક્ષણ રાજ્યો દ્વારા પૂરું પાડવામાં આવે તથા બંધારણનાં મૂલ્યોનું જતન કરતા અભ્યાસક્રમો ઘડવામાં આવે તેમ ફરજિયાત કરવામાં આવ્યું. તેનું લક્ષ છે ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવું, ગુણવાન શિક્ષકોની ભરતી કરવી, શાળાઓનાં ધારાધોરણો ઘડવાં. આ ધારા હેઠળ બાળકની સુરક્ષા તથા સામાજિક બદલાવની દિશામાં પ્રયત્ન કરવામાં આવે છે. તેમાં પરીક્ષાના હાઉને દૂર કરવાનું તથા નાગરિક સમાજ માટેની કાનૂન સ્થાપિત ભૂમિકા પૂરી પાડવાનું પણ પ્રાવધાન છે. આ ધારા હેઠળ સરકારો, સ્થાનિક એકમો શાળાના શિક્ષકો, માબાપ તથા સમાજ એમ સૌની જવાબદારીઓ સ્પષ્ટપણે નિર્દેશવામાં આવી છે.*

નોંધ

આ ધારાનાં પ્રાવધાનોનો વિગતવાર અભ્યાસ કરનારને સમજાઈ જશે કે RTE એક્ટ તથા બાળઅધિકારો વચ્ચે એકદમ નજીકનો સંબંધ છે. RTE Act ધારા હેઠળના પ્રાવધાનોમાં સમાનતા, જરૂરિયામંદોને ખાસ તાલીમ, વિદ્યાર્થીકેન્દ્રી શિક્ષણ, વૈયક્તિક શિક્ષણનું આયોજન, સજા તથા સતામણીની નાબુદી, મુક્ત અભિવ્યક્તિ વગેરે બાબતો સમાવિષ્ટ છે. આ બધાંનું બાળકના શિક્ષણ માટેના અધિકાર સાથે સીધું જોડાણ છે. પ્રત્યેક ભારતવાસીની એ જવાબદારી છે કે શાળાની ઉંમરનું પ્રત્યેક બાળક શાળાએ જાય, ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવે. તેને કોઈ પણ પ્રકારની સજા કે કનડગત ન થાય અને નિઃશુલ્ક તથા ફરજિયાત પ્રાથમિક શિક્ષણ તે મેળવે.

**તમારી પ્રગતિ ચકાસો- ૪**

૧. ખાલી જગ્યા પૂરો.

(૧) RTE ધારો તારીખ ................ થી લાગુ થયો.

(૨) RTE ધારામાં બધાં બાળકોના ........... તથા ........... શિક્ષણનું પ્રાવધાન છે.

(૩) RTE ધારા હેઠળ આવતાં બાળકોની વય......... થી ............. છે.

(૪) RTE ધારો .......... કેન્દ્રી શિક્ષણ પર ભાર મૂકે છે.

## ૧૩.૩ બાળકના અધિકારોનું રક્ષણ

### ૧૩.૩.૧ બાળકના અધિકારોનું હનન

બાળકના અધિકારોના સંદર્ભમાં ઘોષણાપત્રો અને નીતિઓ સ્થાપિત થયેલાં હોવા છતાં સાચા અર્થમાં તેમનો અમલ થતો નથી. દુનિયામાં એવાં લાખો બાળકો છે જેમની પાસે માનવ તરીકે રહેવા માટેની પ્રાથમિક સુવિધાઓ પણ નથી. તેમની પાસે વેઠ કરાવવામાં આવે છે અને બાળપણ તો ભોગવવા જ દેવામાં આવતું નથી. નીચે આપેલ ચિત્રો જુઓ. તેમાં શાનું નિદર્શન છે. શું આપણાં બાળકો પોતાના અધિકારો ભોગવે છે?



આપણે સૌ જાણીએ છીએ કે આપણા દેશનાં લાખો બાળકોને નિશાળે ભણવા મોકલવાને બદલે વેઠ કરાવવામાં આવે છે અને બાળમજૂરીમાં સંડોવવામાં આવે છે.

સામાન્ય રીતે બાળકોને અપાયેલું કોઈ પણ કામ જે તેમને કોઈ ને કોઈ રીતે નુકસાન પહોંચાડે, શોષિત કરે પછી તે રીત શારીરિક હોય, માનસિક હોય, નૈતિક હોય કે તેમને શિક્ષણ લેવા જતાં રોકવાનું હોય, તેને બાળમજૂરી કહેવાય.

આમ છતાં, બાળમજૂરીની એવી કોઈ સર્વસ્વીકૃત વ્યાખ્યા નથી. આંતરરાષ્ટ્રીય સંગઠનો બિનસરકારી સંગઠનો, વ્યાપારી સંગઠનો અને અન્ય એવાં જૂથો બધા બાળમજૂરીની વ્યાખ્યા પોતપોતાની રીતે બાંધે છે. ઈ.સ. ૨૦૦૦ માં આંતરરાષ્ટ્રીય મજૂર મહાસંઘ (ILO) ના અંદાજ મુજબ ૫ થી ૧૭ વર્ષની વચ્ચેની વયના ૨૪૬૦લાખ બાળકો બાળમજૂરીના કામમાં જોતરોલા હતા જે પૈકી ૧૭૧૦ લાખ બાળકો તો એવાં કામોમાં રોકાયેલાં છે જે તેમની સલામતી, શારીરિક યા માનસિક આરોગ્ય તથા નૈતિક વિકાસ માટે જોખમકારક હોય. તદુપરાંત ૮૫ લાખ બાળકો બાળમજૂરીના કહેવાતા બિનશરતી ભૂંડા સ્વરૂપોમાં કામ કરે છે, જેમાં બળપૂર્વકના બોન્ડપત્રવાળી મજૂરી, હથિયારધારી યુદ્ધોમાં બાળકોના ઉપયોગ, બાળકોની હેરફેર અને તેમના વ્યાવસાયિક તથા જાતીય શોષણનો સમાવેશ થાય છે.

તમે એવું વિચારો કે આજનું બાળક આવતીકાલના રાષ્ટ્રનું ભાવિ છે. આજ અને વર્ષ ૨૦૨૦ વચ્ચે નવા કામદારોની વિશાળ બહુમતી, નાગરિકો તથા નવા ગ્રાહકો જેમનાં કૌશલ્યો તથા જરૂરિયાતો દેશના અર્થતંત્ર તથા સમાજને ઘડશે તે બધુ વિકાસશીલ દેશમાંથી આવશે. કેટલાં બધાં લોકોને પોતાનાં શિક્ષણ, આરોગ્યના ભોગે નાની ઉંમરે કામ કરવું પડશે? અથવા આપણાં બાળકોનું શિક્ષણ, આરોગ્ય અને સમગ્રલક્ષી વિકાસ જોખમમાં હશે તો શું આપણે દેશ માટે એક મજબૂત ભાવિ નિર્માણ કરી શકીશું?

તેમની ઉંમરને અયોગ્ય એવાં કામોમાં જોતરાતા બાળકો માટે મુખ્ય કારણ હોય છે ગરીબી. આમ છતાં કુટુંબની અપેક્ષાઓ, તેમની રૂઢિઓ, બાળકોનો દૂરુપયોગ, શાળાઓ તથા ડે કૅર સેન્ટરની અછત, આરોગ્ય સેવાઓની ગેરહાજરી , નોકરી આપનાર દ્વારા કરાતું ઉપેક્ષિત વર્તન, માબાપની ઓછી આવક જેવાં અનેક કારણો પણ હોઈ શકે છે.

તમારા રાજ્યમાં બાળમજૂરી વ્યવહારમાં છે? અગર છે તો કોઈ પણ ચાર કારણો લખો.

૧ ..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

રાજ્યસ્તર ઉપરાંત, બાળમજૂરી નાબૂદ કરવા રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે પણ પ્રયત્નો કરવામાં આવ્યા છે. શિક્ષણ નિઃશુલ્ક અને ફરજિયાત કરવા ઉપરાંત બાળકો માટેનો એક ધારો પણ ૨૦૦૯થી અમલમાં આવ્યો છે. એવા ઘણાં બિન સરકારી સંગઠનો (NGO)છે જે બાળકોને તથા તેમનાં પરિવારોને રોગો, ઘર કે છત્રવિહીનતા જેવી મુસીબતોમાંથી બચાવવાની સામાજિક સેવાઓ પૂરી પાડે છે.

આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠન (ILO) ના બાળમજૂરી નિવારણ માટેનાં આંતરરાષ્ટ્રીય કાર્યક્રમ-ઈન્ટરનેશનલ પ્રોગ્રામ ફોર ધ એલિમિનેશન ઓફ ચાઈલ્ડ (IPEC) દ્વારા અનેક યોજનાઓ ઘડાઈ છે, જેના થકી બાળમજૂરોને મદદ પહોંચાડવામાં આવે છે. www.ilo.orgની સાઈટ પર IPEC ના આ દસ્તાવેજો જુઓ અને ખાસ કાર્યક્રમો શોધી કાઢી તેમાંથી કોઈ પણ બે નીચે લખો.

૧ ..........................................................................

૨ ..........................................................................



નોંધ



બાળઅધિકારોના ૧૯૮૯ નું ઘોષણાપત્ર પણ બાળકોને તેમના જીવનને લગતા મહત્ત્વના નિર્ણયોમાં ભાગ લેવા આવાહન કરે છે. ભારત સરકારે બાળમજૂરીની સમસ્યાનો અભ્યાસ કરવા તથા તેનો સામનો કરવાના ઉપાયો બતાવવા ૧૯૭૯ માં એક સમિતિનું ગઠન કર્યું.

૧૯૮૭ માં બાળમજૂરી વિષયક રાષ્ટ્રીય નીતિનું ઘડતર થયું જેમાં મુશ્કેલ પરિસ્થિતિઓવાળા વ્યવસાયોમાં કામ કરતાં બાળકોનું પુનઃસ્થાપન કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનું જણાવાયું છે. શ્રમ અને રોજગાર મંત્રાલયે ૧૯૮૮ થી બાળકામદારોને પુનઃસ્થાપિત કરવા લગભગ ૧૦૦ નિશ્ચિત ઉદ્યોગ NCLP (નેશનલ ચાઈલ્ડ લેબર પ્રોજેક્ટ વગેરે રાષ્ટ્રીય બાળમજૂર પ્રકલ્પો અમલમાં મૂક્યા હતા.

કેર ઈન્ડિયા, ચાઈલ્ડ રિલીફ એન્ડ યુ, ગ્લોબલ માર્ચ અગેઈન્સ્ટ ચાઈલ્ડ લેબર, પ્રથમ વગેરે જેવા ખાનગી બિનસરકારી સંગઠનો (NGOS) ભારતમાંથી બાળમજૂરી નાબૂદી તરફ પોતાના પ્રયત્નો જોતરી રહી છે.

એવા ઘણા પ્રસંગો છે, જેમાં બાળકોને શાળાએ જવા માટેની તકનો ઈન્કાર કરી દેવામાં આવ્યો હોય તેમને રમવામાં મનોરંજન માટેનાં સમય ન આપવામાં આવ્યો હોય, એના કરતાય તેમની નોકરી જ એવા સ્થળોએ હોય છે જ્યાં તેમની તંદુરસ્તી તથા જીવનું બહુ મોટું જોખમ હોય.

બાળ અધિકારોનું હનન એક કરતાં વધુ કારણોથી થવા પામે છે. તે છે ગરીબી, ભેદભાવ અને અજ્ઞાન. તેમની ભૂખ ભાંગવા તેમને ભીખ માંગવા મજબૂર થવું પડે, તેમને મારઝુડ કરીને ભૂખ્યા રાખવામાં આવે તેમની પાસે ભાર ઉપડાવીને લાંબા સમય સુધી કામ કરાવવામાં આવે. મોટા ભાગનાં બાળકોને યોગ્ય આરોગ્ય સંભાળ સેવાઓ ન પણ મળતી હોય. આ બધા સંજોગોમાં બાળકોના અધિકારોનું હનન થાય છે. એક શાળા, સમાજ અને સરકાર તરીકે આ સમસ્યા અંગે શું આપણે કાંઈ ન કરવું જોઈએ? તમારા વિસ્તારમાં બાળઅધિકારના હનનના કિસ્સા તમને જોવા મળ્યા છે? કોઈ પણ એક કિસ્સાની વિગતવાર માહિતી એકત્રિત કરો.

બાળકોને મળતા અધિકારના ઈનકાર સામે રક્ષણ મેળવવા એવા ઘણા કાયદા છે, પણ આપણે બાળમજૂરી નાબુદ કરી છે ખરી? તમારા રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશની સરકાર દ્વારા બાળમજૂરીથી બાળકને સુરક્ષિત કરવાના કાયદો શોધી કાઢવાનો પ્રયત્ન કરો.

શાળા, પરિવાર, સમાજ અને અન્ય સ્થળોએ પણ અનેક રીતે બાળકોના અધિકારોનું હનન થાય છે. હવે પછીના ખંડમાં આપણે શાળાપરિસરમાં તેમનું હનન કેવી રીતે થાય છે તે જોઈશું.

**તમારી પ્રગતિ ચકાસો- ૫**

૧. નીચે આપેલું ચિત્ર જુઓ.



૨. ઉપર્યુક્ત ચિત્રમાં બાળકના કયા અધિકારનું હનન થાય છે.

૩. બાળકોના સંદર્ભમાં નીચે કેટલાંક વિધાનો આપેલાં છે, તેમાંથી ક્યાં ક્યાં વિધાનોમાં બાળઅધિકારોના હનનનું નિદર્શન થાય છે? નિશાની કરો.

ક. રાધાને શાળામાં મોકલવામાં આવે છે.

ખ. ઈશાનને કામ કરવા ગેરેજમાં મોકલવામાં આવે છે.

ગ. ઈસ્માઈલ અને કેટ્ટી ફુરસદના સમયમાં ઝાડ પર ચઢે છે.

ઘ. કેથરીનને તાવ આવે છે અને તેના માબાપ તેને ડૉક્ટર પાસે લઈ જાય તે તેમને પોસાય તેમ નથી.

ચ. જસપ્રીતને વાસી ખોરાક આપવામાં આવે છે.

છ. ડુગ્ગાને પોતાનું નામ બદલવું છે.

જ. રેણુનાં માતાપિતા અલગ રહે છે. તેને મા પાસે રહેવું છે પણ પિતા તેને પરાણે લઈ જાય છે.

૪. IPEC નું પૂર્ણનામ લખો.

૫. ભયજનક વ્યવસાયોમાં કામ કરતાં બાળકોના પુનઃસ્થાપન માટે આપણા દેશમાં રાષ્ટ્ર સ્તરે કઈ નીતિનું ગઠન થયું?

## ૧૩.૩.૨ શાળા પરિસરમાં બાળકના અધિકારોનું હનન

તમે હવે માહિતગાર થઈ ગયા છો કે બાળઅધિકારોનું હનન કેવી રીતે અને કોના દ્વારા થાય છે. તમને માન્યામાં આવે છે કે શાળા પરિસરમાં પણ બાળકના અધિકારોનું હનન થાય છે? આવા ઉલ્લંઘનોના ઘણા બધા કિસ્સા છે. ચાલો, આપણે શાળા પરિસરમાં બાળકના અધિકારોના હનનની વાત કરીએ.

આપણે સૌ એ વાત તો જાણીએ છીએ કે શાળા પરિસરમાં આવતું દરેક બાળક શાળાનું સૌથી મહત્ત્વનું અંગ છે અને દરેક બાળક જુદી જુદી સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક પશ્ચાદ્ ભૂમિકામાંથી આવે છે. નિશાળ એ સમાજનું એક નાનું સ્વરૂપ છે અને તેમાં પણ બધા પ્રકારની વિવિધતા જોવા મળે છે. આમ હોવા છતાં એક જ વર્ગના બધા વિદ્યાર્થીઓને એક જ પ્રકારના પાઠ્યપુસ્તકો ભણવાના હોય છે. એક જ પ્રકારની પ્રવૃત્તિઓ કરવાની હોય છે. એક જ પ્રકારના નિયમો અનુસરવાના હોય છે અને સિદ્ધિના ઊંચા શિખરો સર કરવાના હોય છે. શાળાની અપેક્ષાએ નિદર્શનમાં તેઓ નિષ્ફળ જાય તો તેમને ઘણી વખત શાળા દ્વારા સજા કરવામાં આવે છે,

શાળામાં કરાતી સજા વર્ગમાં ઊભા રહેવાથી માંડીને ત્રાસ દેવા સુધીની પણ હોઈ શકે છે. પ્રસાર માધ્યમો દ્વારા બાળકોને કરાતી વિવિધ પ્રકારની સજાઓ વહેતી કરાય છે અને તેમના અધિકારોના ઉલ્લંઘનનું વાયુ પ્રસારણ થાય છે. બાળકોને ડસ્ટર કે ફુટપટ્ટી મારીને સજા કરાય છે. ઘણી વખત તો હાથમાં આવેલ કોઈ પણ વસ્તુથી માર મારવામાં આવે છે. એવા પણ બનાવો છે કે બાળકોને બહાર તડકામાં ઊભા રાખ્યા હોય, દોડાવ્યા હોય કે ઊઠબેસ કરવા ફરજ પડાઈ હોય. સજારૂપે એવા પાઠો પણ લખાવવામાં આવે છે, જેનું કોઈ શૈક્ષણિક મૂલ્ય હોતું નથી. તેમના રમવાના

નોંધ

સમયે બાળકોને ભણવા બેસાડાય છે, બીજાની સામે તેમને માનસિક રીતે પરેશાન કરવામાં આવે છે. બાળકોને શિક્ષણનો અધિકાર હોવા છતાં શાળાઓમાં પૂરતા પ્રશિક્ષિત શિક્ષકોનો અભાવ હોય છે. શૌચાલયોની હાલત દયાજનક હોય છે અને પીવાના પાણીની પૂરતી સગવડ હોતી નથી. પ્રાથમિક શાળાના મોટા ભાગનાં બાળકોને વરસાદ હો કે ટાઢ, જમીન પર બેસવું પડે છે. ઘણા બાળકોની હાલત એવી પણ હોય છે કે શિક્ષક દ્વારા વપરાતી ભાષા તેમને માટે બિલકુલ અજાણ હોય.

શાળાસંકુલ ઘણી વખત સુખધામને બદલે શિક્ષાધામ બની જતું દેખાય છે. તેમાં બાળકની સુરક્ષા કે સલામતીની કોઈ બાંયધરી નથી. તમે આ વાસ્તવિકતાઓ સાથે સંમત થાઓ છો? બાળઅધિકારના આ ઉલ્લંઘનો શાળા પરિસરમાં છે?

તમારી શાળામાં બાળકોના અધિકારોનું ઉલ્લંઘન કઈ કઈ રીતે થાય છે? કોઈ પણ ત્રણ લખી જણાવો.

૧. ..................................................................

૨. ..................................................................

૩. ..................................................................

શું આવા કારણો થકી બાળકોને શાળા પ્રત્યે પ્રેમ જાગશે? શું શાળામાં આવવાનું તેમને ગમે છે કે તેનાથી દૂર ભાગે છે? શાળા છૂટતી વખતે ઘર સાંભરતાં જ બાળકો ખુશ કેમ થઈ જાય છે? તેઓ રજાની રાહ આતુરતાથી જોતા હોય એવું કેમ બને છે?

આપણને સૌને ખબર છે કે કોઈ શાળા બાળકને સજા ન કરી શકે. બાળઅધિકારોના સંરક્ષણ માટે કમિશનો અને નીતિઓ નિર્ધારિત કરવામાં આવેલ છે. તેમના વિશે હવે પછીના ખંડમાં અભ્યાસ કરીશું.

**તમારી પ્રગતિ ચકાસો - ૬**

૧. નીચેના જેવી પરિસ્થિતિઓ શાળામાં નિયમિતપણે જોવા મળે છે. તેમાંની કઈ કઈ પરિસ્થિતિઓ બાળઅધિકારોના ઉલ્લંઘનનો નિર્દેશ કરે છે? તેમની સામે ખરાની નિશાની કરો.

(ક) બધાં વિદ્યાર્થીઓ પોતાના વર્ગખંડો વાળીને સાફ કરે છે.

(ખ) કેટલાંક બાળકોને શિક્ષકે નાસ્તો કરી લીધા પછી તે જગ્યા સાફ કરવી પડે છે.

(ગ) મધ્યાહ્ન ભોજન દરમ્યાન સાતમા ધોરણનાં બાળકોને પ્રાથમિક વિભાગનાં બાળકોને પાણી પાવાનું કામ સોંપવામાં આવે છે.

(ઘ) દસમા ધોરણનાં બાળકો પ્રાથમિક કક્ષાનાં બાળકોની થાળી ધોવામાં મદદ કરે છે.

(ચ) પ્રાર્થના સભામાં મોડા આવતા વિદ્યાર્થીઓને શાળાના રાઉન્ડ લગાવવાનું કહેવામાં આવે છે.

(છ) બાળકો રમતનાં સાધનો વગર રમી રહ્યાં છે.

(જ) વૃક્ષારોપણ કરવા બાળકો શાળાસંકુલમાં ખાડા ખોદી રહ્યાં છે.

(ઝ) ફાતિમાને બુરખો પહેરવાની ના પાડવામાં આવે છે.

## ૧૩.૩.૩ બાળઅધિકારોનું રક્ષણઃ આયોગો તથા વૈધાનિક પ્રાવધાનો

આપણા દેશમાં NGO સહિત અનેક એજન્સીઓ છે કે જે બાળઅધિકારોના રક્ષણ માટે કામ કરી રહી છે. ભારત એક સમવાય તંત્ર ધરાવતો દેશ હોવાને કારણે બાળઅધિકાર સંરક્ષણ આયોગ-નેશનલ કમિશન ઓન પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ- (NCPCR) કેન્દ્ર કક્ષાએ તથા બાળઅધિકાર સંરક્ષણ રાજ્ય આયોગ (SCPCR) રાજ્ય કક્ષાએ કાર્યરત છે. આપણા બંધારણમાં પ્રતિબદ્ધ કરાયેલ બાળકોનાં અધિકારોનું નિયમન કરવા ૫ મી માર્ચ, ૨૦૦૭ ના રોજ NCPCR ની સ્થાપના કરાઈ. કાયદા સમક્ષ બધાં બાળકોની સમાનતા, ૬ થી ૧૪ વર્ષની વયનાં બધાં બાળકોનું નિઃશુલ્ક અને ફરજિયાત શિક્ષણ, બાળકોની ગેરકાયદેસર હેરફેર પર તથા દમનકારી મજૂરી પર પ્રતિબંધ તેમજ બાળમજૂરી પરનો પ્રતિબંધ તેમાં સમાવિષ્ટ છે.

ચાઈલ્ડ રાઈટ્સ એન્ડ યુ (CRY) બાળઅધિકાર માટે કામ કરતી એક જાણીતી NGO છે. આ સંસ્થા (UNCRC) દ્વારા વ્યાખ્યાયિત પાયાના ચાર અધિકારો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તેમાં બાળકોના અસ્તિત્વ, વિકાસ, સંરક્ષણ અને સહભાગિતાનો સમાવેશ થાય છે. તમારા કે તમારી પડોશના રાજ્યમાં કોઈ બિનસરકારી સંગઠનો છે કે જે બાળકોના અધિકારોની સુરક્ષા માટે કામ કરતા હોય? જે તે સંસ્થાએ કરેલ બાળઅધિકારની સુરક્ષા માટેનું એક ઉદાહરણ લઈ તેની માહિતી એકત્રિત કરો.

બાળકોના અધિકારોનો ઈનકાર ન થવો જોઈએ. એવા ઈનકારના કિસ્સામાં એવાં ઘણાં કાયદાકીય પ્રાવધાનો છે કે જે બાળકના બચાવમાં આવી શકે છે. (RTE) એક એવા કાયદો છે કે જે બાળકોના અધિકારોનું રક્ષણ કરે છે. તે અનુસાર કોઈ પણ બાળકને શારીરિક સજા કે માનસિક અસલામતીનો ભોગ ન બનવું પડે તે જોવું પડશે. દરેક બાળક એક માનવ છે અને બાળકો સાથે અમાનવીય વર્તન કરવું કે તેમને અપમાનિત કરવું તે વાજબી નથી, એટલે શાળાઓએ એ સમજવું પડશે કે બાળકોને કોઈ સજા કરે નહીં. પાયાની સુવિધાઓ, વિશિષ્ટ તાલીમ તથા ગુણાત્મક શિક્ષણની વ્યવસ્થા પણ શાળાઓએ કરવી પડશે. કેટલાંક રાજ્યોમાં બાળઅધિકારનું હનન થતું હોય તો લોકો પોતાની ફરિયાદ એક ફોનમાત્રથી રજિસ્ટર કરાવી શકે છે. તમારા રાજ્યમાં આવા કોઈ સેલ છે?

**તમારી પ્રગતિ ચકાસો -૭**

૧. ભારતના બંધારણ દ્વારા બાંયધરી અપાયેલા બાળઅધિકારોમાંનું એક તે છે. .............. નો નિષેધ.

૨. ૨૦૦૭ માં ભારત સરકારે બાળઅધિકારોના રક્ષણ માટે ............... ની સ્થાપના કરી.

૩. SCPCR નું પૂર્ણનામ ................. છે.

૪. UNCRC દ્વારા નીચેનામાંથી કયા અધિકારોનો ઉલ્લેખ કરાયો છે? તેમની ફરતે વર્તુળ દોરો. અસ્તિત્વ, ઉચ્ચ શિક્ષણ, સુરક્ષા, વિદેશ યાત્રા.

૫. કોઈ શાળા દ્વારા બાળકોને પરેશાન કે .............. કરવામાં નહીં આવે.

નોંધ

## ૧૩.૩.૪ બાળઅધિકારોના રક્ષણમાં શિક્ષકોની ભૂમિકા

આ પૂર્વેના પાઠ્યાંશમાં તમે જોઈ ગયા છો કે કેટલાક અધિકારો શાળા પરિસરમાં જ ઘણીવાર ઈન્કારવામાં આવે છે. એક શાળાતંત્રમાં શિક્ષક મહત્ત્વની વ્યક્તિ હોવા સાથે બાળક તેના સીધા સંપર્કમાં હોય છે અને બાળકના સર્વાંગી વિકાસમાં સક્રિય ભૂમિકા ભજવે છે. બાળકના અધિકારો શાળા પરિસરમાં જુદીજુદી રીતે સુનિશ્ચિત કરવાનું શક્ય છે. તેમાનાં કેટલાકની ચર્ચા નીચેના પરિચ્છેદોમાં કરી છે.

**બાળકના સ્વમાનનું સન્માન કરો.**

દરેક બાળક શાળાસંકુલનું એક અદ્વિતીય એકમ છે. CRC માં વિધાન છે કે બાળકના માનવીય સ્વમાનનું સન્માન થવું જોઈએ. શાળાનો હેતુ બાળકોને ઔપચારિક શિક્ષણ આપવાનો અને તેમનામાં સ્વશિસ્તનો વિકાસ થવા દેવાનો છે. આ લક્ષ પ્રાપ્ત કરવા શાળાઓ દ્વારા કરાતી પ્રક્રિયાનો CRC ના પ્રાવધાનો સાથે મેળ પડવો જોઈએ અને તેમાં બાળકના માનવીય સ્વમાનની સાથે કોઈ પણ જાતનું સમાધાન ન થવું જોઈએ.

શિસ્તની સ્થાપના માટે આપણે શિક્ષકોએ બાળકને શારીરિક સજા કરવાનું બંધ કરવું જોઈએ. એના બદલે અંદરથી શિસ્ત જાગે તેવું કરવું જોઈએ. આપણે એ બતાવવું જોઈએ કે આપણે બાળકનું ધ્યાન રાખીએ છીએ અને શાળામાં બંધાયેલ સંબંધનો દોર દરેક બાળક માટે મહત્ત્વનો છે. શિક્ષકની એવી બે વર્તણૂકો લખી જણાવો કે જેના થકી બાળકના સ્વમાનને શિક્ષક સન્માને છે તેની ખબર પડે.

૧. ....................................................................................

૨. ....................................................................................

**બાળકની સહભાગિતામાં વધારો કરો.**

શાળા પર્યાવરણ લોકશાહીયુક્ત રીતે સ્થપાય તેની જરૂરિયાત પર CRC ભાર મૂકે છે. તેમાં એવું વિધાન છે કે બાળકોને પોતાના મતની અભિવ્યક્તિની તક મળવી જોઈએ અને તેમને વજૂદ મળવું જોઈએ. શિક્ષકોએ એક લોકશાહીયુક્ત વાતવરણ સર્જવામાં અને વિદ્યાર્થીઓની સહભાગિતા વર્ગખંડની પ્રક્રિયાઓમાં વધે તે માટે ફાળો આપવો જોઈએ. આનાથી માનવ અધિકારની ખાતરી મળે છે, વિદ્યાર્થી લોકશાહીના મૂલ્યોને સમજે છે અને એક આંતરવ્યવહારયુક્ત શિક્ષણની પ્રક્રિયા માટેની પરિસ્થિતિનું સર્જન થાય છે. વિદ્યાર્થી સભા જેવાં બંધારણો બધી શાળા પ્રક્રિયાઓમાં સક્રિય રીતે લાગૂ કરવાં જોઈએ, જે વિદ્યાર્થીઓને માટે સીધા પ્રસ્તુત હોય. રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી તેમાંની એક છે. તમારી શાળામાં એવી કોઈ પણ બે પ્રવૃત્તિઓ બતાવો કે જેમાં બાળકોની સહભાગિતામાં વધારો કરી શકાય.

૧. ....................................................................................

૨. ....................................................................................

**એવા વાતાવરણનું સર્જન કરો જે ભય, માનસિક આઘાત તથા ચિંતાઓથી મુક્ત હોય.**

*ઘણી નિશાળોમાં બાળકો કેટલાક શિક્ષકથી કેટલાક વિષયોથી અને કેટલીક પ્રવૃત્તિઓથી ડરતા હોય છે. કસોટીઓ તથા પરીક્ષાઓમાં તેમની ચિંતાઓનું સ્તર ખૂબ ઊંચું હોય છે. બધી શાળાઓ સામાન્ય રીતે એકસરખી કસોટીઓ બાળકોને આપે છે. જોવાની વાત એ છે કે તેમના સિદ્ધિ સ્તરોમાં ભેદ હોવા છતાં આવું જોવા મળે છે. આનાથી બાળકોમાં એક ચિંતાનું સ્તર વધતું જોવા મળે છે કારણ કે તેઓ સારી રીતે તૈયારી કરી શકતા નથી. કસોટી તથા મૂલ્યાંકન પદ્ધતિઓ તેમની જરૂરિયાતોને લક્ષમાં લઈને કરવામાં આવે તથા વૈયક્તિક તફાવતોનું સન્માન કરીને કસોટી આપવામાં આવે તો તેનાથી આપણે એક રાહતનું વાતાવરણ સર્જી શકીએ.*

*તમારી શાળાનાં બાળકોની ચિંતાનું સ્તર ઉચ્ચ સપાટી પર ક્યારે જોવા મળે છે?*

..........................................................................

..........................................................................

*તેમની આવી ચિંતાને ઘટાડવા માટેનાં કોઈ પણ બે ઉપાયો લખી જણાવો.*

૧. ..........................................................................

૨. ..........................................................................

**લિંગભેદરહિત સમાનતા વાળું વલણ બતાવો.**

*લિંગાનુંવર્તી સમાનતા તે પ્રત્યેક બાળકનો અધિકાર છે. શાળાએ છોકરા અને છોકરીઓ બન્ને સાથે સમાન રીતે વ્યવહાર કરવો જોઈએ. જવાબદારીઓની વહેંચણીમાં લિંગલક્ષી રૂઢ માનસિક્તાઓ (એવી ભૂમિકાઓ જે લિંગાનુવર્તી છે અને સદીઓથી ચાલતી આવેલ છે. ઉ.ત. કચરો વાળવાનું કામ તો છોકરીઓ જ કરે, બેન્ચો ઉપાડવાનું કામ તો છોકરા જ કરે ) ખાસ કરીને ટાળવી જોઈએ.*

*જરૂર લાગે ત્યાં ત્યાં એવો સકારાત્મક વિવેકશક્તિનો ઉપયોગ કરવો. કેટલીક સગવડો તથા વિશેષાધિકાર તથા વંચિત જૂથોને પહોંચાડી શકાય તેમ થવું જોઈએ. ઉ.ત. નિશાળમાં છોકરીઓ માટે કન્યાકક્ષ બનાવવો.*

*આના સિવાય છોકરાઓ અને છોકરીઓ માટે નિશાળમાં બીજું શું અલાયદું બનાવવાની જરૂર છે?*

..........................................................................

*બાળઅધિકારોના રક્ષણ માટે શિક્ષકે અનુસરવાની કેટલીક રીતોની ચર્ચા આપણે અત્યાર સુધી કરી. તમને એવી બીજી કઈ રીતો લાગે છે કે એક શિક્ષક તરીકે તમે બાળકોને તેમના અધિકારોની ખાતરી કરાવી શકો? ગમે તે પાંચ લખો.*

૧. ..........................................................................

૨. ..........................................................................



નોંધ

૩. ..................................................................

૪. ..................................................................

૫. ..................................................................

આમ નિશાળમાં બાળકોના અધિકારોના રક્ષણમાં શિક્ષકે સાધનરૂપ બનવાનું છે. આનાથી બાળક માટે નિશાળે આવવું આનંદરૂપ બને છે એટલું જ નહીં, તેના સર્વાંગી વિકાસમાં પણ અનેરો ફાળો આપે છે.

**તમારી પ્રગતિ ચકાસો - ૮**

સાચા જવાબની સામે ખરાની નિશાની કરો.

૧. બાળકના અધિકારોના રક્ષણની આવશ્યકતા છે કારણ કે

- લોકો તેમના અધિકારો વિશે જાગૃત નથી.
- તે લોકોને પોતાના હક્કો બજાવતાં આવડતું નથી.
- તેઓ વડીલોનું કહ્યું કરે છે.
- તેઓ અપરિપક્વ છે.

૨. નીચેનામાંથી કઈ વાત બાળકના અધિકારોના સંરક્ષણ સાથે ઉપયુક્ત નથી?

- બાળકોની સહભાગિતાને ઉત્તેજન આપવું.
- ફુરસદના સમયમાં ભણાવવું.
- બાળકને મુક્ત રીતે બોલવા દેવું.
- વૈયક્તિક ભેદોનું સન્માન કરવું.

૩. નીચે દર્શાવેલ વ્યવહારોમાંથી ક્યા વ્યવહારો એવા છે જેનાથી શિક્ષક બાળઅધિકારોનું સન્માન કરે છે તેનું નિદર્શન થાય છે? ખરાની નિશાની કરો.

- વિદ્યાર્થીકેન્દ્રી અભિગમ.
- ઓછાં ગુણ લાવનારને શાળા છોડવાનું કહી દેવું.
- બાળકની જરૂરિયાતોને સમજીને પૂરી પાડવી.
- પરીક્ષાનું જડ સમયપત્રક.
- રમતનાં સાધનો પૂરાં પાડવાં.
- માંદા બાળકને દવા લેવા માર્ગદર્શન પૂરું પાડવું.
- દિવ્યાંગ બાળકોને સ્પેશિયલ સ્કૂલમાં જવાની સલાહ આપવી.

નોંધ

## ૧૩.૪ ઉપસંહાર

આ એકમમાં તમે અધિકારો અને બાળઅધિકારોના વિવિધ પાસાનો અભ્યાસ કર્યો. તમે જાણો છો કે વ્યક્તિના તેમજ સમાજના ભલા માટે અધિકારો જરૂરી છે. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા એક આંતરરાષ્ટ્રીય સંગઠનની રૂએ વિશ્વના લોકોને અધિકારો આપવાના અનેક પ્રયત્નો કરાયા છે. તેણે લીધેલા અનેક પગલાંમાં ૧૯૪૮ નું માનવઅધિકાર ઘોષણાપત્ર એક મુખ્ય પગલું છે તેણે લોકોના અધિકારોનું સન્માન કરતાં કર્યા છે તથા તેમના અમલીકરણની પરિસ્થિતિ સર્જતા કર્યા છે. બાળઅધિકારોની વાત ભલે ન હોય પણ વિશ્વના લોકોની દયનીય સ્થિતિ જોઈને સંયુક્ત રાષ્ટ્રને બાળઅધિકારો પર ભાર મૂકવાની આવશ્યકતાનો અહેસાસ થયો. એટલે ૧૯૮૯ માં સંયુક્ત રાષ્ટ્ર બાળઅધિકાર કન્વેન્શનનું આયોજન થયું અને તેમના દેશોમાં CRC માં નિર્દેશિત બાળઅધિકારોને સન્માન આપવાનું સૌ સભ્યદેશો માટે ફરજિયાત બનાવાયું.

ભારત પણ એક સભ્ય દેશ હોવાથી સંયુક્ત રાષ્ટ્રના ઉપર્યુક્ત પ્રયત્નોના અમલરૂપે ભૂમિના પ્રત્યેક બાળકને બાળપણ માણવા મળે અને બાળમજૂરી નાબૂદ થાય તે દિશામાં તે પ્રયત્નશીલ છે. તેમની સિદ્ધિ માટે ઘણાં કાર્યક્રમો તથા નીતિઓ અમલમાં લાવવામાં આવી છે. ૨૦૦૯ નો નિઃશુલ્ક તથા ફરજિયાત શિક્ષણનો બાળઅધિકાર ધારો તે દિશાનું એક સકારાત્મક કદમ છે એટલે એક શિક્ષક તરીકે નિશાળમાં એક બાળકપ્રેમી પર્યાવરણનું સર્જન કરીએ અને બાળક માટે નિશાળે આવવાનું આનંદરૂપ બનાવીએ. આ આપણી જવાબદારી છે.

## ૧૩.૫ તમારી પ્રગતિ ચકાસો- ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો-૧

૧. નીચે કેટલાંક વિધાન આપેલાં છે. એવાં વિધાનની સામે ખરાની નિશાની કરો જેમાં અધિકારોના લક્ષણનું વર્ણન હોય.

આ હક્કો લોકોની માલિકીના છે.

લોકો તેમના હક્કોના રક્ષણની માંગણી કરી શકે છે.

૨. ખાલી જગ્યા પૂરો.

(અ) લોકો, નાગરિકો

(બ) Universal Declaration of Human Rights

(ક) ૧૦ મી ડિસેમ્બર

(ડ) માનવ અધિકારોના રક્ષણ માટેનું રાજ્ય કમિશન (સ્ટેટ કમિશન ઓન પ્રોટેક્શન ઓફ હ્યુમન રાઈટ્સ



નોંધ



**તમારી પ્રગતિ ચકાસો- ૨**

૧. નીચેના વિધાનો સાચા છે કે ખોટા જણાવો. સાચા સામે T અને ખોટા સામે F લખો.

ક. T

ખ. F

ગ. F

ઘ. T

ચ. T

૨. નીચાનામાંથી કયા અધિકારો બાળકોના છે. સામે ટીક કરો.

(અ) થોડો ફુરસદનો સમય મળવો.

(બ) કુટુંબ સાથે રહેવું.

(ક) શોષણખોરી સામે રક્ષણ.

(ડ) શિક્ષણ મેળવવું.

**તમારી પ્રગતિ ચકાસો- ૩**

ખાલી જગ્યા પૂરો.

(અ) માનવ અધિકાર

(બ) ૧૯૯૦

(ક) બાળકના અધિકારો ક્યા છે

(ડ) UNESCO અને UNICEF

**તમારી પ્રગતિ ચકાસો- ૪**

ખાલી જગ્યા પૂરો.

(અ) ૧ એપ્રિલ, ૨૦૧૦

(બ) નિ:શુલ્ક અને ફરજિયાત

(ક) ૫ થી ૧૪ વર્ષ

(ડ) બાળકેન્દ્રી શિક્ષણ

**તમારી પ્રગતિ ચકાસો- ૫**

૧. બાળમજૂરી સામેનો અધિકાર

૨. Inwrmant Programme for the Elinination of Child Labour *(બાળમજૂરી નાબૂદી માટેનો આંતરરાષ્ટ્રીય કાર્યક્રમ)*

૩. ૧૯૮૭ માં એક બાળમજૂરી પર રાષ્ટ્રીયનીતિનું ગઠન થયું હતું.

**તમારી પ્રગતિ ચકાસો- ૬**

1. ખ, ચ, છ, ઝ

**તમારી પ્રગતિ ચકાસો- ૭**

૧. બાળમજૂરી

૨. નેશનલ કમિશન ઓન પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ- બાળઅધિકારના રક્ષણ માટેનું રાષ્ટ્રીય આયોગ.

૩. બાળઅધિકારોના રક્ષણ માટેનું રાજ્ય આયોગ.

૪. વર્તુલિત સાચા જવાબો : અસ્તિત્વ, ઉચ્ચ શિક્ષણ, રક્ષણ, વિદેશ પ્રવાસ.

૫. સજા કે પરેશાન કરાય.

**તમારી પ્રગતિ ચકાસો-૮**

૧. તેઓ અપરિપક્વ છે.

૨. ફુરસદના સમયમાં ભણાવવું.

૩. વિદ્યાર્થીકેન્દ્રી અભિગમ

વ્યક્તિની જરૂરિયાતો પૂરી પાડવી

રમતનાં સાધનો પૂરાં પાડવાં

માંદા બાળકને આરોગ્ય સારવાર માટે માર્ગદર્શન આપવું.

## ૧૩.૬ સંદર્ભસૂચિ

Dev Arjun, Dev Indira and Das Supta (1996). Human Rights- A Source Book. New Delhi. NCERT

નોંધ

NPE (1986). National Policy on Education. New Delhi. MHRD. Rao, DigumartiBhaskara (2011). Right to Education. Hyderabad. Neelkamal Publications Pvt. Ltd.

Gazette (2009) The Gazette of India. New Delhi. Authority. 27th August.

## ૧૩.૭ સ્વાધ્યાય

૧. માનવ અધિકારો આપણા માટે શા માટે મહત્ત્વના છે?

૨. તમારી શાળામાં માનવ અધિકાર દિવસની ઉજવણી તમે કેવી રીતે કરશો?

૩. શાળામાં બાળ અધિકારના હનનનું એક ઉદાહરણ લો. બાળકના અધિકારને બચાવવા તમે શું કરી શક્યા હોત તે સમજાવો.

૪. એવા કેટલાંક બાળમજૂરોની મુલાકાત લો અને નિશાળે ન આવવાના કારણો શોધી કાઢવાનો પ્રયત્ન કરો. આવાં બાળકો માટે નિશાળ શું કરી શકે?

૫. બાળકોને તેમના અધિકારો પહોંચાડવા સંયુક્ત રાષ્ટ્ર દ્વારા કેવા પ્રયત્નો કરાયા છે?

૬. એવા કોઈ પણ બે અધિકારો લખી જણાવો જે બાળકોને શાળામાં આપવા જ જોઈએ. બાળકોને તેમના અધિકારો ભોગવવા દેવા માટેના પર્યાવરણના સર્જનમાં તમે શો ફાળો આપશો?

૭. બાળક માટે નિશાળમાં આવવું આનંદમય બની જાય તે માટે શિક્ષકની કેવી ભૂમિકા હોવી જોઈએ તેની ચર્ચા કરો.

૮. સહશિક્ષણની શાળામાં છોકરા અને છોકરીઓને એક સમાન સન્માન મળે તે માટે તમે કેવા કાર્યક્રમો યોજશો તે લખી જણાવો.

૯. બાળઅધિકારોના સંરક્ષણ અંગે RTE ACT ૨૦૦૯ શું કહે છે?

૧૦. દરેક રાજ્યમાં બાળઅધિકારના રાજ્યકમિશનના ગઠનની શી આવશ્યકતા છે?